# સંયુક્ત રાષ્ટ્ર વિકલાંગતા ધરાવતી વ્યક્તિના અધિકાર અંગેના ઠરાવને ચરિતાર્થ કરવો: સમાવેશી રીતોમાંથી પદાર્થપાઠ

## શિક્ષણ અને રોજગારી ક્ષેત્રના કેસ સ્ટડીઝ

उन्नति
UNNATI
Organisation for Development Education

Cordaid

ઉન્નતિ: જુલાઈ 2011
'સંયુક્ત રાષ્ટ્ર વિકલાંગતા ધરાવતી વ્યક્તિના અધિકાર અંગેના ઠરાવને ચરિતાર્થ કરવોઃ સમાવેશી રીતોમાંથી પદાર્થપાઠ'

**ઉન્નતિ વિકાસ શિક્ષણ સંગઠન**
જી-1/200, આઝાદ સોસાયટી, અમદાવાદ-380 015
ફોન: 91-79-2674 6145, 2673 3296
ઈમેલ: sie@unnati.org

**ઋણસ્વીકાર**
આ સંશોધન અભ્યાસ ડો. વનમાલા હીરાનંદાની (તાતા ઈન્સ્ટિટ્યુટ ઓફ સોશ્યલ સાયન્સિસ, મુંબઈ), શ્રી અરૂણ કુમાર (સ્વતંત્ર કન્સલ્ટન્ટ) અને દીપા સોનપાલ (ઉન્નતિ) દ્વારા હાથ ધરવામાં આવ્યો હતો.

આ અભ્યાસમાં સહભાગી સંગઠનો આ મુજબ છેઃ એબલ્ડ ડિસેબલ્ડ ઓલ પીપલ ટુગેધર (એડેપ્ટ, અગાઉની સ્પાસ્ટિક્સ સોસાયટી ઓફ ઈન્ડિયા), મુંબઈ, ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (બીપીસીએલ), મુંબઈ, અંધજન મંડળ, અમદાવાદ અને માઈક્રોસાઈન પ્રોડક્ટ્સ, ભાવનગર.

આ દસ્તાવેજને ડિઝાઈન આપવાનું કાર્ય શ્રી તરૂણદીપ ગિરધર (નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ડિઝાઈન), અમદાવાદ દ્વારા કરવામાં આવ્યું છે. તેનો ગુજરાતીમાં અનુવાદ શ્રી હેમન્તકુમાર શાહ દ્વારા કરવામાં આવ્યો છે. તેના લે-આઉટ અને ટાઈપ સેટિંગનું કાર્ય શ્રી હિતેશ ગોળકિયા (ઉન્નતિ) અને શ્રી હિતેશ દવે (સ્વતંત્ર કન્સલ્ટન્ટ) દ્વારા કરવામાં આવ્યું છે. સારાંશનું બ્રેઈલ લિપિમાં રૂપાંતર અમદાવાદના અંધજન મંડળના ટેકાથી થયું છે. સંપૂર્ણ દસ્તાવેજનું ડાઈસી ફોર્મેટમાં શ્રાવ્ય રૂપાંતર અંધજન મંડળના ટેકાથી કરવામાં આવ્યું છે. તેમાં અંગ્રેજીમાં સુશ્રી શીજા કુમારને અને ગુજરાતીમાં શ્રી હેમન્તકુમાર શાહે સ્વર આપ્યો છે. આ અહેવાલનું મુદ્રણકામ અમદાવાદના તુષાર ઝેરોક્ષ દ્વારા કરવામાં આવ્યું છે.

આ સંશોધન અભ્યાસ નેધરલેન્ડ્ઝની કોર્ડએઈડના નાણાકીય ટેકા દ્વારા કરવામાં આવ્યો છે.

**અસ્વીકાર:**
'સંયુક્ત રાષ્ટ્ર વિકલાંગતા ધરાવતી વ્યક્તિના અધિકાર અંગેના ઠરાવને ચરિતાર્થ કરવોઃ સમાવેશી રીતોમાંથી પદાર્થપાઠ' નામનો આ અહેવાલ વિકલાંગતાના પ્રશ્નને મુખ્ય પ્રવાહમાં લાવવા માટે સમાવેશી રીતોના દસ્તાવેજીકરણ અને પ્રચાર-પ્રસારને પ્રોત્સાહન આપવાના હેતુથી તૈયાર કરવામાં આવ્યો છે. અહીં જે રીતોનું દસ્તાવેજીકરણ કરવામાં આવ્યું છે તેમને સમાવેશી રીતોનાં ઉદાહરણ તરીકે જોવાનાં છે. બીજાઓ આ પ્રકારની રીતો અપનાવવા માટે પ્રોત્સાહિત થાય તેવા એક માત્ર હેતુથી આ અહેવાલ લખવામાં આવ્યો છે. કોઈ પણ રીતના મૂલ્યાંકન તરીકે આ અહેવાલને જોવાનો નથી. આ કાર્યલક્ષી સંશોધન દરમ્યાન જે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓની મુલાકાત લેવામાં આવી હતી તેમની ઓળખના રક્ષણ માટે નામો બદલવામાં આવ્યાં છે.

# અનુક્રમ


5 સારાંશ

15 પ્રસ્તાવના

27 અભ્યાસના હેતુઓ

29 સંશોધનનો અભિગમ

39 કેસ સ્ટડીઝ - શિક્ષણ
53 કેસ સ્ટડીઝ - રોજગારી

69 ભાવિ દિશા

73 સંદર્ભ

77 સમાવેશના વિષય માટે વધુ સંદર્ભો

78 પરિશિષ્ટ
સંયુક્ત રાષ્ટ્રો વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના
અધિકારો અંગેનો ઠરાવઃ કેટલીક વિગતો

**'સંયુક્ત રાષ્ટ્ર વિકલાંગતા ધરાવતી વ્યક્તિના અધિકાર અંગેના ઠરાવને ચરિતાર્થ કરવોઃ સમાવેશી રીતોમાંથી પદાર્થપાઠ'**
શિક્ષણ અને રોજગારી ક્ષેત્રના કેસ સ્ટડીઝ (પ્રાયોગિક ધોરણે થયેલું કાર્યલક્ષી સંશોધન)

# સારાંશ

### પ્રસ્તાવના

વૃદ્ધોની સંખ્યા વધતી જતી હોવાને લીધે અને આરોગ્યની પરિસ્થિતિ વણસતી જતી હોવાને લીધે દુનિયાભરમાં વિકલાંગતાનું પ્રમાણ વધી રહ્યું છે. વિશ્વ આરોગ્ય સંસ્થા (ડબ્લ્યૂએચઓ) દ્વારા તા.09-06-2011ના રોજ જારી કરાયેલા વર્લ્ડ રિપોર્ટ ઓન ડિસેબિલિટીમાં જણાવાયા અનુસાર દુનિયામાં 100 કરોડ લોકો એટલે કે 15 ટકા કરતાં વધારે વસ્તી વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓની છે અને તે અનેક પ્રકારના વ્યાપક સીમાન્તીકરણનો ભોગ બને છે. વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ વિકલાંગતા ન ધરાવતી વ્યક્તિઓ કરતાં વધારે અસહાય અને ગરીબ હોય છે. લગભગ 80 ટકા વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ વિકસતા દેશોમાં વસે છે. ભારતમાં અગાઉ ચાર કાયદા થયા હતા, પણ વિકલાંગતા ધરાવતી વ્યક્તિ ધારા-1995 તદ્દન નવી જ ભૂમિકા પર ઘડાયો. તેમાં અનેક પ્રકારની વિકલાંગતાને સ્વીકારવામાં આવી અને તેમાં વિકલાંગ વ્યક્તિઓનાં શિક્ષણ, રોજગારી, અવરોધમુક્ત પર્યાવરણનું સર્જન અને સામાજિક સલામતી માટે જોગવાઈઓ કરવામાં આવી. સામાજિક વલણો ઉપર ધ્યાન રાખીને આ કાયદો સશક્તિકરણના દર્શન ઉપર આધાર રાખે છે તેમ છતાં હજુ પણ તે શારીરિક અને બોધાત્મક ક્ષતિઓની તબીબી વ્યાખ્યાઓ ઉપર આધારિત છે. આ કાયદો ભેદભાવના વિરોધ અને માનવ અધિકારોના મજબૂત અભિગમ સાથે ઘડાયો નથી. આમ, ભારતમાં વિકલાંગોના અધિકારોના આંદોલનની ચર્ચા એવા સામાજિક મોડેલ પર આગળ વધી છે કે જેમાં વિકલાંગતા ઊભી કરવામાં સામાજિક-આર્થિક, પર્યાવરણીય અને માળખાગત પરિબળોની ભૂમિકા સ્વીકારવામાં આવી છે. તેમ છતાં, નીતિવિષયક પર્યાવરણ મહદંશે તબીબી દરમ્યાનગીરી ઉપર જ ધ્યાન કેન્દ્રિત કરનારું છે અને તેમાં 'રોગ' અથવા 'સમસ્યા'ના નિવારણ માટે સારવાર અને પુનર્વસન ઉપર ધ્યાન કેન્દ્રિત કરાયું છે. ભારતમાં વિકલાંગતા ધરાવતાં સ્ત્રીઓ, પુરુષો અને બાળકો ગરીબી, અવહેલના અને અસમાનતાનો અનુભવ રોજેરોજ કરે છે.

તેથી ભારતે તા.1-10-2007ના રોજ સંયુક્ત રાષ્ટ્રોના વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અધિકાર અંગેના ઠરાવ (યુએનસીઆરપીડી)ને માન્ય રાખ્યો છે એ એક આનંદદાયક બીના છે. તેમાં વિકલાંગતા વિશેના ખ્યાલમાં માળખાગત પરિવર્તન આવ્યું છે. તેમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને સખાવત, તબીબી સારવાર અને સામાજિક રક્ષણની વસ્તુ જ ન સમજવાની બાબતની માંગ કરાઈ છે. વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને અધિકારો ધરાવતા માણસો તરીકે તેમાં સ્વીકારવામાં આવ્યા છે. તેઓ તેમના અધિકારો અંગે દાવો કરી શકે છે અને સમાજના સક્રિય સભ્યો તરીકે તેમના જીવન વિશે નિર્ણયો લઈ શકે છે એ બાબત તેમાં સ્વીકારવામાં આવી છે. આ ઠરાવને માન્ય રાખનારા આરંભના દેશોમાં ભારતનો સમાવેશ થાય છે. પરંતુ તેની જોગવાઈઓ અનુસાર વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અધિકારોના રક્ષણ માટે અને તેમને પ્રોત્સાહન આપવા માટે ખૂબ જ ઓછું કાર્ય ભારતમાં થયું છે.

ઉપરાંત, આ ઠરાવને ચરિતાર્થ કરવા માટે થયેલા પ્રયાસોનું મૂલ્યાંકન કરવા માટે પણ મર્યાદિત પ્રયત્નો જ થયા છે, સિવાય કે, ભારતના કાયદાઓમાં તદનુસાર સુધારા થયા. જો કે, કાયદામાં ફેરફાર કરવો એ આ ઠરાવને ધરતી પર ઉતારવા માટે પર્યાપ્ત નથી. દેશના કાયદા તેને અનુસાર હોય તેનો અર્થ માત્ર એટલો જ છે કે ભારતમાં રાજ્ય તેની કાનૂની જરૂરિયાત કાગળ ઉપર પૂરી કરે છે અને કાગળ ઉપર જ પ્રતિબદ્ધતા વ્યક્ત કરે છે. વિકલાંગતા સંબંધી અગાઉના કાયદાઓનો અનુભવ એમ દર્શાવે છે કે કાયદાનો ખરેખર અમલ જ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના સશક્તિકરણ માટે મહત્ત્વનો છે.

આ ઠરાવના કેન્દ્રીય સિદ્ધાંતોનો હેતુ 'વિકલાંગતા ધરાવતી તમામ વ્યક્તિઓ તમામ માનવ અધિકારો અને મૂળભૂત સ્વાતંત્ર્યો સંપૂર્ણ અને સમાન રીતે ભોગવે તેને પ્રોત્સાહન આપવું, તેમનું રક્ષણ કરવું અને તે સુનિશ્ચિત કરવું' છે, અને 'તેમના ગૌરવ માટે તેમના સન્માનને પ્રોત્સાહન આપવાનું છે.' આ ઠરાવની કલમ-24 વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના સમાવેશી શિક્ષણના અધિકારને સ્વીકારે છે. આ શિક્ષણ તમામ સ્તરે ભેદભાવવિહીન હોય અને સમાન તકો સહિતનું હોય. તેમાં જીવનભર ચાલતા ભણતરનો પણ સમાવેશ થઈ જાય. આ ઠરાવની કલમ-27 વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અન્ય લોકો સાથે સમાન ધોરણે રોજગારી પ્રાપ્ત કરવાના અધિકારને સમર્થન આપે છે. ખુલ્લા અને સમાવેશી શ્રમ બજારમાં મુક્ત રીતે પસંદ કરાયેલા કે સ્વીકારાયેલા કામ દ્વારા ન્યાયી અને વાજબી પરિસ્થિતિમાં જીવનનિર્વાહ મેળવવાના અધિકારને તે સમર્થન આપે છે. શિક્ષણ અને રોજગારીનાં ક્ષેત્રોમાં આ ઠરાવના સિદ્ધાંતો ચરિતાર્થ કરવા ઉપર ખૂબ જ ઓછું ધ્યાન અપાયું છે. તેથી વર્તમાન પરિસ્થિતિમાં સ્થાનિક અને નવતર ઢબે જે પ્રયાસો થયા હોય તેમાંથી શીખ મેળવવાનું અને તેમનું દસ્તાવેજીકરણ કરવાનું આ ઠરાવના સિદ્ધાંતોને ચરિતાર્થ કરવા માટે મહત્ત્વનું છે.

## પરિયોજના

આ ઠરાવની જોગવાઈઓ અને મૂલ્યોને મહિલાઓના દૃષ્ટિકોણથી જોવાની તાતી જરૂરિયાતના સંદર્ભમાં ઉન્નતિ વિકાસ શિક્ષણ સંગઠન દ્વારા તાજેતરમાં એક કાર્યલક્ષી સંશોધન હાથ ધરાયું. તેનું શીર્ષક છેઃ "સારા પ્રયોગોનું એકત્રીકરણ અને દસ્તાવેજીકરણઃ યુએનસીઆરપીડીની શિક્ષણ અને રોજગારી વિશેની કલમો વ્યવહારમાં સિદ્ધ કરવા તરફ પ્રયાણ". આ કાર્યલક્ષી સંશોધનનાં મુખ્ય ધ્યેયો નીચે મુજબ છેઃ એવા નવતર સમાવેશી પ્રયોગોનું દસ્તાવેજીકરણ કરવું કે જેની વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના જીવન ઉપર વિધાયક અસર પડી હોય, અને એમને વ્યાપક સ્તરે અપનાવાય તે માટે જરૂરી જ્ઞાનલક્ષી સંસાધનો પૂરાં પાડવાં. આ પરિયોજનામાં એવા વિચારો અને પ્રયોગોને સમજવા માટે નીચેથી ઉપરનો અભિગમ અપનાવાયો કે જેમને સ્થાનિક સ્તરે સ્વીકારવામાં આવ્યા હોય અને અપનાવાયા હોય અને આ ઠરાવની શિક્ષણ, કામ અને રોજગારી અંગેની કલમોના અમલ માટે નક્કર ભલામણો કરવાનો અભિગમ પણ તેમાં રખાયો છે. આ કાર્યલક્ષી સંશોધનના નિશ્ચિત હેતુઓ નીચે મુજબના છેઃ

1) આ ઠરાવના હેતુઓ, સિદ્ધાંતો અને સંબંધિત જોગવાઈઓના સંદર્ભમાં વિકલાંગતા સાથે સંલગ્ન કાર્યક્રમોનાં સ્વરૂપ, વિગતો અને પરિણામોને તપાસવાં.
2) વર્તમાનમાં ચાલુ કાર્યક્રમોમાં આ ઠરાવનું સંકલન થાય તે માટેનાં પ્રયોગો અને સંસાધનોને ઓળખવાં.
3) સંવાદ અને પ્રચાર-પ્રસાર દ્વારા લોકશિક્ષણ કરીને વ્યાપક રસ ઊભો કરવો. શિક્ષણ અને કામ કે રોજગારીનાં ક્ષેત્રો વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના સામાજિક અને નાણાકીય સમાવેશ માટે મહત્ત્વનું છે તેથી તે પસંદ કરાયાં છે અને તેમાં મહિલાઓના સશક્તિકરણ અને પહોંચક્ષમતાના મુદ્દા પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરાયું છે.

કેસ સ્ટડીનો અભિગમ ઉપયોગમાં લઈને પ્રથમ તબક્કામાં સંભવિત સહભાગીઓને ઓળખવામાં આવ્યા કે જેમણે શિક્ષણ અને રોજગારીનાં ક્ષેત્રોમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ સાથે સમાવેશી પ્રયોગો આદર્યા હતા. વ્યાપક પ્રતિનિધિત્વ સુનિશ્ચિત કરવા માટે અમે ખાનગી અને જાહેર ક્ષેત્રોમાંથી સહભાગીઓની પસંદગી કરી અને વિકાસલક્ષી સંગઠનોમાંથી તથા ખાસ કરીને વિકલાંગ વ્યક્તિઓના સંગઠનોમાંથી પસંદગી કરી. પ્રયોગના તબક્કામાં રોજગારી વિશે ચાર સંગઠનોના કાર્યક્રમો અને પ્રયોગોની પસંદગી કરવામાં આવી. જાહેર અને ખાનગી ક્ષેત્રમાંથી એક-એક સંગઠનની અને નાગરિક સમાજનાં સંગઠનોમાંથી બે સંગઠનોની પસંદગી કરવામાં આવી. એ જ રીતે, ત્રણ શૈક્ષણિક કાર્યક્રમોનો સમાવેશ કરવામાં આવ્યો. એક કાર્યક્રમ સર્વ શિક્ષા અભિયાન છે કે જે સરકાર દ્વારા પ્રેરિત છે અને દેશમાં પ્રાથમિક શિક્ષણને સાર્વત્રિક બનાવવાનો ઉદ્દેશ

ધરાવે છે. બીજા બે પ્રયાસો નાગરિક સમાજનાં સંગઠનો દ્વારા ચાલતા સમાવેશી શિક્ષણ અંગેના છે. આ કાર્યક્રમો અને પ્રયોગો સંયુક્ત રાષ્ટ્રોના ઠરાવ અગાઉના છે, પરંતુ તેના અનુભવો મહત્ત્વના પદાર્થપાઠ શિખવાડે છે અને ભવિષ્યમાં આવનારા પડકારો વિશે તે માહિતી આપે છે. સંયુક્ત રાષ્ટ્રોના ઠરાવના માર્ગદર્શક સિદ્ધાંતોને આધારે સમાવેશી પ્રયોગોની પસંદગી કરવામાં આવી હતી. આ કાર્યલક્ષી સંશોધનમાં જે પદ્ધતિ અપનાવવામાં આવી તેમાં આ બાબતોનો સમાવેશ થાય છેઃ

1) સઘન મુલાકાતો, જૂથ ચર્ચાઓ, અનૌપચારિક વાતચીત અને અવલોકનો દ્વારા પ્રાથમિક માહિતી ભેગી કરવી.
2) નાગરિક સમાજનાં સંગઠનોનાં વાર્ષિક અહેવાલો, પરિપત્રો અને પ્રાપ્ય પ્રકાશનો સહિતની દ્વૈતિક માહિતીનું વિશ્લેષણ કરવું.

આ દસ્તાવેજમાં આ કેસ સ્ટડીઝમાંથી પ્રાપ્ત થતાં તારણો એકત્ર કરવામાં આવ્યાં છે અને તે તેમની સમાવેશી રીતોનું સંયોજન પૂરું પાડે છે. વળી, તેમાં ભવિષ્ય માટેની દિશાનાં બિંદુઓ પ્રાપ્ત થઈ શકે છે કે જેમના વિશે વધુ ચર્ચા પણ થઈ શકે. આ દસ્તાવેજનો મહત્ત્વનો હેતુ સમાવેશી પ્રયોગોના વ્યાપક પ્રચાર-પ્રસારનો છે અને તે આસાનીથી સમજી શકાય તે રીતે રજૂ કરવાનો છે. ઉપરાંત, વિવિધ સંસ્થાઓ સાથે આ વિષય વિશે સંવાદ ઊભો કરવાનો છે કે જેથી શૈક્ષણિક હેતુ બર આવે. સમાવેશને પ્રોત્સાહન આપતાં વર્તમાન કાર્યક્રમો અને રીતો રજૂ કરવા, તેના વિશે ચર્ચા કરવા અને તેમાંથી કંઈક શીખવા માટે પ્રાદેશિક પરામર્શ સભા યોજવામાં આવી રહી છે. આ પરામર્શ સભામાં વિકલાંગતા ક્ષેત્રે કામ કરતા કર્મશીલો, પ્રયોગવીરો, કંપનીઓના માલિકો, વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ, દાતાઓ અને વિદ્વદ્જનો સંવાદ સાધે તે માટે મંચ પૂરો પાડવાનો હેતુ રાખવામાં આવ્યો છે.

## મહત્ત્વનાં તારણો

શિક્ષણ અને રોજગારી ક્ષેત્રે સમાવેશી પ્રયોગોના જે મહત્ત્વના અનુભવો રહ્યા છે તેનો સારાંશ નીચે આપવામાં આવ્યો છેઃ

### 1) શિક્ષણ

એબલ્ડ ડિસેબલ્ડ ઓલ પીપલ ટુગેધર (એડેપ્ટ), મુંબઈ સંસ્થા અગાઉ સ્પાસ્ટિક્સ સોસાયટી ઓફ ઈન્ડિયા તરીકે જાણીતી હતી. તે સર્વગ્રાહી શૈક્ષણિક કાર્યક્રમો ચલાવે છે. તેમાં વિકલાંગતા ધરાવતાં કે ન ધરાવતાં તમામ બાળકોનો સમાવેશ કરવામાં આવે છે અને તેમાં વંચિત સામાજિક-આર્થિક સમુદાયોનાં બાળકોનો પણ સમાવેશ કરવામાં આવે છે. તેમના વિશેષ શિક્ષણને બદલે સમાવેશી શિક્ષણ ઉપર ભાર મૂકવામાં આવે છે. તમામ સ્તરે સમાવેશી શિક્ષણના કાર્યક્રમોનો અમલ કરવામાં આવી રહ્યો છે. તેમાં

વિવિધ સંસ્થાઓનો સમાવેશ પણ કરવામાં આવ્યો છે. તાલીમાર્થી શિક્ષકો અને પુખ્ત વયના લોકો માટે જીવનભરના શિક્ષણના કાર્યક્રમો પણ તેમાં સમાવિષ્ટ છે. એડેપ્ટ સંસ્થાએ શિક્ષણ અને આરોગ્યની સેવાઓ મુંબઈમાં અને સમગ્ર દેશમાં સ્થાનિક સ્તરે અને વ્યાપક સ્તરે ઊભી થાય તે માટે બેનમૂન મોડેલ ઊભાં કર્યાં છે. તેમાં દરેક બાળક માટે જરૂરી એવી સેવાઓ અને ખાસ કરીને તે પ્રકારની શૈક્ષણિક યોજનાઓનો સમાવેશ કરવામાં આવે છે. આ કાર્યક્રમમાં બાળકોને કાર્યગત કૌશલ્યો અને જીવનકૌશલ્યો શીખવાડવામાં આવે છે અને વિકલાંગતા ધરાવતાં બાળકોના એકંદર વિકાસ માટે શિક્ષણેતર પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે.  ઉપરાંત, વિકલાંગતા ધરાવતાં બાળકોને અનેક પડકારો છતાં મુખ્ય પ્રવાહની શાળાઓમાં સામેલ કરવા માટે સફળ ભાગીદારી ઊભી કરવામાં આવી છે. તે એક એવો વિશેષ કાર્યક્રમ ચલાવે છે કે જેમાં વિકલાંગતા ધરાવતાં ગરીબ પરિવારોનાં બાળકો અને સમુદાયો સુધી પહોંચી શકાય તે માટે સમાવેશી આંગણવાડીઓ ઊભી કરવામાં આવી છે. અઢી વર્ષથી પાંચ વર્ષની વયનાં બાળકો માટે સંકલિત બાળ વિકાસ કાર્યક્રમના ભાગરૂપે આ આંગણવાડીઓ ચાલે છે. પરિવારો અને સમુદાયોના સંદર્ભમાં વિકલાંગતા ધરાવતાં બાળકોનાં વિકાસ અને સુખાકારીઓ ઉપર ભાર મૂકીને આ સંસ્થાએ ભારતના સાંસ્કૃતિક સંદર્ભ સાથે સમાવેશી શિક્ષણનો ખ્યાલ વિકસાવ્યો છે કે જેમાં પરિવારો અને સમુદાયો મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

અમદાવાદનું અંધજન મંડળ સર્વ શિક્ષા અભિયાન દ્વારા પ્રાથમિક શાળાઓમાં વિકલાંગતા ધરાવતાં બાળકોના સમાવેશને પ્રોત્સાહન આપવાનું કાર્ય કરી રહ્યું છે. સર્વ શિક્ષા અભિયાનનો હેતુ દેશમાં પ્રાથમિક શિક્ષણને સાર્વત્રિક બનાવવાનો છે. સમુદાય-આધારિત અભિગમ અપનાવીને દરેક જિલ્લામાં શિબિરો યોજવામાં આવે છે. તેનો હેતુ એ છે કે જીવનના આરંભના તબક્કામાં જ વિકલાંગતા ધરાવતાં બાળકોને ઓળખી શકાય અને આરોગ્ય, શિક્ષણ તથા સામાજિક અને આર્થિક સમાવેશના સંદર્ભમાં વહેલી દરમ્યાનગીરી કરી શકાય. તેણે અધ્યયન અને અધ્યાપન માટેનાં સાધનો વિકસાવ્યાં છે અને તેમનો પ્રચાર-પ્રસાર પણ કર્યો છે. જુદાં જુદાં ધોરણોમાં અભ્યાસ કરતાં જુદા જુદા પ્રકારની શારીરિક વિકલાંગતા ધરાવતાં બાળકોને તે સાધનો પ્રાપ્ત થાય તેવી કાળજી પણ રાખવામાં આવી છે. આ કાર્યક્રમમાં શિક્ષકો, શિક્ષકોની તાલીમ સંસ્થાઓ, દૂર શિક્ષણની સંસ્થાઓ અને જિલ્લાના વહીવટી તંત્ર જેવા હિતધારકોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. તેનાથી માત્ર વિકલાંગતા વિશે જાગૃતિ જ ફેલાય છે તેવું નથી પરંતુ એક રીતે સામૂહિક કાર્ય ઊભું થાય છે. સમગ્ર ગુજરાત રાજ્યને આવરી લેવા માટે વિવિધ તબક્કાઓમાં આ કાર્યક્રમના ભાગરૂપે શિક્ષકોને તાલીમ આપવામાં આવી છે. અંધજન મંડળ ગુજરાતમાં બાવળા ખાતે 'સવિનય સંમિલિત વિદ્યાલય' ચલાવે છે. તેમાં નીચી આવકનાં જૂથ બાળકો અને સ્થળાંતરિત કામદારોનાં બાળકો શિક્ષણ પ્રાપ્ત કરે છે.

તેમાં વિકલાંગતા ધરાવતાં બાળકો અને વિકલાંગતા ન ધરાવતાં બાળકો એમ બંને પ્રકારનાં બાળકો આવે છે. શિક્ષકો દરેક બાળકને અનુકૂળ આવે તેવો વ્યક્તિગત શૈક્ષણિક કાર્યક્રમ તૈયાર કરે છે. બાળક કોઈ પણ પ્રકારની વિકલાંગતા ધરાવતું હોય, તેને જરૂરી સામગ્રી મળે તે રીતે અધ્યયનની શૈલી અનુસાર સામગ્રી તૈયાર કરવામાં આવે છે અને તેને આપવામાં આવે છે. વિશિષ્ટ શિક્ષણકારો અને કેટલાક શિક્ષકો દ્વારા આ શાળા ચલાવવામાં આવે છે. તેમાં માંહોમાંહે અનુભવથી શીખી શકાય તે બાબત ઉપર ધ્યાન અપાયું છે. વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને સ્ટાફ તરીકે પસંદ કરવામાં આવે છે અને એ રીતે તેમને પણ પ્રોસ્તાહન આપવામાં આવે છે અને તેઓ નમૂનારૂપ ઉદાહરણ બને છે. આ શાળા સમાવેશને પ્રોત્સાહન આપવા માટે અને સમુદાયમાં વિકલાંગતા વિશે વધારે સંવેદનશીલતા અને જાગૃતિ ઊભાં થાય તે માટે વાલીઓ સાથે પણ કામ કરે છે. અત્યારે આ શાળામાં સામાન્ય પ્રકારની વિકલાંગતા ધરાવતાં બાળકોને દાખલ કરવામાં આવે છે.

**2) કામ અને રોજગારી**

ભાવનગરની માઈક્રોસાઈન પ્રોડક્ટ્સ એક ખાનગી ક્ષેત્રની કંપની છે. વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને કામે રાખીને તેણે સ્વૈચ્છિક ધોરણે સુંદર પ્રયાસ કર્યો છે. આ કંપનીમાં લગભગ 80 ટકા કામદારો વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ છે. એક વ્યક્તિના આ સાહસનું પરિણામ એ આવ્યું છે કે કંપનીએ તેના કામદારોની ક્ષમતા ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાનું પસંદ કર્યું છે. તે બહેરાશ ધરાવતી વ્યક્તિઓ અને હાડકાની દૃષ્ટિએ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને કામે રાખે છે. આમ કરીને તેણે અકુશળ અથવા ખૂબ ઓછી કુશળતા ધરાવતી વિકલાંગ વ્યક્તિઓને રોજગારીની તકો પૂરી પાડી છે. ઉપરાંત, જેમને તેમના પરિવારો અથવા સમુદાયોએ  ધિક્કાર્યા હતા એવા લોકો માટે આ કંપનીએ રોજગારીની તકોનું સર્જન કર્યું છે. માઈક્રોસાઈન કંપની પોતાના કર્મચારીઓની સામાજિક સલામતીની જરૂરિયાતો પૂરી પાડે છે અને એ રીતે કુટુંબ જેવો આધાર પૂરો પાડે છે.

વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને રોજગારીની વ્યાપક તકો પૂરી પાડવા માટે મુંબઈમાં ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ દ્વારા વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓની ભરતી થાય તે માટે પ્રયાસો કર્યા છે. શૈક્ષણિક સંસ્થાના પ્રાંગણમાં ભરતી કરવામાં આવે ત્યારે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ તેમાં સહભાગી બને તે માટે તે પ્રયાસ કરે છે. વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટેની વિશેષ ભરતી ઝુંબેશ દરમ્યાન તેનાં તમામ પરીક્ષણ કેન્દ્રોએ વિશેષ પ્રયાસો કરવામાં આવે છે. કામની સ્થિતિ આધાર પૂરો પાડનારી હોય છે. કંપની વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને સાધનો પૂરાં પાડે છે, કામની

પ્રક્રિયા નવેસરથી ગોઠવે છે અને પ્રોત્સાહક વાતાવરણ સાથીઓ દ્વારા પૂરું પાડે છે. નવી ભરતી કરવામાં આવનારી હોય કે પછી બદલીઓ થવાની હોય ત્યારે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને ઘર ફાળવવામાં અન્ય વ્યક્તિઓ કરતાં પ્રાથમિકતા આપવામાં આવે છે. કારકિર્દીના વિકાસ અને વૃદ્ધિમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને કોઈ પણ જાતના ભેદભાવનો સામનો કરવા પડતો નથી. તે એમ માને છે કે પહોંચ ઊભી કરનારું પર્યાવરણ સંગઠનની અંદર પ્રગતિને પ્રોત્સાહન આપે છે. ઉચ્ચ શિક્ષણ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને પણ પ્રાપ્ય થાય તેવું કાર્ય કરવાની જરૂર છે કે જેથી તેઓ કુશળ કામદારો તરીકે બહાર આવે અને બજારમાં તેમનો ભાવ પૂછાય.

અમદાવાદના અંધજન મંડળ દ્વારા વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટે એક રોજગાર વિભાગ ચલાવવામાં આવે છે. તે જાહેર ક્ષેત્ર અને ખાનગી ક્ષેત્રમાં વિવિધ પ્રકારની વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને રોજગારીની અને સ્વરોજગારીની વિવિધ તકો પણ પૂરી પાડે છે. તેમાં વિકલાંગતા ધરાવતી મહિલાઓ માટે રોજગારી સર્જન ઉપર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે. વિવિધ પ્રકારની વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને અમુક જ પ્રકારનું કામ મળે તેવા રાબેતામાંથી બહાર નીકળીને તકોનું સર્જન કરવાનો તે પ્રયત્ન કરે છે. જુદી જુદી શૈક્ષણિક લાયકાતો અને અનુભવને આધારે તેમને રોજગારી મળે તેવો પ્રયત્ન પણ તેમાં કરવામાં આવે છે. અંધજન મંડળ  જાહેર ક્ષેત્રની કંપનીઓ સાથે સંપર્ક ઊભો કરે છે અને સંબંધો બાંધે છે કે જેથી તેમને કામદારો તરીકે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓની ભરતી કરવા માટે પ્રોત્સાહન આપી શકાય. તેણે સરકારી સંસ્થાઓમાં પણ ખાસ્સો પગપેસારો કર્યો છે. જો કે, તેમાં માત્ર કરાર ઉપર જ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને નોકરીએ રાખવામાં આવે છે. અંધજન મંડળ ખાનગી અને વ્યક્તિગત દાતાઓ તેને દાન આપે તેના બદલે તેઓ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને કામ રાખે તે બાબતને પણ પ્રોત્સાહન આપે છે.

એબલ્ડ ડિસેબલ્ડ ઓલ પીપલ ટુગેધર (એડેપ્ટ), મુંબઈ સંસ્થા અગાઉ સ્પાસ્ટિક્સ સોસાયટી ઓફ ઈન્ડિયા તરીકે જાણીતી હતી. આ સંસ્થા રોજગાર સાથે સંબંધિત એવી ટેકારૂપ સેવાઓ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને પૂરી પાડે છે. દા.ત., આકલન, સંદર્ભ સેવા, સલાહ, નોકરીની પ્રાપ્તિ માટે સહાય અને નોકરી મળી ગયા પછીના તબક્કામાં તાલીમ વગેરે. તે શિક્ષણ અને તાલીમ પણ પૂરાં પાડે છે. દા.ત. ટેક્નિકલ કે વ્યાવસાયિક તાલીમ, વ્યાવસાયિક માર્ગદર્શન કાર્યક્રમ વગેરે. વિકલાંગ બાળકો માટેની વિશિષ્ટ શાળાઓના વિદ્યાર્થીઓ માટે એક વર્ષનો  બ્રિજ કોર્સ વ્યાવસાયિક તાલીમ માટે તેમને તૈયાર કરવા ચલાવવામાં આવે છે. આ અભ્યાસક્રમમાં કાર્યગત શૈક્ષણિક બાબતો, રોજિંદા જીવનનાં કૌશલ્યો, વિવિધ કાર્યકુશળતાઓ અને મનોરંજન પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે. એડેપ્ટ સંસ્થા તેના નેશનલ જોબ ડેવલપમેન્ટ સેન્ટરના એક્ટિવિટી

સેન્ટર અને નારીકા શક્તિ દ્વારા સ્વરોજગારી, સાહસિકતાનું કૌશલ્ય અને વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ તથા વિકલાંગતા ધરાવતાં બાળકોની માતાઓ માટે આવક સર્જનને પ્રોત્સાહન આપે છે.

## કેટલાક વિચારો

સંયુક્ત રાષ્ટ્રોના ઉપરોક્ત ઠરાવમાં વ્યાપક દૃષ્ટિ રાખવામાં આવી છે અને તેમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અધિકારોને ચરિતાર્થ કરવા માટેના માર્ગદર્શક સિદ્ધાંતો આપવામાં આવ્યા છે. અહીં સંશોધન અહેવાલમાં જે કિસ્સાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે તેમાં હાલ કામ ચાલી જ રહ્યું છે એમ સમજવાની જરૂર છે. તેમાં અનેક પડકારો ઊભા થઈ રહ્યા છે. આપણા દેશમાં ગરીબી અંગે જે કાયમી અનુભવો છે તેના સંદર્ભમાં આ પડકારો વિશેષપણે દેખાય છે. ઉપરોક્ત પ્રયાસો, સંયુક્ત રાષ્ટ્રોના ઠરાવની જોગવાઈઓના સંદર્ભમાં સભાનપણે શરૂ કરાયા નહોતા કે નક્કી કરાયેલા નહોતા. 1995ના વિકલાંગતા ધરાવતી વ્યક્તિ ધારા અને 2009ના શિક્ષણના અધિકાર ધારા દ્વારા આ પ્રયાસોને પ્રોત્સાહન પ્રાપ્ત થયું હતું. પ્રથમ કિસ્સામાં રોજગારી અને બીજા કિસ્સામાં શિક્ષણ વિશે પ્રોત્સાહન મળ્યું હતું. વિકલાંગતા ક્ષેત્રે કામ કરતાં સંગઠનો અને કર્મશીલોની પ્રતિબદ્ધતા તથા અનુભવોમાંથી આ પ્રયાસો ઊભા થયા હતા. અથવા વધારે સમાન અને સમાવેશી સમુદાયો ઊભા કરવા માટેની વ્યક્તિઓ અને સંગઠનોની વૈયક્તિક પ્રતિબદ્ધતાને આધારે તે ઊભા થયા હતા. જો કે, આ કેસ સ્ટડીઝ કેવી રીતે સમાવેશી પ્રયોગોને વ્યાપક સ્તરે અપનાવી શકાય તે માટેનાં ઉદાહરણો પૂરાં પાડે છે. આ એક પ્રોત્સાહક પરિણામ કહી શકાય. અવરોધમુક્ત પર્યાવરણ ઊભું થાય અને પહોંચ વધે તથા માહિતી પ્રાપ્ત થાય તે માટેના પ્રયાસોને પ્રોત્સાહન મળે તથા વિકલાંગતા ધરાવતી મહિલાઓ અને છોકરીઓનો સમાવેશ કરવાની બાબતને પ્રોત્સાહન મળે તે મુદ્દો વર્તમાન કાર્યક્રમોમાં સભાનપણે ઊભો કરવાની જરૂર છે. તેમ થશે તો જ સંયુક્ત રાષ્ટ્રોના ઠરાવના સિદ્ધાંતો વધારે પ્રમાણમાં ચરિતાર્થ થઈ શકશે.

આ સિદ્ધાંતોનો વ્યવહારમાં અમલ કરવા માટે અને વર્તમાન અવરોધોને દૂર કરવા માટે તથા જીવનનાં તમામ ક્ષેત્રોમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિની સંપૂર્ણ અને અસરકારક સહભાગિતા ઊભી કરવા માટે વર્તમાન સમાવેશી પ્રયોગોનું દસ્તાવેજીકરણ કરવું જરૂરી છે અને સંયુક્ત રાષ્ટ્રોના ઠરાવના સંદર્ભમાં સતત તેમને તપાસવા જરૂરી છે. સરકાર, વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ અને તેમના પરિવારો, વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓનાં સંગઠનો, નાગરિક સમાજ, શિક્ષણ ક્ષેત્રના વિદ્વાનો અને ખાનગી ક્ષેત્ર એમ વિવિધ હિતધારકો વચ્ચે સ્થાનિક અને રાષ્ટ્રીય સ્તરે સંવાદ ઊભો થાય અને વ્યાપક વિચાર-પ્રસાર થાય તે જરૂરી છે કે જેથી વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓની સુષુપ્ત શક્તિઓનો વિકાસ થાય અને તેને આડેના અવરોધો દૂર થાય.

વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના સમાવેશના સંદર્ભમાં ઊભા થઈ રહેલા પડકારોને આ કેસ સ્ટડીઝ વ્યક્ત કરે છે. તેમાં વધુ સંવાદની જરૂર છે. આ સંવાદ માત્ર અમુક જોગવાઈની સામેના પડકારોના સંદર્ભમાં જ નહીં પરંતુ અમુક જોગવાઈઓના હેતુઓ વિશે પણ થવો જોઈએ અને ખાસ કરીને તે ભારતના સંદર્ભમાં થવો જોઈએ. દા.ત. ઓછી કુશળતા ધરાવતા અને ખૂબ જ ખરાબ રીતે જેનું નિયમન થાય છે એવા શ્રમ બજારમાં નોકરીની સલામતી નથી અને કામ સાથે સંબંધિત લાભો અસમાનપણે પ્રાપ્ત થાય છે. આવા બજારમાં કામદારોને અને ખાસ કરીને વિકલાંગ કામદારોને કામની પસંદગી કરવાની તક ખૂબ જ ઓછી હોય છે. કામની સ્થિતિ અને કામનું સ્થળ વગેરે અંગે પણ તેઓ પસંદગી ભાગ્યે જ કરી શકે છે. જો કે, એનો અર્થ એવો નથી કે કામદારોને પ્રાપ્ય પસંદગીઓ વિસ્તારવાનો પડકાર ઘણો મોટો નથી. ખરેખર તો, આ પડકારોને વધારે સારી રીતે સમજવાની જરૂર છે. વિકલાંગતા ધરાવતા કામદારોની ક્ષમતાનું નિર્માણ કરવાની તાતી જરૂર છે કે જેથી સરખા કામ માટે સરખું વેતન, સરકાર દ્વારા આપવામાં આવતી સબસિડીની પ્રાપ્તિ અને પ્રોત્સાહનોની પ્રાપ્તિ, વધારે સારું નિયમન અને કામદારોના અધિકારોનું રક્ષણ વગેરે માટેની લડત તેઓ પોતે જ આપી શકે. અંતે આ કેસ સ્ટડીઝ જુદાં જુદાં ક્ષેત્રોનાં વર્તમાન કાર્યક્રમો અને પ્રવૃત્તિઓમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓનો સમાવેશ કેવી રીતે કરવો તે માટે મહત્ત્વના પદાર્થપાઠ શીખવે છે.

## ભાવિ માટેની દિશા

આ કેસ સ્ટડીઝ સમાવેશી પ્રયોગોને વધુ મજબૂત બનાવવા માટે અનુભવો અને પડકારોને આધારે ચાવીરૂપ નિર્દેશો આપે છે. ભાવિ માટેના આ નિર્દેશોનો સારાંશ નીચે મુજબ છે:

1) વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓની ક્ષમતાઓ વિકસાવવી કે જેથી તેઓ પોતે જ તેમના અધિકારો વિશે વધારે સારી રીતે સોદાબાજી કરી શકે.
2) વધારે માહિતી પ્રાપ્ત થવી જોઈએ અને તે માટેનું પર્યાવરણ ઊભું થવું જોઈએ.
3) કામની અને રોજગારીની શરતો ન્યાયી હોવી જોઈએ અને વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટે સાનુકૂળ હોવી જોઈએ.
4) સમાવેશ માટેના પ્રયાસોનું દસ્તાવેજીકરણ કરીને તેમને વિસ્તારવા જોઈએ અને વિવિધ સંસ્થાઓ સાથે વ્યાપક સંવાદ હાથ ધરવો જોઈએ.
5) જીવનનાં વિવિધ ક્ષેત્રોમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અને ખાસ કરીને ગ્રામ વિસ્તારોનાં બાળકો અને મહિલાઓના જીવંત અનુભવોની તપાસ કરવા માટે તેમના ઉત્થાનલક્ષી સંશોધનની કાર્યસૂચિ ઊભી કરવી જોઈએ.

# પ્રસ્તાવના

ભારતમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ સૌથી વધારે છેવાડાનાં જૂથોમાં સ્થાન ધરાવે છે. વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓની સંખ્યા અંગે કોઈ સ્પષ્ટ અંદાજો નથી. તાજેતરમાં વિશ્વ આરોગ્ય સંસ્થા અને વિશ્વ બેંક દ્વારા સંયુક્ત રીતે જે વિશ્વ વિકલાંગતા અહેવાલ બહાર પાડવામાં આવ્યો છે તેમાં જણાવાયેલા અંદાજ મુજબ દુનિયાભરમાં 100 કરોડ લોકો વિકલાંગતાથી અસરગ્રસ્ત છે. તેનો અર્થ એ છે કે દર 100 વ્યક્તિઓમાંથી 15 વ્યક્તિઓ વિકલાંગતાથી અસરગ્રસ્ત છે અને તેમાંથી 2થી 4 ટકા લોકો તો વધારે તીવ્ર રીતે અસરગ્રસ્ત છે. નેશનલ સેમ્પલ સર્વે ઓર્ગેનાઈઝેશન (એન.એસ.એસ.ઓ.)ના 2003ના 28મા રાઉન્ડના સર્વે મુજબ ભારતમાં 185 લાખ લોકો 2002માં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ હતા. જો કે, ભારતની 2001ની વસ્તી ગણતરી અનુસાર 219 લાખ લોકો વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ હતા. બીજાં અનેક સ્રોતોના વિવિધ અંદાજો એમ જણાવે છે કે 4 કરોડ લોકો વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ છે. જો વિશ્વ બેંકની 2007ના પ્રકાશનની વ્યાખ્યા અનુસાર માનસિક બીમારી અને મંદ બુદ્ધિ ધરાવતી વ્યક્તિઓને પણ વિકલાંગ વ્યક્તિઓ ગણવામાં આવે તો આ આંકડો 8થી 9 કરોડ જેટલો પણ હોઈ શકે છે.

ભારતમાં સ્વાતંત્ર્ય પછી વિકલાંગતા વિશે જે નીતિઓ ઘડવામાં આવી તેમાં સખાવતી મોડેલ અને તબીબી મોડેલ કલ્યાણ રાજ્યના ખ્યાલ હેઠળ અપનાવવામાં આવ્યું હતું. અત્યાર સુધી ભારતીય સમાજમાં આ જ ખ્યાલ ઊંડે સુધી ઘૂસેલો છે. હમણાં હમણાં રોગ અથવા સમસ્યાના નિવારણ માટે સારવાર અને પુનર્વસનના સ્વરૂપમાં તબીબી દરમ્યાનગીરી કરવામાં આવે એ બાબત ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. સામાજિક અને રાજકીય પ્રતિભાવોમાં હવે આ બાબત ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે. 1980ના દાયકાના ઉત્તરાર્ધ પછી ભારત સરકાર દ્વારા વિકલાંગતાના પ્રશ્નના સંદર્ભમાં ચાર મહત્ત્વના કાયદાઓ કરવામાં આવ્યા. તેમાં માનસિક આરોગ્ય ધારો-1987, ભારતીય પુનર્વસન પરિષદ ધારો-1992 અને ઓટિઝમ, સેરિબ્રલ પાલ્સી, મંદ બુદ્ધિ અને વિવિધ વિકલાંગતા માટે રાષ્ટ્રીય ટ્રસ્ટ ધારો-1999નો સમાવેશ થાય છે. પરંતુ

તે પછીનો વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ - સમાન તકો, અધિકારોના રક્ષણ અને સંપૂર્ણ સહભાગિતા ધારો-1995 તેમાં નોંધપાત્ર છે. તેમાં વિકલાંગતાનાં વિવિધ પાસાંનો સ્વીકાર કરવામાં આવ્યો છે અને શિક્ષણ, રોજગારી, અવરોધમુક્ત પર્યાવરણનું સર્જન અને સામાજિક સલામતી વગેરે બાબતોની જોગવાઈ કરવામાં આવી છે. આ કાયદામાં સાત પ્રકારની મોટી વિકલાંગતાઓ ગણાવવામાં આવી છેઃ અંધત્વ, ઓછી દૃષ્ટિ, મટી ગયેલો રક્તપિત્ત રોગ, બહેરાશ, હલન-ચલનની વિકલાંગતા, મંદ બુદ્ધિ અને માનસિક બીમારી. આ કાયદાની પાછળ સામાજિક વલણો બદલીને સશક્તિકરણ કરવાનો ખ્યાલ સમાયેલો છે તેમ છતાં તેમાં શારીરિક અને બોધાત્મક ખામીને તબીબી ભાષામાં જ મોટે ભાગે વ્યાખ્યાયિત કરવામાં આવી છે. આ તબીબી અને કલ્યાણલક્ષી અભિગમ ભારતના વર્તમાન કાયદાઓમાં અપનાવવામાં આવ્યા છે. તેની અભિમુખતા તબીબી સારવાર તરફની છે તેથી એમ કહી શકાય કે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ પ્રત્યે કલ્યાણનો અભિગમ અપનાવવામાં આવ્યો છે. આ કાયદો ભેદભાવના વિરોધ અને માનવ અધિકારના મજબૂત અભિગમ સાથે ઘડવામાં આવ્યો નથી. આમ, વિકલાંગ વ્યક્તિઓના અધિકારો વિશેના ભારતના આંદોલનમાં એવા સામાજિક મોડેલ તરફ આગળ વધવામાં આવ્યું છે કે જેમાં સામાજિક-આર્થિક, પર્યાવરણીય અને માળખાગત પરિબળો વિકલાંગતાનું સર્જન કરે છે એમ સ્વીકારવામાં આવ્યું છે. વિશ્વ બેંક કહે છે કે ભારતમાં આ અંગેની નીતિઓ તબીબી અને સામાજિક મોડેલનું મિશ્રણ છે.

2006માં ઘડવામાં આવેલી વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ અંગેની રાષ્ટ્રીય નીતિમાં સર્વગ્રાહી રીતે એમ કહેવામાં આવ્યું છે કે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના તમામ માનવ અધિકારો સ્વીકારાવા જોઈએ અને અમલમાં મૂકાવા જોઈએ. તેમ છતાં વ્યવહારમાં એવું લાગે છે કે રાજ્ય પોતાની જવાબદારીમાંથી બહાર નીકળી રહ્યું છે. આ જવાબદારી નાગરિક સમાજ અને સમુદાયો ઉપર ઢોળવાનું વલણ વધી રહ્યું છે. ખાનગી ક્ષેત્ર અને સમુદાય તે માટે સંસાધનો ઊભાં કરે એમ પણ કહેવાઈ રહ્યું છે.

એકંદરે આ કાયદાઓ છતાં પણ ભારતમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ ગરીબી, અવહેલના અને અસમાનતાનો સતત અનુભવ કરે છે. એ નોંધવું ખરેખર ખૂબ જ મહત્ત્વનું છે કે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ દુનિયાની કુલ વસ્તીમાં આશરે 15 ટકા જેટલી છે અને વિશ્વ બેંકના જણાવ્યા અનુસાર દુનિયાભરમાં 20 ટકા ગરીબો વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ છે. તેમ છતાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓનો સમાવેશ સહસ્રાબ્દી વિકાસ લક્ષ્યાંકોમાં તાજેતરમાં જ કરવામાં આવ્યો છે. સંયુક્ત રાષ્ટ્રોની સામાન્ય સભાએ સહસ્રાબ્દી વિકાસ લક્ષ્યાંકો અંગે 2010નો જે અહેવાલ સ્વીકાર્યો છે તેનું શીર્ષક છેઃ 'વચન પાલનઃ સહસ્રાબ્દી વિકાસ લક્ષ્યાંકોની સિદ્ધિ માટેનું ઐક્ય'. તેમાં સહસ્રાબ્દી વિકાસ લક્ષ્યાંકોની સિદ્ધિમાં વિકલાંગતાને એક આવશ્યક મુદ્દા

તરીકે જોવામાં આવ્યો છે. સહસ્રાબ્દી વિકાસ લક્ષ્યાંકોમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ અદૃશ્ય હોવાની બાબત ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. વિકલાંગતા અને શિક્ષણમાં સીમાંતીકરણ વચ્ચે અને ખાસ કરીને મહિલાઓ તથા છોકરીઓની વિકલાંગતા તથા શિક્ષણમાં સીમાંતીકરણ વચ્ચે સંબંધ હોવા અંગે પણ તેમાં વિશેષ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. અનેક અભ્યાસો એમ બતાવે છે કે ગરીબીમાં ઘટાડા અંગેની હાલની વ્યૂહરચના અંગે જે બાબતો જણાવવામાં આવે છે તેમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓની જરૂરિયાતો વિશે કશું કહેવામાં આવતું નથી. જો વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓનો સમાવેશ આ નીતિઓ, કાર્યક્રમો, દેખરેખ અને મૂલ્યાંકનમાં ન કરવામાં આવે તો સહસ્રાબ્દી વિકાસ લક્ષ્યાંકો અને ગરીબીમાં ઘટાડો સિદ્ધ થઈ શકે નહીં એમ સંયુક્ત રાષ્ટ્રોના વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અધિકારો વિશેના ઠરાવના અમલ ઉપર ધ્યાન રાખતા સચિવાલય દ્વારા 2010માં જણાવવામાં આવ્યું હતું.

તેથી ભારતે તા.1-10-2007ના રોજ સંયુક્ત રાષ્ટ્રોના વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અધિકાર અંગેના ઠરાવ (યુએનસીઆરપીડી)ને માન્ય રાખ્યો છે એ એક આનંદદાયક બીના છે. તેથી ભારતે આ ઠરાવ અનુસાર તમામ કાયદાઓ કરવા જરૂરી છે. આ ઠરાવ વિકાસ અને માનવ અધિકારો બંને સિદ્ધ કરવા માટેનું એક મહત્ત્વનું સાધન છે. આ ઠરાવને માન્ય રાખનારા સૌ પ્રથમ દેશોમાં ભારત સ્થાન ધરાવે છે તેમ છતાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અધિકારોના રક્ષણ માટે આ ઠરાવની જોગવાઈઓ અનુસાર બહુ જ ઓછું કાર્ય કરવામાં આવ્યું છે. દા.ત. આ ઠરાવમાં વિકલાંગતા ધરાવતી મહિલાઓ અને બાળકો સાથે સંબંધિત પ્રશ્ન ઉપર વિશેષપણે ધ્યાન આપવામાં આવ્યું છે. પરંતુ ભારતના વર્તમાન કાયદામાં આ બાબતો દેખાતી નથી. સંયુક્ત રાષ્ટ્રોના આ ઠરાવ હેઠળની ફરજો પૂર્ણ કરવા માટે ભારતનાં રાજ્યોએ આ ઠરાવ અનુસાર કાયદાઓ અને નીતિઓ ઘડવાની જરૂર છે. આ ઠરાવમાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે કાયદામાં સુધારા કરવાની આ પ્રક્રિયા વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ અને તેમનાં સંગઠનો સાથે પરામર્શ કરીને હાથ ધરાવી જોઈએ.

## સંયુક્ત રાષ્ટ્રોનો વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અધિકારો અંગેનો ઠરાવઃ એક વિહંગાવલોકન

માનવ અધિકારોની સાર્વત્રિક ઘોષણાની 60મી વર્ષગાંઠ નિમિત્તે સંયુક્ત રાષ્ટ્રોના વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અધિકાર અંગેના ઠરાવ અને તેની વૈકલ્પિક સંધિનો સ્વીકાર ડિસેમ્બર-2006માં કરવામાં આવ્યો. તેનો અમલ તા.3-5-2008થી શરૂ થયો. આ ઠરાવ આંતરરાષ્ટ્રીય માનવ અધિકારના કાયદાના સંદર્ભમાં એક સીમાચિહ્નરૂપ બાબત છે. 21મી સદીમાં થયેલી માનવ અધિકારોની આ સૌ પ્રથમ સંધિ છે, એટલું જ નહીં પરંતુ આંતરરાષ્ટ્રીય સ્તરે વિકલાંગતાનો મુદ્દો માનવ અધિકારોનો મુદ્દો છે એ

બાબત સત્તાવાર રીતે સ્વીકારવામાં આવી. આ ઠરાવમાં વિકલાંગતાના પ્રશ્નને તબીબી અને સખાવતી મોડેલને બદલે માનવ અધિકારોના મોડેલને આધારે અને સામાજિક મોડેલને આધારે સમજવાનો સ્વીકાર કરવામાં આવ્યો છે. આ બાબત ખરેખર જ સત્તાવાર વલણમાં આવેલું નોંધપાત્ર પરિવર્તન દર્શાવે છે. તેમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને સખાવત, તબીબી સારવાર અને સામાજિક રક્ષણની વસ્તુઓ ગણવાને બદલે તેમને અધિકારો સાથેની વ્યક્તિઓ ગણવા ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. તેઓ તેમના અધિકારો ધરાવે છે અને સમાજના સક્રિય સભ્યો તરીકે પોતાના જીવન વિશે અર્થપૂર્ણ નિર્ણયો કરી શકે છે એ બાબત તેમાં સ્વીકારવામાં આવી છે.

આ ઠરાવ સૌ પ્રથમ એવો ઠરાવ છે કે જે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના નાગરિક, રાજકીય, સાંસ્કૃતિક, સામાજિક અને આર્થિક અધિકારોને સર્વગ્રાહી સ્વરૂપે આવરી લે છે. આ ઠરાવમાં પરિવર્તન માટે કાનૂની, નૈતિક અને રાજકીય નકશો સ્પષ્ટપણે આપવામાં આવ્યો છે. તે નવા અધિકારોનું સર્જન કરવાનો ઈરાદો ધરાવતો નથી. તે માત્ર વિકલાંગતાના વિશિષ્ટ સંદર્ભમાં માનવ અધિકારો અંગેના વર્તમાન કાયદાઓને લાગુ પાડવા માટે સ્પષ્ટતા માંગે છે. આ હેતુ માટે તે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના વિશિષ્ટ સંજોગોને તથા તેઓ જે અવરોધોનો સામનો કરે છે તેને માનવ અધિકારોના કાયદામાં ઢાળવા માંગે છે.

સંયુક્ત રાષ્ટ્રોના વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અધિકાર અંગેના ઠરાવમાં વિકલાંગતાની વ્યાખ્યા વિવિધ અવરોધોને લીધે ઊભી થતી અક્ષમતાઓ વચ્ચેની આંતરક્રિયાના પરિણામ તરીકે આપવામાં આવી છે, કે જેમાં આ અવરોધો સમાજમાં વિકલાંગતા ન ધરાવતી બહુમતી સાથે સંપૂર્ણ અને સક્રિય સહભાગિતા ઊભી કરવામાં અવરોધરૂપ બને છે. આ પરિસ્થિતિને પરિણામે આ ઠરાવ નિશ્ચિત રીતે સામાજિક મોડેલમાં બરાબર સુમેળ સાધે છે. આ મોડેલ અધિકાર-આધારિત છે. તે તબીબી મોડેલ નથી કે જેમાં આરોગ્યલક્ષી કાનૂની સાધનોનો સમાવેશ થાય છે. સંયુક્ત રાષ્ટ્રોના વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અધિકાર અંગેના ઠરાવમાં વિકલાંગતાની એવી સામાજિક સમજ સમાયેલી છે કે સામાજિક નિયંત્રણો અને અવરોધો વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓનો સમાવેશ સમાજમાં થાય અને સમાજમાં તેમની સંપૂર્ણ સહભાગિતા ઊભી થાય તે આડે મુસીબતો ઊભી કરે છે, વ્યક્તિની પોતાની વિકલાંગતા સાથે સંબંધિત એવી મર્યાદાથી આ મુસીબતો ઊભી થતી નથી. આ સમજ વિકલાંગતા સાથે સંબંધિત અધિકારો ઘડવા માટે એક વિભાવનાત્મક મંચ ઊભો કરે છે.

વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અધિકારો વિશેની આંતરરાષ્ટ્રીય સંધિ ઘડવાને પ્રોત્સાહન પ્રાપ્ત થયું તેનું કારણ એ છે કે દુનિયાભરમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ

સતત ભેદભાવ અને સીમાંતીકરણનો અનુભવ કરતી રહી છે. ઉપરાંત, એ પણ એક હકીકત છે કે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અધિકારો અંગે કોઈ કાનૂની રીતે બંધનકર્તા એવી આંતરરાષ્ટ્રીય સંધિ નથી. જો કે, માનવ અધિકારો અંગે હાલ જે આંતરરાષ્ટ્રીય ઠરાવો અને સંધિઓ છે તે સૈદ્ધાંતિક રીતે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને લાગુ પડે જ છે. જો કે, તેમ છતાં વ્યવહારમાં તે હંમેશાં લાગુ પાડવામાં આવતી નથી. વળી, સંયુક્ત રાષ્ટ્રોના વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અધિકાર અંગેના ઠરાવના આમુખમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ જે અલગાવનો અનુભવ કરે છે તે સમાજમાં તેમના અર્થપૂર્ણ પ્રદાન આડે અવરોધ ઊભો કરે છે અને એ રીતે સામુદાયિક સંવાદિતા અને વિકાસ અવરોધાય છે એમ ભારપૂર્વક જણાવવામાં આવ્યું છે. તદનુસાર, સંયુક્ત રાષ્ટ્રો દ્વારા વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અધિકારો માટે અલગ સંધિ થાય તે જરૂરી હતું.

વિશ્વ આરોગ્ય સંસ્થા અને વિશ્વ બેંક દ્વારા તા.9-6-2011ના રોજ વિશ્વ વિકલાંગતા અહેવાલ પ્રકાશિત કરવામાં આવ્યો છે. તેમાં સંયુક્ત રાષ્ટ્રોના વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અધિકાર અંગેના ઠરાવના અમલ માટેની જોગવાઈઓ વિચારવામાં આવી છે. તેમાં વિકલાંગતાની વ્યાખ્યા જટિલ, ગતિશીલ, બહુ-આયામી અને સ્પર્ધાત્મકતાના સંદર્ભમાં આપવામાં આવી છે. આંતરરાષ્ટ્રીય કાર્યગતતા વર્ગીકરણ (ઈન્ટરનેશનલ ક્લાસિફિકેશન ઓફ ફંક્શનિંગ (આઈ.સી.એફ.) - 2001) અનુસાર તે એમ જણાવે છે કે વિકલાંગતાને તબીબી કે સામાજિક દૃષ્ટિકોણથી જોવી જોઈએ નહીં. વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ ઘણી વાર તેમની આરોગ્યની પરિસ્થિતિને કારણે ઊભી થતી સમસ્યાઓને લીધે વિકલાંગતાનો અનુભવ કરે છે. તેથી તેમને પોતાને પોતે અમુક કામ કરવામાં મર્યાદા ધરાવે છે એવું લાગે છે. વ્યક્તિગત પરિબળો અને પર્યાવરણીય પરિબળો તેમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.  આત્મગૌરવ અને પ્રેરણા જેવાં વ્યક્તિગત પરિબળો તેમાં માન્ય રાખવામાં આવ્યાં છે. જ્યારે વસ્તુઓ અને ટેક્નોલોજીને, કુદરતી અને માનવસર્જિત પર્યાવરણને, સમર્થન અને સંબંધોને, વલણો અને સેવાઓને તથા વ્યવસ્થાઓ અને નીતિઓને પર્યાવરણીય પરિબળો તરીકે સ્વીકારવામાં આવ્યાં છે. વિકલાંગતાનાં વિવિધ પાસાં અને સ્વરૂપને આધારે આ બંને અભિગમોનું સંયોજન કરનારો સંતુલિત અભિગમ અપનાવવાની જરૂર છે.

## સંયુક્ત રાષ્ટ્રોના વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અધિકાર અંગેના ઠરાવમાં શું છે?

વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અધિકાર અંગેના આ ઠરાવનું માળખું એકંદરે માનવ અધિકારોની અન્ય સંધિઓ પ્રકારનું જ મહદંશે છે. તેમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના સંદર્ભમાં વિવિધ અધિકારોની સર્વગ્રાહી બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જો કે, માનવ

અધિકારોની અન્ય આંતરરાષ્ટ્રીય સમજૂતીઓથી પણ આ ઠરાવ આગળ જાય છે અને તેમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટે નવતર બાબતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

સંયુક્ત રાષ્ટ્રોના વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અધિકાર અંગેના ઠરાવમાં 25 ફકરા અને 50 કલમોનો સમાવેશ થાય છે. તેમાં કલમ-1માં તેનો હેતુ દર્શાવતી રૂપરેખા પ્રસ્તાવના સ્વરૂપે આપવામાં આવી છે અને કલમ-2માં મહત્ત્વની વ્યાખ્યાઓ આપવામાં આવી છે. કલમ-3થી કલમ-9માં સમગ્ર ઠરાવમાં આ વ્યાખ્યાઓ કેવી રીતે લાગુ પડે છે તે દર્શાવવામાં આવ્યું છે. કમલ-10થી કલમ-30માં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના નાગરિક, રાજકીય, આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો વિગતવાર દર્શાવવામાં આવ્યા છે. કલમ-31થી કલમ-40માં અધિકારોના પાલન અને તેના ઉપરની દેખરેખની વ્યવસ્થા ઊભી કરવા માટે જોગવાઈ કરવામાં આવી છે. કલમ-41થી કલમ-50માં આ ઠરાવને કેવી રીતે અમલમાં મૂકવો તેને વિશે જોગવાઈઓ કરવામાં આવી છે. તેમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અધિકારો અંગેની સમિતિ અને સહી કરનારા દેશોની પરિષદની રચના કરવાની જોગવાઈ કરવામાં આવી છે. આ ઠરાવ ઉપર જે દેશો સહી કરશે તેમણે આ સમિતિને તેઓ કેવી રીતે આ ઠરાવનો અમલ કરી રહ્યા છે તેને વિશે નિયમિતપણે અહેવાલો મોકલવા પડશે. સમિતિ પછીથી આ અહેવાલો તપાસશે અને જે તે દેશને જરૂરી સૂચનો અને ભલામણો કરશે.

સંયુક્ત રાષ્ટ્રોના વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અધિકાર અંગેના ઠરાવની જે વૈકલ્પિક સંધિ આપવામાં આવી છે તેમાં 18 કલમો છે. ઉપરોક્ત સમિતિ આ વૈકલ્પિક સંધિનો સહી કરનારા દેશો દ્વારા કેવી રીતે ભંગ થાય છે તે અંગેની વ્યક્તિગત ફરિયાદો તપાસશે. સહી કરનારો દેશ ફરિયાદોના નિવારણ અને તપાસ અંગેની કાર્યવાહીના વ્યવસ્થાતંત્રમાં ભાગીદાર થવાનું પણ પસંદ કરી શકે છે. આ તમામ બાબતો ઉપર ઉપરોક્ત સમિતિ એક દેખરેખ સમિતિ તરીકે ધ્યાન આપશે. સંયુક્ત રાષ્ટ્રોના વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અધિકાર અંગેના ઠરાવમાં અધિકાર-આધારિત અભિગમ અપનાવવામાં આવ્યો છે. તેથી તમામ પ્રકારની વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ વિવિધ પ્રકારની સવલતો અને તકો પ્રાપ્ત કરી શકે તે પ્રકારનો સમાજ ઊભો કરવાનો હેતુ આ ઠરાવમાં રાખવામાં આવ્યો છે. આ વ્યવસ્થાઓમાં જાહેર પરિવહનની વ્યવસ્થા, રસ્તા પર ચાલવા માટેની નિશાનીઓ, શૈક્ષણિક સંસ્થાઓ, રોજગારીની તકો, હોસ્પિટલો, મોલ, સરકારી મકાનો વગેરેમાં પહોંચ ઊભી થાય તેનો સમાવેશ થાય છે.

## વર્તમાન અભ્યાસોની સમીક્ષા

ભારતમાં વિકલાંગતા અંગેના કાયદાઓના અમલમાં થયેલી પ્રગતિનું વિશ્લેષણ કરતા થોડાક અભ્યાસો થયા છે. સંયુક્ત રાષ્ટ્રોના ઠરાવને માન્ય રાખવામાં આવ્યો તે અગાઉ

ભારતમાં 2005માં બે મહત્ત્વના દસ્તાવેજ ઊભા થયા હતા. એક પ્રકાશન નેશનલ હ્યુમન રાઈટ્સ લો નેટવર્ક દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યું હતું. આ સંસ્થા અદાલતોમાં કેસ કરીને હિમાયત કરવા માટે જાણીતું બિન-સરકારી સંગઠન છે. એ રીતે તે કાયદાનો અમલ સુનિશ્ચિત કરે છે. બીજું એક પ્રકાશન રાષ્ટ્રીય માનવ અધિકાર પંચ દ્વારા કરવામાં આવ્યું છે. આ પંચ વર્તમાન કાયદાઓ અનુસાર માનવ અધિકારોનું રક્ષણ કરવાનું અને તેમને પ્રોત્સાહન આપવાનું કાર્ય કરે છે. તે ભારત સરકાર દ્વારા અધિકૃત એવી સરકારી સંસ્થા છે. એ જ રીતે, વિકલાંગતાના મુખ્ય કમિશનર પણ કાર્ય કરે છે. વિકલાંગતા ધરાવતી વ્યક્તિ ધારા-2005 અનુસાર વિકલાંગતાના મુખ્ય કમિશનરની કચેરીની સ્થાપના કરવામાં આવી છે. તે સર્વોચ્ચ સ્તરીય અર્ધ-અદાલતી સંસ્થા છે. તેણે 2008માં તેના દ્વારા અપાયેલા ચુકાદાઓનું સંકલન પણ પ્રકાશિત કર્યું છે.

તેમ છતાં સંયુક્ત રાષ્ટ્રોના ઠરાવની સિદ્ધિને તપાસવા માટે મર્યાદિત પ્રયાસો કરવામાં આવ્યા છે. સંયુક્ત રાષ્ટ્રોના ઠરાવ હેઠળની ફરજો પરિપૂર્ણ કરવા માટે ભારત સરકારને મદદ કરવા હ્યુમન રાઈટ્સ લો નેટવર્ક, નેશનલ એસોસીએશન ઓફ ધ ડેફ અને ડેફ વે ફાઉન્ડેશન દ્વારા અનેક પ્રકારની ચર્ચાઓ વિકલાંગ લોકો અને તેમનાં સંગઠનો માટે ભારતના કાયદામાં કયા ફેરફારો જરૂરી છે તે તપાસવા માટે કરવામાં આવેલી હતી. જો કે સંયુક્ત રાષ્ટ્રોના ઠરાવને વ્યવહારમાં ઉતારવા માટે ભારતના કાયદાઓમાં માત્ર ફેરફાર કરવાનું પૂરતું નથી. સંયુક્ત રાષ્ટ્રોના ઠરાવ સાથે સુમેળ સધાય તેવા કાયદાઓ કરવામાં આવે તેનાથી માત્ર એટલી જ ખાતરી પ્રાપ્ત થાય છે કે ભારતમાં સરકાર કમ-સે-કમ કાગળ ઉપર કાનૂની રીતે પ્રતિબદ્ધ થાય છે. વિકલાંગતા સાથે સંબંધિત અગાઉના કાયદાઓનો અનુભવ એમ દર્શાવે છે કે કાયદાઓનો ખરેખર અમલ થાય તે બાબત જ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના સશક્તિકરણ માટે મહત્ત્વની બાબત છે. ઉપરાંત, સંયુક્ત રાષ્ટ્રોના ઠરાવમાં જણાવવામાં આવેલી બાબતો દુનિયાના તમામ દેશોને લાગુ પડે છે, પણ ભારત જેવા વૈવિધ્યપૂર્ણ દેશમાં મજબૂત નાગરિક સમાજે અસહાય લોકોને સામાજિક વસ્તુઓ અને સેવાઓ પૂરી પાડવામાં સક્રિય ભૂમિકા ભજવી છે. તેથી નીચેથી ઉપરનો અભિગમ ઊભો થયો છે. એટલે કે નાગરિક સમાજની સમજ નીતિ નિર્ધારકોને ઉપયોગી થાય છે. ભારતના સંદર્ભમાં જો સરકાર સંયુક્ત રાષ્ટ્રોના ઠરાવને અનુસરવા માંગતી હોય અને તેમાં જણાવેલા ઉદ્દેશો પાર પાડવા માંગતી હોય તો આ બાબત ખૂબ જ મહત્ત્વની બને છે.

સંયુક્ત રાષ્ટ્રોના ઠરાવમાં જે જોગવાઇઓ અને મૂલ્યો આપવામાં આવ્યાં છે તેમને મહિલાઓના દૃષ્ટિકોણથી સમજવાની જરૂર છે. વિકલાંગ વ્યક્તિઓનાં સંગઠન, બિન-સરકારી સંગઠનો અને સમાજે તેના સંવાદ અને વ્યવહારમાં આ મુદ્દા લાવવાની જરૂર છે. ઉન્નતિ વિકાસ શિક્ષણ સંગઠન દ્વારા પ્રાયોગિક ધોરણે આ જે અભ્યાસ કરવામાં

આવ્યો છે તેનું શીર્ષક આ મુજબ છે: **સંયુક્ત રાષ્ટ્ર વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અધિકાર અંગેના ઠરાવને ચરિતાર્થ કરવો: સમાવેશી રીતોમાંથી પદાર્થપાઠ.** આ અભ્યાસમાં વિકલાંગ વ્યક્તિઓનાં સંગઠનો, બિન-સરકારી સંગઠનો, સરકારી સંગઠનો અને ખાનગી ક્ષેત્ર દ્વારા જે સમાવેશી પ્રયોગો કરવામાં આવ્યા તેમને તપાસવામાં આવ્યા છે અને તેમનું દસ્તાવેજીકરણ કરવામાં આવ્યું છે. તેમાંથી જે કાંઈ શીખવા મળે છે તે પદાર્થપાઠ ઉપર સમાવેશી પ્રક્રિયાનું નિર્માણ કેવી રીતે થઈ શકે તે તેના ઉપરથી સમજી શકાય છે. તેનો ઈરાદો સંયુક્ત રાષ્ટ્રોના ઠરાવોના અમલ અને દેખરેખની પ્રક્રિયાઓમાં વિવિધ પ્રદેશોમાં જે કંઈ થઈ રહ્યું છે તેના વિષે માહિતી પ્રાપ્ત કરવાનો અને જાગૃતિ ઊભી કરવાનો તથા ક્ષમતા નિર્માણ કરવાનો છે. ખાસ કરીને, શિક્ષણ અને રોજગારીના ક્ષેત્રે સંયુક્ત રાષ્ટ્રોના ઠરાવના સંદર્ભમાં શું થયું છે તે આ અભ્યાસ દરમ્યાન શોધવામાં આવ્યું છે. શિક્ષણ અને આરોગ્યના ક્ષેત્રમાં સંયુક્ત રાષ્ટ્રોના ઠરાવમાં જણાવાયેલા મુખ્ય સિદ્ધાંતોનું પાલન કેવી રીતે થાય છે તે આમાં સમજાવવામાં આવ્યું છે કે જેમના વિષે અત્યાર સુધી બહુ ઓછું ધ્યાન આપવામાં આવ્યું છે. શિક્ષણ અને કામ કે રોજગારીનાં ક્ષેત્રો સામાજિક અને આર્થિક અધિકારોના ક્ષેત્રમાં આવે છે. વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના સામાજિક અને નાણાકીય સમાવેશ માટે આ ક્ષેત્રો ખૂબ જ મહત્ત્વ ધરાવે છે અને તેથી તેમને પસંદ કરવામાં આવ્યાં છે.

### સંયુક્ત રાષ્ટ્રોના ઠરાવની શિક્ષણ (કલમ-24) અને કામ તથા રોજગારી (કલમ-27)ની જોગવાઈઓ વિષે વિહંગાવલોકન

સંયુક્ત રાષ્ટ્રોનો ઠરાવ સામાજિક-આર્થિક અધિકારોને આવરી લે છે. તે સહભાગિતા માટે ખરેખરી પસંદગી સુનિશ્ચિત કરે છે અને જીવનની અમુક લઘુતમ ભૌતિક ગુણવત્તા પણ સુનિશ્ચિત કરે છે. સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક અધિકારો ધીમે ધીમે સિદ્ધ થાય છે. તેથી આ ઠરાવ પર સહી કરનારા દેશો તેના હેતુઓ સિદ્ધ કરવાની બાબતમાં વધારે ફેરફારક્ષમ વલણ અખત્યાર કરે છે. જો કે, આ અધિકારો ધીમે ધીમે સિદ્ધ થવાના છે તેનો અર્થ એવો નથી કે આ અધિકારોના રક્ષણની જવાબદારીમાંથી ઠરાવ પર સહી કરનારા દેશો છટકી જાય. આ ઠરાવની કલમ-24માં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને કોઈ પણ જાતના ભેદભાવ વિના અને સમાન તકના આધારે સમાવેશી શિક્ષણ પ્રાપ્ત કરવાનો અધિકાર છે એમ જણાવવામાં આવ્યું છે. આ હેતુ પ્રાપ્ત કરવા માટે કલમ-24માં તમામ સ્તરે સમાવેશી શિક્ષણ પદ્ધતિ દાખલ થાય અને તેમાં જીવનભરના ભણતરનો સમાવેશ થઈ જાય તે જોવાની જવાબદારી સહી કરનારા દેશો ઉપર લાદવામાં આવી છે. આ કલમના પાયાના સિદ્ધાંતો એ છે કે કોઈ પણ જાતના ભેદભાવ વિના શિક્ષણ પ્રાપ્ત થાય અને વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓની હાજરી, સહભાગિતા અને વિકાસની બાંયધરી ઊભી કરનારું સર્વસામાન્ય વાતાવરણ ઊભું થાય.

તદનુસાર સહી કરનારા દેશોએ સર્વસામાન્ય પર્યાવરણમાં સમાવેશી શિક્ષણ પદ્ધતિ ઊભી થાય તે તરફ આગળ વધવાનું છે. યુનેસ્કો દ્વારા સમાવેશી શિક્ષણની વ્યાખ્યા નીચે મુજબ આપવામાં આવી છે: ભણતર, સંસ્કૃતિ અને સમુદાયોમાં સહભાગિતા વધારીને તમામ શીખનારાઓની વિવિધ જરૂરિયાતો ઉપર ધ્યાન આપવાની અને તેનો પ્રતિભાવ આપવાની પ્રક્રિયા અને શિક્ષણની અંદર તથા શિક્ષણમાંથી ઊભી થતી વંચિતતા ઘટાડવાની પ્રક્રિયા. તેમાં વિગતો, અભિગમો, માળખાં અને વ્યૂહરચનાઓમાં ફેરફારો અને સુધારા-વધારા કરવા પડે છે અને તેમાં તેવી દૃષ્ટિ રાખવી પડે છે કે જેમાં યોગ્ય વય ધરાવતાં તમામ બાળકોને આવરી લેવાય તથા તેમાં એવી પ્રતિબદ્ધતા હોય કે તમામ બાળકોને શિક્ષણ આપવાની નિયમિત પદ્ધતિ હેઠળ આવરી લેવાની જવાબદારી હોય.

સમાવેશી શિક્ષણ પદ્ધતિનું મહત્ત્વનું તત્ત્વ વિકલાંગતા ધરાવતા વિદ્યાર્થિઓને વાજબી સગવડો આપવાનું છે. તેથી સંયુક્ત રાષ્ટ્રોના ઠરાવ ઉપર સહી કરનારા દેશોએ પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચ શિક્ષણ અને જીવનભરના ભણતર જેવા તમામ સ્તરે વિકલાંગ બાળકો અને પુખ્ત વયનાઓને વાજબી સગવડો પૂરી પાડવાની રહે છે. ખાનગી ક્ષેત્ર અને જાહેર ક્ષેત્ર એમ બંને ક્ષેત્રોને આ બાબત લાગુ પડે છે.

વળી, કલમ-24(3)માં જણાવવામાં આવ્યા મુજબ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓની શૈક્ષણિક જરૂરિયાતો અને સામાજિક વિકાસની જરૂરિયાતો પરિપૂર્ણ કરવાનું મહત્ત્વનું છે. આ સંદર્ભમાં સહી કરનારા દેશોએ પ્રત્યાયનનાં અન્ય વૈકલ્પિક સ્વરૂપો દ્વારા શિક્ષણ આપવાની જરૂર રહે છે. તેમાં બ્રેઈલ લિપિ, અન્ય લિપિ, સાંકેતિક ભાષા અથવા પ્રત્યાયનની અન્ય રીતો અને ટેકારૂપ વ્યવસ્થાઓનો ઉપયોગ કરવાની જરૂર રહે છે. તે દ્વારા જ વિકલાંગતા ધરાવતા વિદ્યાર્થીઓ શિક્ષણમાં અને સમાજમાં સંપૂર્ણ સમાવેશ પામે. તેથી વિકલાંગતા ધરાવતી તમામ વ્યક્તિઓને અને ખાસ કરીને બાળકો તથા યુવાનોને યોગ્ય રીતે અનુકૂળ આવતી ભાષા દ્વારા અને પ્રત્યાયનના યોગ્ય સાધન દ્વારા શિક્ષણ અપાવું જોઈએ. પર્યાવરણ પણ એવું હોવું જોઈએ કે જેથી તેમનો મહત્તમ શૈક્ષણિક અને સામાજિક વિકાસ થાય. આ અધિકારો સિદ્ધ કરવા માટે કલમ-24(4) એમ જણાવે છે કે ઠરાવો ઉપર સહી કરનારા દેશોએ લાયકાત ધરાવતા શિક્ષકો દ્વારા શિક્ષણ આપવું જોઈએ. તેનો અર્થ એવો થાય છે કે સાંકેતિક ભાષા અથવા બ્રેઈલ લિપિના ઉપયોગમાં જેની લાયકાત હોય તેવા જ શિક્ષકોની ભરતી વિકલાંગતા ધરાવતા વિદ્યાર્થીઓ માટે કરવી જોઈએ. શિક્ષણ વ્યવસ્થામાં જેઓ કામ કરતા હોય તેવા તમામ કર્મચારીઓને વિકલાંગતાના સંદર્ભમાં યોગ્ય તાલીમ અપાવી પણ જરૂરી છે કે જેથી તેઓ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓની જરૂરિયાતો પ્રત્યે સંવેદનશીલ બને. તેઓ પ્રત્યાયનની વૈકલ્પિક પદ્ધતિનો અસરકારક ઉપયોગ કરે તે માટે અને વિકલાંગતા

ધરાવતી વ્યક્તિઓ માટે યોગ્ય શૈક્ષણિક પદ્ધતિઓ તથા સામગ્રીનો ઉપયોગ કરે તે માટે સક્ષમ હોવા જોઈએ.

ભારતમાં શિક્ષણ નીતિમાં વિકલાંગતા ધરાવતાં બાળકો અને પુખ્ત વયનાઓ ઉપર ધ્યાન આપવામાં આવ્યું છે. ઉપરાંત, સમાવેશી શિક્ષણ એ શિક્ષણ નીતિનો અગત્યનો ઉદ્દેશ રહ્યો છે. તેમ છતાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટે શૈક્ષણિક ક્ષેત્રમાં પરિણામો ખૂબ જ નબળાં રહ્યાં છે. દા.ત. 2007માં વિશ્વ બેંક એમ નોંધે છે કે ભારતનાં તમામ રાજ્યોમાં શાળાની બહાર રહી જતાં બાળકોમાં વિકલાંગ બાળકોનું પ્રમાણ ખૂબ જ વધારે છે.

શિક્ષણનો ઇન્કાર એટલે રોજગારી માટેનાં પાયાનાં કૌશલ્યોનો ઇન્કાર. એ નોંધવું અગત્યનું છે કે મોટા ભાગના લોકોના જીવનમાં કામ મહત્ત્વની ભૂમિકા ધરાવે છે. તેથી તેના વળતરરૂપે પ્રાપ્ત થતી બાબત નાણાકીય પાસા કરતાં પણ મહત્ત્વની હોય છે. રોજગારીથી માત્ર નાણાકીય વળતર મળે છે એવું નથી પરંતુ બીજા અનેક લાભો પણ મળે છે. જેમ કે, સામાજિક ઓળખ, સમાજિક દરજ્જો, સામાજિક સંપર્કો અને ટેકો, વ્યસ્ત રહેવાનું સાધન, પ્રવૃત્તિ, સામેલગીરી અને વ્યક્તિગત સિદ્ધિની ભાવના વગેરે. સંયુક્ત રાષ્ટ્રોના આ ઠરાવની કલમ-27 વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અન્ય લોકો સાથેના સમાન ધોરણે રોજગારીના અધિકારને સમર્થન આપે છે. આ કલમમાં એમ જણાવાયું છે કે ઠરાવ ઉપર સહી કરનારા દેશોએ ન્યાયી અને વાજબી પરિસ્થિતિ હેઠળ ખુલ્લા અને સમાવેશી શ્રમ બજારમાં મુક્ત રીતે પસંદ કરવામાં આવેલા કે સ્વીકારવામાં આવેલા કામને પ્રાપ્ત કરવાના વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના સમાન અધિકારને સ્વીકારવાનો છે. કલમ-27(1)માં સહી કરનારા દેશોએ કામના અધિકારને અમલમાં મૂકવા માટે કેવાં પગલાં ભરવાનાં છે તેની વિગતો આપવામાં આવી છે. ઠરાવની કલમ-27(1)(એ) એમ જણાવે છે કે રોજગારીનાં તમામ ક્ષેત્રો અને સ્તરોએ વિકલાંગતાને કારણે કોઈ પણ જાતનો ભેદભાવ પ્રવર્તમાન હોવો જોઈએ નહીં. ઉપરાંત, તેમાં એમ પણ જણાવાયું છે કે ભરતી, રોજગારીનું સાતત્ય, હંગામી રોજગારી, કારકિર્દીનો વિકાસ અને વ્યવસાયજન્ય આરોગ્ય તથા સુરક્ષા ક્ષેત્રે પણ કોઈ ભેદભાવ વિકલાંગતા ધરાવતી વ્યક્તિ માટે રખાવો જોઈએ નહીં.

કલમ-27(1)(1)માં જણાવવામાં આવ્યું છે તે મુજબ કામના સ્થળે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને યોગ્ય સગવડો પૂરી પડાવી જોઈએ. કામના સ્થળે તેમને સતામણી સામે રક્ષણ મળવું જોઈએ. તે ઉપરાંત, કામ સંબંધી ફરિયાદોના નિવારણ માટે અસરકારક ઉપાયો હોવા જોઈએ.

વધુમાં, ઠરાવ ઉપર સહી કરનારા દેશોએ એ બાબત ઉપર ધ્યાન આપવાનું છે કે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને રોજગારી સાથે સંબંધિત એવી ટેકારૂપ સેવાઓ સર્વગ્રાહી રીતે પ્રાપ્ત થાય. જેમ કે નોકરી મેળવવા અંગેની સેવાઓ, નોકરી જાળવી રાખવા સાથે સંબંધિત સેવાઓ, વ્યાવસાયિક પુનર્વસન, શિક્ષણ અને તાલીમ એટલે કે ટેક્નિકલ તાલીમ અને વ્યાવસાયિક તાલીમ, માર્ગદર્શન કાર્યક્રમ વગેરે.

આ ઠરાવની કલમ(24)(1)માં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓની સ્વરોજગારી, સાહસિકતા અને વ્યક્તિગત ધંધાકીય તકોને પ્રોત્સાહન આપવાની જોગવાઈ કરવામાં આવી છે. તેમાં વિધાયક કાર્યલક્ષી કાર્યક્રમો અથવા પ્રોત્સાહનોનો પણ સમાવેશ થાય છે કે જેથી ખાનગી ક્ષેત્રના માલિકોને વિકલાંગ વ્યક્તિઓને રોજગારીએ રાખવામાં પ્રોત્સાહન પ્રાપ્ત થાય. છેલ્લે કલમ-27(2)માં જણાવવામાં આવ્યું છે કે ઠરાવ ઉપર સહી કરનારા દેશોએ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને ગુલામી, ફરજિયાત શ્રમ, વેઠ મજૂરી અથવા તાબેદારીથી અસરકારક રીતે રક્ષણ આપવા કાર્ય કરવું જોઈએ.

ભારતમાં વિકલાંગતા ધરાવતી બહુમતી વ્યક્તિઓ ઉત્પાદક કાર્ય કરવા માટે સક્ષમ છે. તેમ છતાં તેમનામાં રોજગારીનું પ્રમાણ અન્ય વ્યક્તિઓની સરેરાશ કરતાં ઓછું છે. 2007ના વિશ્વ બેંકના અહેવાલમાં જણાવાયા મુજબ આ ખાઈ છેલ્લાં 15 વર્ષ દરમ્યાન વધી રહી છે. પરિણામે, વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ ઘણી વાર શક્તિહીન રહે છે અને ગરીબીના વિષચક્રને તોડી શકતી નથી. તેથી તેઓ છેવાડે જ રહી જાય છે.

# અભ્યાસના હેતુઓ

આ કાર્યલક્ષી સંશોધનમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના સમાવેશ માટે જે પ્રયોગો વ્યવહારમાં થઈ રહ્યા છે તે અને તેના વિચારોને સમજવા માટે નીચેથી ઉપરનો અભિગમ અપનાવવામાં આવ્યો છે. આ પ્રયોગો અન્યત્ર સ્વીકારાય અને અમલમાં મૂકાય તે માટે તથા સંયુક્ત રાષ્ટ્રોના વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અધિકાર અંગેના ઠરાવના અમલ માટે નક્કર ભલામણો કરવાનો આ અભ્યાસનો હેતુ છે. આ કાર્યલક્ષી સંશોધનના નિશ્ચિત હેતુઓ નીચે મુજબના છે:

1) સંયુક્ત રાષ્ટ્રોના વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અધિકાર અંગેના ઠરાવના હેતુઓ, સિદ્ધાંતો અને સંબંધિત જોગવાઈઓના સંદર્ભમાં વિકલાંગતા સાથે સંલગ્ન કાર્યક્રમોનાં સ્વરૂપ, વિગતો અને પરિણામોને તપાસવાં.

2) વર્તમાનમાં ચાલુ કાર્યક્રમોમાં સંયુક્ત રાષ્ટ્રોના વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અધિકાર અંગેના ઠરાવનું સંકલન થાય તે માટેનાં પ્રયોગો અને સંસાધનોને ઓળખવાં.

3) સંવાદ અને પ્રચાર-પ્રસાર દ્વારા લોક શિક્ષણ કરીને વ્યાપક રસ ઊભો કરવો. લોક શિક્ષણમાં વિશિષ્ટ હિત જૂથો, વિકલાંગ વ્યક્તિઓનાં સંગઠનો, વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ સાથે સીધી કે આડકતરી રીતે કામ કરતાં બિન-સરકારી સંગઠનો, વકીલો, વંચિતતાનો અભ્યાસ કરવામાં રસ ધરાવતી શૈક્ષણિક સંસ્થાઓ વગેરેને શિક્ષણ આપવાનો સમાવેશ થાય છે. સંયુક્ત રાષ્ટ્રોના ઠરાવનાં સિદ્ધાંતો અને જોગવાઈઓ સ્વીકારવા માટે રાજ્યની સંસ્થાઓ, દાતાઓ અને ખાનગી કંપનીઓ તૈયાર થાય તે માટે રસ ધરાવતાં સંગઠનો અને વ્યક્તિઓ તેમને સમજાવે તેવા પ્રયત્નો કરવા.

# સંશોધનનો અભિગમ

## સંશોધનની દાર્શનિક ભૂમિકા

વિકલાંગતા વિશે જે અભ્યાસો અત્યારે થઈ રહ્યા છે તેમાં એક મહત્ત્વનો ચર્ચાનો મુદ્દો સંશોધન વિકલાંગતાને માળખાગત-સામાજિક પ્રશ્ન તરીકે કેવી રીતે અવગણે છે એ રહ્યો છે. વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ જે સામાજિક દમન અને અલગાવનો અનુભવ કરે છે તેને તેમણે અવગણ્યાં છે. તાજેતરનાં વર્ષોમાં વિકલાંગતા ધરાવતા લોકો, તેમના હિમાયતીઓ અને વિકલાંગતા વિશેના સિદ્ધાંતકારો દ્વારા વિકલાંગતાના પ્રશ્નો સંશોધનમાં ઉત્થાનલક્ષી અભિગમ અપનાવવાની જરૂરિયાત ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. બ્રિટનમાં ઈ.સ. 2000માં કિટચિન દ્વારા કરાયેલા એક અભ્યાસમાં એમ જણાવવામાં આવ્યું હતું કે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓએ એમ કહ્યું કે તેમને સમાવેશી અને કાર્યલક્ષી સંશોધન પદ્ધતિઓની જરૂર છે કે જેથી તેઓ સંશોધનના માત્ર કર્તા ન બને પણ પરામર્શક અને ભાગીદાર પણ બને અને તેઓ તેમાં એ રીતે સામેલ થાય. કિટચિનના અભ્યાસમાં મોટા ભાગની વિકલાંગ વ્યક્તિઓએ એમ કહ્યું કે વ્યવહારમાં બદલાતા જતા સામાજિક સંબંધોને લીધે મોટા ભાગનું સંશોધન બિન-અસરકારક લાગે છે અને તે શૈક્ષણિક જગતમાં જ પડી રહે છે તથા વાસ્તવિક જગતમાં તેનું રૂપાંતર થતું નથી તેથી ઉત્થાનકારી સંશોધન ઉપરથી નીચેના અભિગમવાળા સંશોધન કરતાં જુદું જ હોય છે, કારણ કે ઉપરથી નીચેના અભિગમમાં પ્રતિભાવકોને અભ્યાસની એક નિષ્ક્રિય વસ્તુ ગણવામાં આવે છે.

ઉપરાંત, ઉત્થાનલક્ષી સંશોધનમાં વિકલાંગતાનું એવું સામાજિક મોડેલ સ્વીકારવામાં આવે છે કે જેમાં વિકલાંગતાને શારીરિક ખામીઓ ધરાવતી વ્યક્તિઓની થતી સામાજિક બાદબાકી તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે. તેથી શારીરિક વિકલાંગતાઓને શરીરમાંથી ઊભી થતી અક્ષમતા તરીકે જોવામાં આવતી નથી પરંતુ સમાજની ક્ષતિ તરીકે જોવામાં આવે છે. સામાજિક મોડેલમાં વિકલાંગતાની સમસ્યાનો ઇન્કાર કરવામાં આવતો નથી પરંતુ તેને સમાજમાં સ્થિત સમજવામાં આવે છે. તેથી સમસ્યાનું કારણ

કોઈક શારીરિક સ્વરૂપની વ્યક્તિગત મર્યાદાઓ નથી પરંતુ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને યોગ્ય સેવાઓ પૂરી પાડવામાં રહેલી સમાજની નિષ્ફળતા છે. ઉપરાંત, સામાજિક સંગઠનમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓની જરૂરિયાતોને સંપૂર્ણપણે ધ્યાનમાં લેવામાં રહેલી સમાજની નિષ્ફળતા પણ તેનું કારણ છે. તેથી સંશોધનનો હેતુ કોઈક ક્ષતિ કે ખામીના દૃષ્ટિકોણ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાનો નહીં પણ ક્ષમતા ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાનો હોવો જોઈએ. એટલે કે તેમાં પોતાની જિંદગીમાં વિકલાંગતા હોવા છતાં એ લોકો પોતે પોતાના માટે શું કરી શકે છે તેના ઉપર ધ્યાન કેન્દ્રિત કરવું જોઇએ. અગાઉ કહેવામાં આવ્યું છે તે મુજબ સંયુક્ત રાષ્ટ્રોના વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અધિકાર અંગેના ઠરાવમાં વિકલાંગતાનું સામાજિક મોડેલ કેન્દ્રસ્થાને છે. તેથી આ સંશોધન પ્રોજેક્ટ પાછળની દાર્શનિક ભૂમિકામાં વિકલાંગતાનું સામાજિક મોડેલ પડેલું છે અને ઉત્થાનલક્ષી સંશોધન આ સામાજિક મોડેલમાં કેન્દ્રસ્થાને છે.

ઉત્થાનલક્ષી સંશોધનના પુરસ્કર્તાઓ એમ ભારપૂર્વક જણાવે છે કે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અનુભવો, નિષ્ણાત જ્ઞાન અને મહત્ત્વાકાંક્ષાઓથી સંશોધનની શરૂઆત થવી જોઈએ. તેનાથી એક એવું પર્યાવરણ ઊભું થાય કે જેમાં સંશોધકો વિકલાંગ સમાજમાં રહેતી વિકલાંગ વ્યક્તિઓની વાતોનું પ્રતિબિંબ પાડે છે અને તેમના પ્રતિકારને માટે માર્ગ મોકળો કરે છે. તેમાં સંશોધનનું એવું માળખું ઊભું કરવા ઉપર ભાર મૂકવામાં આવે છે કે જેમાં પ્રતિભાવકો અગાઉ હોય તેના કરતાં વધારે મજબૂત બને છે કારણ કે તેમને નવું જ્ઞાન મળે છે તથા તેમની નવી સમજ વિકસે છે અને તેને આધારે તેઓ કાર્ય કરવા શક્તિમાન બને છે. ઉત્થાનલક્ષી સંશોધનમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓનું સ્વ-શક્તિકરણ થાય તે પ્રકારના લાભ થાય તેવી બાબત હોવી જોઈએ. ઉપરાંત, તેમાં અવરોધો દૂર કરવા ઉપર ધ્યાન કેન્દ્રિત થવું જોઈએ. સાથે સાથે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ પોતાના ઉત્થાન માટે લડત આપે તો તેમના પ્રત્યે રાજકીય પ્રતિબદ્ધતા ઊભી થાય એમ પણ બનવું જોઈએ. ઉત્થાનલક્ષી સંશોધનના સિદ્ધાંતોને આધારે આ સંશોધન પ્રોજેક્ટમાં સમાવેશી પ્રયોગો તપાસવા ઉપર જ અટકી જતા નથી, પરંતુ તે કાર્યલક્ષી સંશોધનની વ્યૂહરચનાઓ અપનાવે છે. એટલે કે તે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટે શૈક્ષણિક અવકાશ અને નેટવર્કિંગનો અવકાશ ઊભો કરે છે, તથા તેમના હિમાયતીઓ અને સંગઠનો સંયુક્ત રાષ્ટ્રોના વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અધિકાર અંગેના ઠરાવને વ્યવહારમાં મૂકવા માટે આગળ વધે છે. એ જ રીતે, સમાવેશી પ્રયોગોનું દસ્તાવેજીકરણ તથા સમાવેશ સિદ્ધ કરવા સામેના પડકારોનું દસ્તાવેજીકરણ એવા હેતુથી કરવામાં આવ્યું છે કે નીતિનિર્ધારણમાં તે કામ લાગે તથા અન્યત્ર તેના પ્રયોગો કરવા માટે પણ પ્રોત્સાહન પ્રાપ્ત થાય.

## સંશોધનની ડિઝાઈન

કાર્યલક્ષી સંશોધનમાં પરામર્શ, સંવાદ, સહભાગિતા, માહિતીનું એકત્રીકરણ, અનુભવો અને અભિપ્રાયોનું એકત્રીકરણ વગેરે માટે બહુસ્તરીય, બહુસ્થાનીય અને બહુપદ્ધતિલક્ષી અભિગમ અપનાવવામાં આવ્યો છે. પ્રથમ અને દ્વિતીય હેતુઓ સિદ્ધ કરવા માટે ગુણાત્મક સંશોધનની વ્યૂહરચના અપનાવાઈ છે. ત્રીજો અને ચોથો હેતુ સિદ્ધ કરવા માટે કાર્યલક્ષી સંશોધનની પદ્ધતિ અપનાવવામાં આવી છે. ગુણાત્મક સંશોધન અથવા કોઈક ઘટના વિષેની તપાસમાં અમુક ઘટનાને અમુક સંજોગોના સંદર્ભમાં સમજવામાં આવે છે. ગુણાત્મક સંશોધનની વ્યાખ્યા સ્ટ્રોસ અને કોર્બીન નામના વિદ્વાનોએ આ રીતે આપી છે: એવું કોઈ પણ સંશોધન કે જેમાં આંકડાકીય કાર્યવાહીનાં સાધનો કે જથ્થાત્મક સાધનોનો ઉપયોગ કરીને તારણો ન તારવવામાં આવ્યાં હોય. બીજી તરફ, જથ્થાત્મક સંશોધકો સામાન્ય રીતે કાર્યકારણ સંબંધ શોધે છે, તેને આધારે આગાહી કરે છે અને એ તારણોને આધારે સામાન્યીકરણ કરે છે. તેઓ એવા જ પ્રકારની પરિસ્થિતિ ઊભી થાય તો શું થાય તેની સમજ ઊભી કરવાનો પ્રયત્ન કરે છે. આ સંશોધન અભ્યાસનો હેતુ કાર્યકારણ સમજૂતી આપવાનો નથી અથવા આગાહીઓ કરવાનો નથી પરંતુ સમાવેશી પ્રયોગોને શોધવાનો, ઓળખવાનો અને તેમનું વિશ્લેષણ કરવાનો છે. તેથી ગુણાત્મક અભિગમ વધારે યોગ્ય જણાયો છે.

### ક) માહિતીના એકત્રીકરણની પદ્ધતિ

### કેસ સ્ટડીઝ: પસંદગીનાં નિદર્શનોનાં સ્વરૂપ, વિગતો અને પરિણામોનું નકશાંકન

પ્રથમ તબક્કામાં કેસ સ્ટડીઝ હાથ ધરવામાં આવ્યા. સંગઠિત ખાનગી ક્ષેત્ર, જાહેર પુનર્વસન સંસ્થાઓ અને નાગરિક સમાજનાં સંગઠનો જે સમાવેશી રીતો અપનાવી રહ્યાં છે તે તપાસવાનો, તેમાંથી શીખવાનો, તેનું દસ્તાવેજીકરણ કરવાનો અને તેના પાયા પર ઈમારત ચણવાનો ઉદ્દેશ તેમાં રાખવામાં આવ્યો છે. કેસ સ્ટડીના અભિગમમાં અનેક પ્રકારની ડિઝાઈન અપનાવવામાં આવે એ તેનો વિસ્તરણનો અભિગમ છે. તેમાં કેસ તપાસવામાં આવે છે અને તેનું વર્ણન કરવામાં આવે છે. કેસ સ્ટડીઝમાં કોઈક અમુક કેસ ઉપર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે અથવા અનેક કેસ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે. 1995માં સ્ટેક દ્વારા આપવામાં આવેલી વ્યાખ્યા મુજબ કેસ સ્ટડીમાં કોઈક એક કેસની વિશિષ્ટતા અને જટિલતાનો અભ્યાસ કરવામાં આવે છે અને મહત્ત્વના સંજોગોમાં તેની પ્રવૃત્તિ વિષેની સમજ ઊભી કરવામાં આવે છે. કેસ એટલે કોઈ પણ કાર્યક્રમ, પ્રવૃત્તિ, પ્રક્રિયા અથવા સમય અને પ્રવૃત્તિથી બંધાયેલી વ્યક્તિ. કેસ સ્ટડીઝમાં સંશોધકને ખૂબ માહિતી મળે છે, એ માહિતી અમુક પરિસ્થિતિમાં સાચી હોય છે અને તે વ્યાપક સંદર્ભમાં તેનું અર્થઘટન કરે છે. કેસ સ્ટડીની ડિઝાઈન સામાન્યીકરણ કરવાની શક્યતાઓ વધતી હોવાનો દાવો કરતી નથી. તેમાં તો અમુક પસંદ કરાયેલા

કેસનો અભ્યાસ સઘન રીતે કરવામાં આવે છે કે જેથી સૈદ્ધાંતિક વિશ્લેષણ કરી શકાય. 2003માં યિન નામના એક વિદ્વાને એવું કહ્યું છે કે અનેક કેસ સ્ટડીઝ સાથે થવા જોઈએ, તેમાં વધારે સમય જાય છે ખરો, પણ તેનાં પરિણામો વધારે મજબૂત હોય છે.

**કેસ સ્ટડી કરનારા સંગઠનની પસંદગી**

ગુણાત્મક અને કાર્યલક્ષી સંશોધન કરનારાઓએ સૌ પ્રથમ કેટલા કેસ સ્ટડીઝ હાથ ધરવા છે તે નક્કી કરવાનું હોય છે અને તેમની પસંદગી કરવી પડે છે. જો કે, ગુણાત્મક અને કાર્યલક્ષી સંશોધનમાં નમૂનાના કદ વિશે કોઈ નિશ્ચિત માપદંડ નથી. કેસની પસંદગી કરવી એ એક મોટો પડકાર છે કારણ કે આ અભ્યાસ રાષ્ટ્રીય કક્ષાનો હશે એમ નક્કી કરવામાં આવ્યું હતું. જો કે, સમય અને સંસાધનોની મર્યાદાને ધ્યાનમાં લઈને છેવટે સંશોધન ગુજરાત અને મહારાષ્ટ્ર એમ બે રાજ્યોમાં જ હાથ ધરવામાં આવ્યું કે જેથી સંશોધકો યોગ્ય સમયમાં તે બંનેને આવરી લઈ શકે.

ઉપર દર્શાવેલા અવરોધોને ધ્યાનમાં લઈને છેવટે છ કેસ પસંદ કરવામાં આવ્યા કે જેથી પ્રશ્નો વિષે એકંદરે સ્પષ્ટ સમજ ઊભી થઈ શકે, અને છતાં ઊંડાણપૂર્વક તપાસ પણ થઈ શકે. ભારતમાં આ વિષય વિષેનું સાહિત્ય મર્યાદિત માત્રામાં છે. તેથી કેસ નક્કી કરવા માટે સંગઠનોની વેબસાઈટ, અખબારી અહેવાલો અને બિન-સરકારી સંગઠનો, વિકાસલક્ષી સંગઠનો, પુનર્વસન સંસ્થાઓ અને નોકરીદાતાઓ સાથેના સંશોધકોના સંપર્કો અને ભૂતકાળના અનુભવોને ધ્યાનમાં લેવાયા. વિશ્વ બેંકે 2007માં જણાવ્યું છે તે મુજબ બિન-સરકારી સંગઠનો, વિકાસલક્ષી સંગઠનો અને પુનર્વસન સંસ્થાઓ મોટે ભાગે શહેરી વિસ્તારોમાં છે. આમ તમામ છ સંગઠનો બે રાજ્યોના શહેરી વિસ્તારોમાં છે. તેમ છતાં આ સંશોધનમાં બહુ જ ધ્યાનાકર્ષક સફળ કહાણીઓ જ લેવામાં આવી નથી. દા.ત. એડેપ્ટ અને માઈક્રોસાઈન નામની પારિતોષિક મેળવનારી રીતોનો અભ્યાસ કરવામાં આવ્યો છે, તો બીજી તરફ અંધજન મંડળ અને ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ જેવાં મહત્ત્વનું કાર્ય કરતાં સંગઠનોનો પણ સમાવેશ કરાયો છે. આ રીતે કેસની પસંદગીના આ અભિગમ હેઠળ નીચે જણાવેલાં સંગઠનો પસંદ કરવામાં આવ્યાં:

1) એબલ્ડ ડિસેબલ્ડ ઓલ પીપલ ટુગેધર (એડેપ્ટ), મુંબઈની પસંદગી શિક્ષણમાં તેણે કરેલા પ્રયોગોને આધારે કરવામાં આવી છે. અગાઉ આ સંસ્થા સ્પાસ્ટિક્સ સોસાયટી ઓફ ઈન્ડિયા તરીકે જાણીતી હતી.
2) શિક્ષણ ક્ષેત્રે સમાવેશી પ્રયોગો માટે અંધજન મંડળની પસંદગી કરવામાં આવી.
3) કામ અને રોજગારીના ક્ષેત્રે સમાવેશી પ્રયોગો માટે ગુજરાતમાં ભાવનગર ખાતે આવેલી માઈક્રોસાઈન પ્રા. લિ. નામની ખાનગી કંપનીની પસંદગી કરવામાં આવી.

4) કામ અને રોજગારીના ક્ષેત્રે સમાવેશી પ્રયોગો માટે મહારાષ્ટ્રમાં મુંબઈ ખાતે આવેલી ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિ. નામની જાહેર ક્ષેત્રની કંપનીની પસંદગી કરવામાં આવી.
5) કામ અને રોજગારીના ક્ષેત્રે સમાવેશી પ્રયોગો માટે ગુજરાતમાં અમદાવાદ ખાતેના અંધજન મંડળના શ્રી રંગ અવધૂત એમ્પ્લોયમેન્ટ એન્ડ પ્લેસમેન્ટ સેલની પસંદગી કરવામાં આવી.
6) કામ અને રોજગારીના ક્ષેત્રે સમાવેશી પ્રયોગો માટે મહારાષ્ટ્રમાં મુંબઈ ખાતેના એડેપ્ટ દ્વારા ચલાવવામાં આવતા નેશનલ જોબ ડેવલપમેન્ટ સેન્ટર અને 'નારીકા શક્તિ'ની પસંદગી કરવામાં આવી.

આમ, બે સંગઠનોના શિક્ષણ ક્ષેત્રના કાર્યક્રમો અને પ્રયોગો (એક ગુજરાતમાંથી અને એક મહારાષ્ટ્રમાંથી) તથા રોજગારી ક્ષેત્રે કામ કરતાં ચાર સંગઠનો (બે ગુજરાતમાંથી અને બે મહારાષ્ટ્રમાંથી)ની પસંદગી કરવામાં આવી. તેમાં ખાનગી અને જાહેર ક્ષેત્રનાં સંગઠનોની પસંદગી કરાઈ. સંયુક્ત રાષ્ટ્રોનો વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અધિકાર અંગેનો ઠરાવ થાય તે અગાઉ આ કાર્યક્રમો અને પ્રયોગો થતા રહ્યા હતા. તેથી તેના અનુભવોમાંથી ખૂબ મહત્ત્વના પદાર્થપાઠ શીખવા મળે છે અને ભવિષ્યના પડકારો કયા છે તે જાણવા મળે છે. સમાવેશી પ્રયોગોની પસંદગી વેળા સંયુક્ત રાષ્ટ્રોના વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અધિકાર અંગેના ઠરાવના માર્ગદર્શક સિદ્ધાંતો ધ્યાનમાં રાખવામાં આવ્યા હતા.

આ કેસ સ્ટડીઝથી નીચેની બાબતો પાર પડે છે અને તેણે પ્રયોગો અને અભિગમો વિશે નીચે જણાવેલી માહિતી ઊભી કરી છે:
1) સંયુક્ત રાષ્ટ્રોના વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અધિકાર અંગેના ઠરાવ અનુસાર થતા સમાવેશી પ્રયોગોનું દસ્તાવેજીકરણ કરવું કે જેથી વિકલાંગ લોકોનાં સંગઠનો અને વિકાસલક્ષી કાર્યકરોને તાલીમ આપી શકાય અને વ્યાપક સ્વરૂપે શિક્ષણ થઈ શકે.
2) સંયુક્ત રાષ્ટ્રોના વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અધિકાર અંગેના ઠરાવના હેતુઓ, સિદ્ધાંતો અને જોગવાઈઓ વ્યવહારમાં ઉતારવા માટે વ્યાપક સ્તરે અપનાવાય અને અમલ થાય તે માટે ભલામણો કરવી.
3) જાહેર અને ખાનગી ક્ષેત્રમાં ચાલતા વર્તમાન પ્રયોગો અંગે અર્થપૂર્ણ ટીકાત્મક ચર્ચા ઊભી કરવી કે જેથી સંયુક્ત રાષ્ટ્રોના વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અધિકાર અંગેના ઠરાવના અભિગમો અને તે અનુસારના પ્રયોગોને અપનાવવા માટે પ્રોત્સાહન પ્રાપ્ત થાય.

4) સંયુક્ત રાષ્ટ્રોના વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અધિકાર અંગેના ઠરાવના હેતુઓ અને જોગવાઈઓ વિષે વધારે સભાનતા ઊભી થાય તે માટે તથા સંવાદ આરંભવા માટે કાર્યલક્ષી મુલાકાતોનો ઉપયોગ કરવામાં આવ્યો.

ગુણાત્મક માહિતી ભેગી કરવા માટે જે પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવ્યો તે નીચે મુજબ છે:

1) સઘન મુલાકાતો, જૂથ ચર્ચાઓ તથા વહીવટી તંત્ર, સંચાલકીય સ્ટાફ, શિક્ષકો, વિકલાંગોના સંગઠનોના કર્મચારીઓ અને વિકલાંગતા ધરાવતાં બાળકોનાં મા-બાપો સાથે અનૌપચારિક વાતચીત દ્વારા પ્રાથમિક માહિતી ભેગી કરવી.
2) નાગરિક સમાજનાં સંગઠનોનાં વાર્ષિક અહેવાલો, પરિપત્રો અને પ્રાપ્ય પ્રકાશનો સહિતની દ્વૈતિક માહિતી ભેગી કરવી.
3) ખરેખરી પ્રવૃત્તિઓનું વર્ણન કરવા માટે અને આપવામાં આવતા સંદેશાઓ સમજવા માટે સંશોધકો દ્વારા ખુલ્લી આંખે અવલોકનો કરવામાં આવ્યાં. કાર્યક્રમોની કામગીરી અને પ્રવૃત્તિઓનું સીધું અવલોકન કરવામાં આવ્યું, જ્યારે સહભાગીઓ અને કર્મચારીઓની નજરમાંથી જે બાબતો છટકી જાય તેમનું પણ અવલોકન સંશોધકો દ્વારા કરવામાં આવ્યું. સંસ્થાઓના સહભાગીઓ અથવા કર્મચારીઓ જે બાબતોની ચર્ચા કરવા તૈયાર ન હોય તે બાબતો વિશે પણ અવલોકનો દ્વારા માહિતી ભેગી કરવામાં આવી. મુલાકાતો, જૂથ ચર્ચાઓ, અનૌપચારિક વાતચીતો અને અવલોકનો તથા દ્વૈતિક સ્રોતોમાંથી જે ગુણાત્મક માહિતી ભેગી કરવામાં આવી તેનું વિશ્લેષણ કરવામાં આવ્યું. મુખ્ય વિષયને આધારે વિવિધ શ્રેણીઓ અને તરાહોને આધારે વિશ્લેષણ કરવામાં આવ્યું.

**માહિતીની ખરાઈ**

માહિતી ભેગી કરવાનું શરૂ કરતાં પહેલાં સંશોધકો અનેક વાર મળ્યા અને તેમણે કાર્યલક્ષી સંશોધનના હેતુઓ તથા ઉદ્દેશો વિષે માંહોમાંહે ચર્ચા-વિચારણા કરી. તેમણે કેસ સ્ટડીની પસંદગી, સંગઠનની પસંદગી, માહિતી એકત્ર કરવાની વિવિધ કાર્યવાહીનો ઉપયોગ વગેરે વિષે પણ ચર્ચાઓ કરી. દરેક કેસ સ્ટડી માટેના સંગઠન પાસેથી માહિતી એકત્ર કરવા માટે બે સંશોધકો કામે લાગ્યા હતા. મુલાકાતો દરમ્યાન અને જૂથ ચર્ચાઓ દરમ્યાન સંશોધકોએ નોંધો કરી કે જેથી કોઈ માહિતી બાકી રહી ન જાય. આ સંશોધનમાં માહિતીની ખરાઈ કરવા માટે સામસામી તપાસ કરવામાં આવી હતી. સામસામી તપાસનો અર્થ એ છે કે વિવિધ સ્રોતોમાંથી જે માહિતી પ્રાપ્ત થાય છે તે માહિતીને પરસ્પર સરખાવીને તારણો કાઢવાં. કોઈ સમસ્યા અથવા કોઈક ઘટનાને તપાસવા માટે જ્યારે વિવિધ રસ્તાઓ અપનાવવામાં આવે ત્યારે તેમાંથી મળતી માહિતીને સામસામે ચકાસવામાં આવે છે અને એ રીતે તારણોની ખરાઈને મજબૂત

કરવામાં આવે છે. આ સંશોધનમાં અનેક પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવ્યો છે અને અનેક સ્રોતોમાંથી માહિતી મેળવવામાં આવી છે તેથી આ પદ્ધતિ આ સંશોધનમાં સ્વાભાવિક રીતે જ સામેલ થયેલી છે. છેલ્લે સંશોધકોનાં પોતાનાં નિષ્ઠા, સચ્ચાઈ અને વિશ્વસનીયતા સંશોધન માટે સૌથી વધારે મહત્ત્વનાં હોય છે. સંશોધકોએ આ કાર્ય-આધારિત પ્રોજેક્ટને શૈક્ષણિક અવકાશ ઊભો કરનારો અને પદાર્થપાઠ શીખવા માટેના સાધનરૂપ ગણ્યો છે તેથી તમામ પુરાવાઓને સંપૂર્ણ રીતે અને ન્યાયીપણે જોવાના તમામ પ્રયાસો કરવામાં આવ્યા છે.

ગુપ્તતા જાળવવા માટે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓનાં સાચાં નામોનો ઉપયોગ આ સંશોધનમાં કે આ સંશોધનમાંથી ઊભા થતા કોઈ પણ દસ્તાવેજ કે રજૂઆતમાં કરવામાં આવ્યો નથી. વિકલાંગતા ધરાવતી કોઈ વ્યક્તિનો જ્યાં પણ સંદર્ભ ટાંકવામાં આવ્યો છે ત્યાં ભળતાં નામોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

**ખ) પગલાં**

**ભારતમાં સંયુક્ત રાષ્ટ્રોના વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અધિકાર અંગેના ઠરાવ અનુસાર કાર્યસિદ્ધિ વિષે પરામર્શ સભા: પડકારો અને ઊભા થતા નિર્દેશો**

અમદાવાદમાં જુલાઈ-2001માં ઉન્નતિ દ્વારા આ પરામર્શ સભાનું આયોજન કરવામાં આવશે. આ સભામાં જેમને કેસ સ્ટડીઝ હેઠળ આવરી લેવાયા છે તે સંગઠનોને નિમંત્રવામાં આવશે. ઉપરાંત, તેમાં વિકલાંગ વ્યક્તિઓનાં સંગઠનો, વિકલાંગતા ક્ષેત્રે કામ કરતા કર્મશીલો, વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ, દાતાઓ, રસ ધરાવતાં વિકાસલક્ષી સંગઠનો, વકીલો અને કાનૂની કર્મશીલો, સંશોધકો અને વિદ્વાનો, પુનર્વસન સંસ્થાઓના પ્રતિનિધિઓ, કંપનીઓ, શાળાઓ અને કોલેજો જેવી શૈક્ષણિક સંસ્થાઓ, સરકારી સંગઠનો અને સરકારના વિભાગો તથા મંત્રાલયો વગેરેને પણ તેમાં નિમંત્રવામાં આવશે. આ પરામર્શ સભામાં વિકલાંગ વ્યક્તિઓના સમાવેશને પ્રોત્સાહન આપતા વર્તમાન કાર્યક્રમો અને પ્રયોગો અંગે રજૂઆત કરવામાં આવશે અને તેના વિશે ચર્ચા-વિચારણા કરવામાં આવશે. આ પરામર્શ સભામાં સૌને પોતાની બાબતો વ્યક્ત કરવાનો મંચ પૂરો પાડવામાં આવશે. આ પરામર્શ સભાના હેતુઓ નીચે મુજબના છે:

1) કેસ સ્ટડીઝનાં તારણો વિષે રજૂઆત કરવી આને મંતવ્યોની આપ-લે કરવી. જે કાર્યક્રમો અને પ્રયોગો વિકલાંગ વ્યક્તિઓના સમાવેશને પ્રોત્સાહન આપતાં હોય તેમને વ્યાપક સ્તરે અપનાવવામાં આવે તે માટે પ્રોત્સાહન આપવું.
2) વિકાસના વર્તમાન માળખામાં સમાવેશ થતો હોય તેવા વર્તમાન પ્રયોગોનું મૂલ્યાંકન કરવા માટે ટીકાત્મક અભિગમ અપનાવવો અને પરસ્પર પદાર્થપાઠ લેવા. ખાસ કરીને વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટેના કાર્યક્રમો ઉપર તેમાં ધ્યાન કેન્દ્રિત કરવું.

3) વિકલાંગતા ક્ષેત્રે કામ કરતા કર્મશીલો, સંશોધકો, દાતાઓ, સરકારી અધિકારીઓ વગેરેમાં અને તેમની વચ્ચે સંવાદ ઊભો કરવો.
4) ભવિષ્યનાં પગલાં માટે નકશો તૈયાર કરવો કે જેથી સંયુક્ત રાષ્ટ્રોના વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અધિકાર અંગેના ઠરાવનું સંપૂર્ણ શબ્દશઃ અને ભાવના સાથે પાલન થાય અને વિવિધ પરિસ્થિતિમાં વિવિધ રીતે એ માટે પગલાં લેવાય.
5) વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓનાં સંગઠનો, માનવ અધિકાર ક્ષેત્રના કર્મશીલો, વિકલાંગતા ક્ષેત્રે કામ કરનારાં વિકાસલક્ષી સંગઠનો વચ્ચે સંવાદ ઊભો થાય અને શિક્ષણ પ્રાપ્ત થાય.

સંયુક્ત રાષ્ટ્રોના વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અધિકાર અંગેના ઠરાવ વિષે વધારે સારી સમજ ઊભી થશે અને તે મુજબ કાયદાઓ ઘડાશે અને જોગવાઈઓ બદલાશે, અધિકાર-આધારિત અભિગમ અને વિકલાંગતાના સામાજિક મોડેલ અનુસાર જૂના કાયદાઓ રદ પણ થશે અથવા તેમાં સુધારા પણ કરવામાં આવશે.

**વિવિધ લોકોનું નેટવર્ક ઊભું કરવું**

એવી આશા છે કે આ પરામર્શ સભામાં સંયુક્ત રાષ્ટ્રોના વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અધિકાર અંગેના ઠરાવની બાબતો સિદ્ધ કરવા માટે કોઈક કાર્યલક્ષી નેટવર્ક ઊભું કરવામાં આવશે કે જેથી અનુભવોની આપ-લે, પારસ્પરિક સંવાદ અને વ્યાપક વિનિમય ચાલુ રહી શકે. આ ઉપરાંત, આ પ્રોજેક્ટમાં વકીલો, રસ ધરાવતા કાનૂની કર્મશીલો, અન્ય વિકાસલક્ષી સંગઠનોના રસ ધરાવતા પ્રતિનિધિઓ, દાતાઓ, વિકાસલક્ષી સંગઠનો, સરકારી સંગઠનો, બિન-સરકારી સંગઠનો વગેરે વચ્ચે વ્યાપક નેટવર્ક ઊભું થાય એ પણ ઈરાદો છે.

**પ્રચાર-પ્રસાર**

ક) આ કાર્યલક્ષી સંશોધનનો અહેવાલ એ રીતે સંશોધનનાં તારણોની રજૂઆત કરવાનો એક રસ્તો છે. તેમાં કેસ સ્ટડીઝનાં તારણો આપવામાં આવ્યાં છે. તેમના સમાવેશી પ્રયોગોનું તેમાં સંકલન કરવામાં આવ્યું છે. તે અમુક ભલામણો રજૂ કરે છે કે જેને આધારે વિશેષ ચર્ચા ભવિષ્યમાં થઈ શકે. આ અહેવાલ આ પરામર્શ સભાના સહભાગીઓ, દાતાઓ, વિકલાંગ લોકોનાં સગઠનો, સરકારી સંગઠનો અને બિન-સરકારી સંગઠનોને આપવામાં આવશે કે જેથી વ્યાપક સંવાદ ઊભો થાય અને શૈક્ષણિક હેતુ પાર પડે. આ દસ્તાવેજ એવી રીતે તૈયાર કરવામાં આવ્યો છે કે જેથી વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને પણ આસાનીથી માહિતી પ્રાપ્ત થાય અને વ્યાપકપણે તેનો ઉપયોગ થઈ શકે.

ખ) આ પરામર્શ સભામાં ભવિષ્યનાં પગલાં અંગે નકશો ત્યારે કરવામાં આવશે કે જેથી સંયુક્ત રાષ્ટ્રોના વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અધિકાર અંગેના ઠરાવના હેતુ અને સિદ્ધાંતો અંગે આગળ કાર્ય થઈ શકે. આ પરામર્શ સભાની કાર્યવાહીની નોંધ આ અહેવાલના ભાગ તરીકે પણ જોડવામાં આવશે. તે સહભાગીઓને પણ મોકલવામાં આવશે અને અન્ય લોકોને પણ મોકલવામાં આવશે કે જેથી વધારે વ્યાપક ચર્ચા થઈ શકે.

ગ) સામયિકોમાં લેખો પ્રકાશિત કરીને નાગરિક સમાજ, નીતિ નિર્ધારકો, સંશોધકો અને વિદ્વાનો સુધી પણ આ અહેવાલ મોકલવામાં આવશે. તેનાથી તેને વ્યાપક વાચકગણ પ્રાપ્ત થશે અને આ વિષય વિશે વ્યાપક ચર્ચા ઊભી થઈ શકશે.

અમને આશા છે કે આ કાર્યલક્ષી સંશોધન અહેવાલથી માત્ર વ્યાપક સંવાદ જ ઊભો નહીં થાય પણ ભવિષ્યના સંશોધન માટેનાં ક્ષેત્રો પણ ઓળખી શકાશે. વિકલાંગતા વિષે સ્પષ્ટ, સર્વગ્રાહી અને બહુક્ષેત્રીય સંશોધન કરવાની ખાસ જરૂર છે. ભવિષ્યમાં થનારું સંશોધન ઉત્થાનલક્ષી સંશોધનના સિદ્ધાંતો અને દર્શન ઉપર આધરિત હોય એ ખૂબ જ મહત્ત્વનું છે કે જેથી વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ સંશોધનમાં માત્ર વસ્તુ ન બને પરંતુ સક્રિય સહભાગી બને અને પોતાના જીવનને બદલવા માટેની ક્ષમતા ઊભી કરે.

# કેસ સ્ટડીઝ
# શિક્ષણ

## એડેપ્ટ (એબલ્ડ ડિસેબલ્ડ ઓલ પીપલ ટુગેધર), મુંબઈ

એડેપ્ટ સંસ્થા સ્પસ્ટિક્સ સોસાયટી ઓફ ઈન્ડિયા તરીકે અગાઉ જાણીતી હતી. તેની સ્થાપના મુંબઈમાં કોલાબા ખાતે 1972માં ડો. મિઠુ અલૂર દ્વારા કરવામાં આવી હતી. ભારતમાં સેરિબ્રલ પાલ્સી રોગ ધરાવનારાં બાળકો માટેની એ સૌ પ્રથમ ખાસ શાળા હતી. એક જ સ્થળે સારવાર અને શિક્ષણ બંને મળે એવી વ્યવસ્થા ડો. અલૂર દ્વારા એ સમયે કરવામાં આવી હતી કે જ્યારે વિકાસલક્ષી વિકલાંગતાઓ વિષે લોકો ખૂબ ઓછું જાણતા હતા. જેમ જેમ વર્ષો વીતતાં ગયાં તેમ તેમ સંસ્થાનો વિકાસ થતો ગયો અને વિવિધ દિશાઓમાં તેની શાખાઓ ખૂલતી ગઈ. પરિણામે શિક્ષકો અને ચિકિત્સજ્ઞોની જરૂરિયાત પણ વધતી ગઈ. વ્યાવસાયિક તાલીમ અને ક્ષમતા નિર્માણના કાર્યક્રમો શરૂ થયાં. તેમાં મુંબઈ સિવાયના વિસ્તારોના લોકો તાલીમમાં ભાગ લે તે માટે ઓછામાં ઓછા 50 ટકા તાલીમાર્થીઓ બહારના હોય એ બાબત ઉપર ખાસ ભાર મૂકવામાં આવ્યો. એક દાયકામાં તો કોલકાતા અને દિલ્હીમાં એડેપ્ટના મોડેલ ઉપર આધારિત એવાં સેવા કેન્દ્રો શરૂ થયાં. પછી સંસ્થાએ બેંગલોર અને ચેન્નઈ ખાતે પોતાની શાખાઓ ખોલી. આજે એ બંને સ્વતંત્ર રીતે કામ કરે છે.

ડો. અલૂરના સંશોધનમાં દેશમાં પ્રવર્તમાન ખામી છતી થઈ ગઈ. સરકારની શિક્ષણની યોજનામાં તમામ બાળકોને સમાવવા માટે કોઈ મજબૂત સર્વગ્રાહી સમાવેશી નીતિ નહોતી તે તેમાંથી બહાર આવ્યું. વિકલાંગતા ધરાવતાં બાળકોની જરૂરિયાતો બિન-સરકારી સંગઠનો પૂરી પાડે એવા અભિગમ ઉપર વિશેષ આધાર રાખવામાં આવતો હતો. સરકારી સેવાઓ લગભગ 90 ટકા વિકલાંગ બાળકોને પ્રાપ્ત થતી નહોતી. તેનું કારણ એ હતું કે માળખાગત ખામીઓ હતી અને યોગ્ય નાણાકીય ફાળવણીનો અભાવ હતો. ભવિષ્યની પેઢીઓ ઉપર આ ખામીની શી અસરો થશે તેના વિશે ચિંતિત થઈને એડેપ્ટ દ્વારા તમામ બાળકોને આવરી લેવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું કે જેથી સરકારી શૈક્ષણિક સેવાઓ તમામ બાળકોને પ્રાપ્ત થાય.

એડેપ્ટના કાર્યક્રમો અને પ્રયાસો વિકલાંગતા વિષેના ખ્યાલમાં ધરમૂળથી પરિવર્તન લાવે છે. તેમાં વિશેષ શિક્ષણને બદલે સમાવેશી શિક્ષણ ઉપર ભાર મૂકાયો છે, સેવા ઉપર આધારિત મોડેલને બદલે પદ્ધતિસરના મોડેલ ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. તેમાં દેશમાં વર્તમાન પ્રાથમિક શિક્ષણ વ્યવસ્થામાં સુધારો થાય એમ વિચારવામાં આવ્યું છે. જેમને શીખવામાં તકલીફ પડે એવાં બાળકો માટેના પ્રયાસોને મુખ્ય પ્રવાહમાં લઈ આવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

યુનિસેફ અને આ સંસ્થાના નેજા હેઠળ મે-2001માં બે વર્ષનું કાર્યલક્ષી સંશોધન 'સમાવેશી શિક્ષણમાં વહેલી દરમ્યાનગીરી' નામે શરૂ થયું હતું. કેનેડિયન ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ એજન્સી દ્વારા તેને ટેકો આપવામાં આવ્યો હતો. એડેપ્ટનાં અધ્યક્ષા અને નેશનલ રિસોર્સ સેન્ટર ફોર ઈન્ક્લુઝનનાં આચાર્યા ડો. મિઠ્ઠુ અલૂર અને કેનેડાની યોર્ક યુનિવર્સિટીના ડો. માર્શિયા રાયોક્સ દ્વારા આ સંશોધન પરિયોજના હાથ ધરવામાં આવી હતી. આ અભ્યાસનો હેતુ વિકલાંગતા ધરાવતાં બાળકોની તેમના પરિવારો અને સમુદાયોના સંદર્ભમાં વિકાસ અને સુખાકારી માટે જરૂરી દરમ્યાનગીરીનાં પરિબળો ઓળખી કાઢવાનો હતો. તેનો હેતુ એ પણ હતો કે સરકાર દ્વારા વિકલાંગતા ધરાવતાં બાળકો માટે જે કાર્યક્રમો ચલાવવામાં આવે છે તે સમાવેશી શિક્ષણ ઊભું કરે અને સરકારની સેવાઓમાં તેનો વધારો થાય. તેમાં 3થી 5 વર્ષની વયનાં બાળકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જો કે, તેમાં છોકરીઓ, વિકલાંગતા ધરાવતાં બાળકો અને સામાજિક રીતે તકવંચિત બાળકો ઉપર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. આ કાર્યલક્ષી સંશોધનમાં નિદર્શન, સંશોધન, મૂલ્યાંકન અને વિશ્લેષણ, પ્રકાશન તથા પ્રચાર-પ્રસારનો સમાવેશ થતો હતો. આ સંશોધનમાં મુંબઈની 6 ઝૂંપડપટ્ટીઓમાં સમાવેશી વ્યવસ્થાનો અમલ કેવી રીતે થાય તેના ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. વિકલાંગતા ધરાવતાં બાળકોને શિક્ષણ આપી શકાય નહીં એવો જે મત પ્રવર્તતો હતો તેમાંથી બહાર નીકળીને આ પરિયોજનાએ એમ જણાવ્યું કે આ બાળકો ભણતર અને વિકાસમાં અવરોધોનો સામનો કરે છે અને આ અવરોધો બાળકોમાં નથી પરંતુ સામાજિક પર્યાવરણમાં છે. આ કાર્યલક્ષી સંશોધને એમ પણ દર્શાવ્યું કે મર્યાદિત સંસાધનો સાથે પણ સમાવેશી બાબતોનો અમલ થઈ શકે છે. તેને માટે પ્રતિબદ્ધતા હોવી જોઈએ અને યોગ્ય ભાવના સાથે સમર્થન પ્રાપ્ત થયેલું હોવું જોઈએ.

**કોલાબા સેન્ટર, મુંબઈ**

મુંબઈમાં કોલાબા ખાતેના એડેપ્ટના સેન્ટરમાં અનેક પ્રકારની વિકલાંગતા ધરાવતાં બાળકોને શિક્ષણ, આકલન અને સારવાર પ્રાપ્ત થાય એવું એક સમગ્રલક્ષી મોડેલ ઊભું કરવામાં આવ્યું છે. આ એક સમાવેશી કેન્દ્ર છે. તેમાં વિકલાંગતા ધરાવતાં બાળકો અને

વિકલાંગતા ન ધરાવતાં બાળકોને ગુણવત્તાવાળું શિક્ષણ અને સેવાઓ પૂરા પાડવામાં આવે છે. મુખ્ય પ્રવાહના શિક્ષણમાંથી જેઓ બહાર નીકળી ગયાં છે તેવાં બાળકો અથવા જેમને શાળાઓમાં પ્રવેશ પ્રાપ્ત થઈ શક્યો નથી તેવાં બાળકો ઉપર આ કેન્દ્રમાં વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે. સમાજના વિવિધ વર્ગોનાં બાળકો અને નજીકની ઝૂંપડપટ્ટીનાં બાળકો તેમાં આવે છે.

2009-10 દરમ્યાન આ શાળામાં આઠ વર્ગોમાં સો બાળકો અભ્યાસ કરતાં હતાં. તેમાં 54 વિદ્યાર્થીઓ વિકલાંગતા ધરાવનારા હતા અને 46 વિકલાંગતા ન ધરાવનારા હતા. આ વર્ષ દરમ્યાન કેટલાક વિદ્યાર્થીઓએ મુખ્ય પ્રવાહની શાળાઓમાં પ્રવેશ લીધો હતો. જ્યારે કેટલાક વિદ્યાર્થીઓએ કોલાબા ખાતે નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઓપન સ્કૂલિંગ અગાઉના વર્ગમાં પ્રવેશ મેળવ્યો હતો. જ્યારે કેટલાક વિદ્યાર્થીઓએ બાંદ્રા ખાતેના વર્ક સ્કિલ્સ યુનિટમાં પ્રવેશ મેળવ્યો હતો. આઠ બાળકો હોમ મેનેજમેન્ટ પ્રોગ્રામમાં દાખલ થયાં હતાં. આ સેન્ટર ખાતે મહારાષ્ટ્ર માધ્યમિક શિક્ષણ બોર્ડની દસમા ધોરણની પરીક્ષા માટે તૈયારી કરાવવામાં આવે છે અને તેમનું મૂલ્યાંકન કરવામાં આવે છે. સાથે સાથે તપાસ અને સલાહ, હોમ મેનેજમેન્ટ પ્રોગ્રામ, વ્યાવસાયિક ચિકિત્સા, શારીરિક ચિકિત્સા, વાણી ચિકિત્સા, આરોગ્ય અને પોષણ, કોમ્પ્યુટરની તાલીમ વગેરે સેવાઓ પણ આ કેન્દ્રમાં પૂરી પાડવામાં આવે છે.

સમાવેશને પ્રોત્સાહન આપવા માટે મુખ્ય પ્રવાહની શાળાઓ અને કોલેજોના વિદ્યાર્થીઓને સંવેદનશીલ બનાવવા માટે તેમની સાથે સંવાદના કાર્યક્રમો યોજવામાં આવે છે. એડેપ્ટના વિદ્યાર્થીઓ મુખ્ય પ્રવાહની શાળાઓની મુલાકાત લે છે અને એ શાળાઓના વિદ્યાર્થીઓ એડેપ્ટના કેન્દ્રની કળાઓ અને હસ્તકલાની પ્રવૃત્તિઓ માટે મુલાકાત લે છે. મુખ્ય પ્રવાહની શાળાઓમાં જે બાળકોને ભણવામાં તકલીફ હોય તેમની સાથે સંવાદ ઊભો કરવાનો પ્રયત્ન પણ એડેપ્ટ દ્વારા કરવામાં આવે છે. આ ઉપરાંત, કોલેજોના વિદ્યાર્થીઓ એડેપ્ટના વિદ્યાર્થીઓ સાથે પ્રદૂષણ અને પાણીના શુદ્ધિકરણ અને ઉપયોગ જેવી પરિયોજનાઓમાં કામ કરે તેવા પ્રયાસો પણ કરવામાં આવે છે. એ જ રીતે, મુખ્ય પ્રવાહની શાળાઓમાં જ્યારે સ્વચ્છતા ઝુંબેશ આદરવામાં આવે ત્યારે એડેપ્ટના વિદ્યાર્થીઓ તેમાં ભાગ લે છે. વિવિધ કોલેજોમાં એડેપ્ટના વિદ્યાર્થીઓ જાય છે અને ત્યાં જુદા જુદા કાર્યક્રમોમાં ભાગ લે છે. એડેપ્ટના વિદ્યાર્થીઓ અને ખાનગી કંપનીઓના લોકો તથા વિવિધ સંગઠનોના લોકો વચ્ચે પણ મીટિંગો યોજવામાં આવે છે. એડેપ્ટના આ કેન્દ્રમાં રમત-ગમત અને સંગીત જેવી પ્રવૃત્તિઓનો સમાવેશ પણ થાય છે. બાળકોને ત્યાં બપોરનું ભોજન આપવામાં આવે છે અને સાથે સાથે તેમને ભેટ પણ આપવામાં આવે છે.

દરેક વિદ્યાર્થીના વ્યક્તિત્વનો વિકાસ થાય તે માટે અનેક પ્રકારની શિક્ષણેતર પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. તેમાં નૃત્ય, કલા-આધારિત ચિકિત્સા, એડેપ્ટના વિદ્યાર્થીઓ દ્વારા બનાવવામાં આવતી વસ્તુઓનું કાલાઘોડા ઉત્સવમાં વેચાણ, મેળાઓમાં ભાગ લેવો, મેરેથોન દોડમાં ભાગ લેવો, વિવિધ ભારતીય ઉત્સવોની ઉજવણી, પ્રવાસ, પિકનિક, નાટકો વગેરે જેવી પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે.

**સેવાલક્ષી મોડેલને બદલે અધિકાર-આધારિત મોડેલ**

25 વર્ષ કરતાં વધુ સમયથી વિશેષ સેવાઓ પૂરી પાડ્યા બાદ એડેપ્ટ દ્વારા સામાજિક વલણમાં મોટું પરિવર્તન લાવવામાં આવ્યું. વિકલાંગ બાળકો માટે વિશેષ શિક્ષણને બદલે સમાવેશી શિક્ષણનો ખ્યાલ અપનાવવામાં આવ્યો. 'અદૃશ્ય બાળકો: નીતિવિષયક બાદબાકીનો અભ્યાસ' વિષય ઉપર ડો. મિઠુ અલૂરે જે સંશોધન કર્યું તેને પરિણામે આ પરિવર્તન આવ્યું. સંકલિત બાળવિકાસ યોજના (આઈસીડીએસ)માં પૂર્વપ્રાથમિક શિક્ષણમાં રસીકરણ અને પોષણની સેવામાં કેવી રીતે વિકલાંગતા ધરાવતાં બાળકોની બાદબાકી થાય છે તેના ઉપર આ અભ્યાસમાં ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. સૌને માટે શિક્ષણ એ ભારત સરકારનો મુખ્ય પ્રાથમિકતાનો મુદ્દો રહ્યો છે અને છતાં અહીં તેમાં પણ વિકલાંગ બાળકોને અવગણવામાં આવતાં હતાં.

**નેશનલ રિસોર્સ સેન્ટર ફોર ઈન્ક્લુઝન, બાંદ્રા, મુંબઈ**

1997માં એડેપ્ટ દ્વારા મોટા પાયે એક ઝુંબેશ ચલાવવામાં આવી. ભારત સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલયના શિક્ષણ વિભાગ સાથે મળીને એડેપ્ટ દ્વારા કેટલીક પરિષદો યોજવામાં આવી. તેમાં નીતિ નિર્ધારકો, સંશોધકો, અમલદારો, વિકલાંગ કર્મશીલો, બિન-સરકારી સંગઠનો, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય નિષ્ણાતોએ તેમાં ભાગ લીધો હતો. તેને પરિણામે 'ફ્રોમ સેગ્રેગેશન ટુ ઈન્ટિગ્રેશન' નામનું પુસ્તક દિલ્હીના સેજ પબ્લિકેશન્સ દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યું કે જેનું સંપાદન સીમસ હેગાર્તી અને મિઠુ અલૂર દ્વારા કરવામાં આવ્યું હતું.

લગભગ એ જ સમયે કેનેડાના ગવર્નર જનરલ રોમિયો લે બ્લેન્ક અને શ્રીમતી ડાયેના લે બ્લેન્ક દ્વારા એડેપ્ટની મુલાકાત લેવામાં આવી. તેમણે જે કંઈ જોયું તેનાથી તેઓ ખુશ થયાં અને તમામ બાળકોના સમાવેશ માટે રાષ્ટ્રીય સ્તરે નીતિની જરૂર છે એમ પણ તેઓ સમજ્યાં. તેમણે ભવિષ્યમાં સહયોગ સાધવામાં રસ ધરાવ્યો. એડેપ્ટ વતી ડો. અલૂરે કેનેડિયન ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ એજન્સીને નેશનલ રિસોર્સ સેન્ટર ફોર ઈન્ક્લુઝનની સ્થાપના કરવા માટે ટેકો આપવા અરજી કરી.

આ રિસોર્સ સેન્ટર એડેપ્ટના માળખામાં કામ કરતું હતું. તેણે વિકલાંગતા ધરાવતાં બાળકોના સમવેશ માટે નાના પાયા પર તથા મોટા પાયા પર શી શક્યતાઓ છે તેની તપાસ કરી. માનવ અધિકારોના માળખામાં કેવી રીતે દેશના મુખ્ય પ્રવાહનાં સંસાધનો સાથે કામ કરી શકાય તે પણ તેણે વિચાર્યું. 1999માં આ કેન્દ્રની કેનેડિયન ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ એજન્સી અન્વયે શરૂઆત થઈ.

નેશનલ રિસોર્સ સેન્ટર ફોર ઈન્ક્લુઝન દ્વારા તમામ બાળકોને જ્ઞાતિ, સમ્પ્રદાય, વર્ગ, સામાજિક દરજ્જો કે ક્ષમતાઓના ભેદભાવ વિના શૈક્ષણિક સેવાઓ અને ચિકિત્સાની સેવાઓ પૂરી પાડવામાં આવે છે. આ કેન્દ્રમાં દરેક બાળક માટે અલગ અભ્યાસક્રમ છે કે જે તેની ક્ષમતાઓને અનુકૂળ છે. બાળકોનો સર્વાંગી વિકાસ થાય અને શૈક્ષણિક, શારીરિક, સંવેદનાત્મક અને વ્યાવસાયિક પાસાંઓમાં તે વિકાસ પામે તેવો અભિગમ એમાં અપનાવવામાં આવ્યો છે. 2009-10માં આ કેન્દ્રમાં 203 વિદ્યાર્થીઓ હતા. તેમાં 128 વિદ્યાર્થીઓ વિકલાંગતા ધરાવતા હતા અને 75 વિદ્યાર્થીઓ વિકલાંગતા ધરાવતા ન હતા. તેમાં એસએસસી, પૂર્વએનઆઈઓએસ, એનઆઈઓએસ, પૂર્વવ્યાવસાયિક તાલીમ અને કાર્યકુશળતાઓ વગેરેનો અભ્યાસક્રમમાં એકસાથે સમાવેશ કરવામાં આવ્યો છે. ગયા વર્ષે જ પૂર્વએનઆઈઓએસનો અભ્યાસક્રમ અમલમાં મૂકવામાં આવ્યો હતો. જો કે, એડેપ્ટ દ્વારા આ વર્ષે જ વિદ્યાર્થીઓનું પ્રથમ જૂથ તેના બોર્ડની પરીક્ષામાં બેઠું. યોગ, નૃત્ય, નાટક, રમત-ગમત, શિબિરો અને પિકનિક જેવી શિક્ષણેતર પ્રવૃત્તિઓ આ કેન્દ્રના કાર્યક્રમોમાં અંતર્ગત ભાગ છે. બાળકના સંવેદનાત્મક અને સામાજિક વિકાસ માટે આ રીતે તેમાં વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે. શિક્ષણની જરૂરિયાત અને સાક્ષરતાની જરૂરિયાત બંનેનું આ રીતે સંકલન કરીને સમાવવામાં આવે છે.

**સમુદાયની સામેલગીરી: વિકાસ વિષેનો સમાવેશી અભિગમ**

1999માં સૌ પ્રથમ વાર એશિયાની સૌથી મોટી ઝૂંપડપટ્ટી ધારાવીમાં આંગણવાડી ખોલવામાં આવી. સંકલિત બાળ વિકાસ યોજના (આસીડીએસ)ના ઉદ્દેશને ધ્યાનમાં રાખીને તથા ઝૂંપડાંવાસીઓની જરૂરિયાતોને ધ્યાનમાં લઈને એડેપ્ટ દ્વારા 3થી 5 વર્ષની વયનાં બાળકો માટે આંગણવાડી ખોલવામાં આવી. તેમાં વિકલાંગતા ધરાવતાં બાળકોને શિક્ષણ મેળવવાની તક મળી અને સાથે સાથે રખડતાં બાળકો, છોકરીઓ અને સક્ષમ બાળકો એમ તમામ બાળકોને આંગણવાડીમાં આવરી લેવામાં આવ્યાં. સ્થાનિક સમુદાયોને વિકલાંગતા ધરાવતાં બાળકોના શિક્ષણ અને સંભાળ માટે કાળજી લેવા સામેલ કરવામાં આવ્યા. શૈક્ષણિક જરૂરિયાતો અને ગતિશીલતાની જરૂરિયાતો માટે સ્થાનિક સંસાધનોનો ઉપયોગ કરવામાં આવ્યો. આ ઉપરાંત, પર્યાવરણ મિત્ર એવી સામગ્રીનો પણ આ જરૂરિયાતો સંતોષવા માટે ઉપયોગ કરવામાં આવ્યો.

**તાલીમ અને અધ્યાપનવિદ્યા**

1978માં એડેપ્ટ દ્વારા તાલીમ વિભાગ શરૂ કરવામાં આવ્યો. સેરિબ્રલ પાલ્સીથી પિડાતાં બાળકો માટેના શિક્ષકોને તાલીમ આપવા માટે આ વિભાગ શરૂ કરાયો. નેશનલ રિસોર્સ સેન્ટર ફોર ઈન્ક્લુઝનની સ્થાપના થઈ પછી એડેપ્ટના તમામ તાલીમ કાર્યક્રમોમાં સમાવેશનું દર્શન દાખલ કરવામાં આવ્યું અને તમામ અભ્યાસક્રમોની સમીક્ષા કરવામાં આવી. તાલીમ વિભાગ દ્વારા શિક્ષકોના વિકાસ માટે પ્રયત્નો કરવામાં આવે છે. તેમના જ્ઞાનનો પાયો વિસ્તારવામાં આવે છે. સામાજિક નિસ્બત ધરાવતા મુદ્દાઓ વિષેની સમજ વિકસે અને તેઓ શિક્ષણમાં સમાનતા અને ગુણવત્તા દાખલ કરવા માટે પ્રયત્ન કરે એ તેનો ઉદ્દેશ છે. વિશેષ શિક્ષણમાં અનુસ્નાતક ડિપ્લોમાનો 15 મહિનાનો કાર્યક્રમ ચલાવવામાં આવે છે. અનેક પ્રકારની વિકલાંગતાઓ એટલે કે માનસિક અને શારીરિક વિકલાંગતાઓને ધ્યાનમાં રાખીને તેનો અભ્યાસક્રમ ઘડવામાં આવ્યો છે. તેમાં તમામ બાળકોના શિક્ષણ માટેની વ્યૂહરચના અને વર્ગસંચાલન માટે તાલીમ આપવામાં આવે છે. સમકાલીન ભારતમાં શિક્ષણનું વાતાવરણ  બદલાઈ રહ્યું છે તેવા સંજોગોમાં અને વિકલાંગતા ધરાવતાં બાળકોનો સમાવેશ કરવા માટે પ્રયત્ન થઈ રહ્યો છે ત્યારે સર્વ શિક્ષા અભિયાનના લક્ષ્યાંકો સાથે અભ્યાસક્રમનો મેળ પાડવો જરૂરી બની ગયો છે. તેનો ઉદ્દેશ ગુણાત્મક તાલીમ આપવાનો છે અને મુખ્ય પ્રવાહની શાળાઓમાં વિકલાંગતા ધરાવતાં બાળકો વધુમાં વધુ પ્રમાણમાં દાખલ થાય તે માટે તેમાં પ્રયત્ન કરવામાં આવે છે.

એડેપ્ટ દ્વારા છેલ્લા એકાદ દાયકાથી સમાવેશ માટેના સામુદાયિક પ્રયાસો વિષેનો અભ્યાસક્રમ ચલાવવામાં આવે છે. આ અભ્યાસક્રમ અગાઉ સ્થાનિક કક્ષાનો હતો પણ હવે તે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાનો થઈ ગયો છે. આ અભ્યાસક્રમમાં નવા મુદ્દાઓ અને નવી પદ્ધતિઓ દાખલ કરવામાં આવ્યાં છે. 2009-10માં લઘુ ધિરાણ, દરખાસ્ત લેખન, સ્ત્રી-પુરુષ સામજિક ભેદભાવ, ધર્મમાં સમાવેશ અને મહિલાઓના સશક્તિકરણ જેવા મુદ્દાઓ તેમાં દાખલ કરવામાં આવ્યા છે. મોંગોલિયા, બાંગ્લાદેશ અને નેપાળ જેવા દેશોમાંથી અને ભારતનાં અનેક રાજ્યોમાંથી લોકો આ અભ્યાસક્રમ કરવા માટે આવે છે. તે એમ દર્શાવે છે કે રાજ્યની નીતિમાં અને વ્યવહારમાં સમાવેશી શિક્ષણને પ્રોત્સાહન આપવાની જરૂર સૌ પિછાણે છે.

**શિક્ષા સંકલ્પ**

2010માં એડેપ્ટ દ્વારા એક નવી પરિયોજના હાથ ધરવામાં આવી. તેમાં વ્યાપક સ્તરે સેવાઓ કેવી પૂરી પાડવામાં આવે છે તેનું મોડેલ ઊભું કરવામાં આવ્યું. આ મોડેલમાં સમગ્ર રાજકીય અને વહીવટી કાર્યક્ષેત્રને આવરી લેવામાં આવ્યું. આ મોડેલ મોટા પાયા પરનું છે અને ટકાઉ તથા અન્યત્ર તેનો ઉપયોગ થઈ શકે તેવું છે. તેમાં વિકલાંગતા ધરાવતાં તમામ બાળકોને ઓળખી કાઢવામાં આવ્યાં અને તેમને શિક્ષણનો મૂળભૂત

અધિકાર પ્રાપ્ત થાય એ બાબત ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું. તમામ બાળકોને અને ખાસ કરીને વિકલાંગતા ધરાવતાં બાળકોને શિક્ષણની તકો મળે તેમાં જે માળખાગત ખામીઓ છે તે ઓળખી કાઢવામાં આવશે. આ ઉપરાંત, આરોગ્યની જરૂરિયાતો માટે પણ અને પાયાની શૈક્ષણિક જરૂરિયાતો માટે પણ કેવાં સંસાધનોની જરૂર છે તે પણ નક્કી કરાયું. હાલ તેમાં બે વિસ્તારો પસંદ કરવામાં આવ્યા છે. મુંબઈ શહેરનો એક વોર્ડ અને થાણા જિલ્લામાં વસઈ તાલુકાનાં 22 ગામો.

આ પરિયોજનામાં મહત્ત્વનાં ઘટકો નીચે મુજબ છે:
**બે વિસ્તારોમાં નક્શાંકન અને ઓળખ:** જે બાળકો શાળાએ જતાં નથી તેમને ઓળખી કાઢવાં અને તેમને માટે શૈક્ષણિક અને આરોગ્યલક્ષી તપાસ હાથ ધરવી. તેમને તેમના વિસ્તારમાં આરોગ્યલક્ષી અને શૈક્ષણિક સંસાધનો કયાં છે તથા શી ખામીઓ વ્યવસ્થામાં પ્રવર્તે છે તેના વિષે માહિતી આપવામાં આવશે.

**દરમ્યાનગીરી:** નકશાંકનની કામગીરી અને ખામીઓનું વિશ્લેષણ કર્યા પછી જે તારણો આવે તેને આધારે દરમ્યાનગીરીનો અમલ કરવા માટે વ્યૂહરચના હાથ ધરવામાં આવશે. આ દરમ્યાનગીરીઓનો હેતુ સમાવેશ આડેના અવરોધો દૂર કરવા અને આરોગ્ય તથા શિક્ષણ માટેની વિકલાંગતા ધરાવતાં બાળકોની જરૂરિયાતોને સતત ટેકો પૂરો પાડવાનો છે. તેનો હેતુ વિકલાંગતા ધરાવતાં બાળકો શિક્ષણ વ્યવસ્થામાં સામેલ થાય અને ટકે તે માટે શિક્ષણ વ્યવસ્થામાં સુધારા કરવાનો પણ છે.

**ક્ષમતાનિર્માણ અને તાલીમ:** એડેપ્ટ શિક્ષકો અને શિક્ષણ સાથે સંકળાયેલા વહીવટદારોને તાલીમ આપશે. શિક્ષણના અધિકારના અમલ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવા માટે ક્ષમતા નિર્માણ કરવામાં આવશે અને સતત ટેકો પૂરો પાડવામાં આવશે. સશક્તિકરણ માટેના અભ્યાસક્રમો દાખલ કરવામાં આવશે અને વિકલાંગ લોકોનાં સંગઠનોની સ્થાપના કરવામાં આવશે. તેમનો હેતુ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ અને તેમના પરિવારોનું સશક્તિકરણ કરવાનો અને તેમને શિક્ષણના અધિકારો વિષે તમામ માહિતી આપવાનો રહેશે. વિકલાંગ વ્યક્તિ ધારા-1995 અને અન્ય પ્રસ્તુત કાયદાઓ વિષે પણ તેમને માહિતી આપવામાં આવશે.

**દેખરેખ અને મૂલ્યાંકન:** આ પ્રક્રિયા બીજે લાગુ પાડી શકાય તે માટે અને ટકાઉ બનાવી શકાય તે માટે આ પરિયોજનામાં મજબૂત પદ્ધતિ સ્વીકારવામાં આવી છે. તેના દસ્તાવેજમાં તમામ તારણો આપવામાં આવ્યાં છે. જે પદ્ધતિ તારણોને પકડવા માટે ઉપયોગમાં લેવામાં આવશે તેનું પણ દસ્તાવેજીકરણ કરવામાં આવશે. સંસ્થાની અંદર અને સાથીઓની વચ્ચે આ પદ્ધતિની સમીક્ષા પણ કરવામાં આવશે.

**સમુદાય-આધારિત સંસાધન સમર્થન કેન્દ્ર:** બે સમુદાય-આધારિત સંસાધન સમર્થન કેન્દ્રો બંને કાર્યક્ષેત્રોમાં રેફરલ સેવાઓ પૂરી પાડશે. આ ઉપરાંત, તેમાં ટેકારૂપ સેવાઓ, સારવાર, તાલીમ અને માર્ગદર્શન પણ પૂરાં પાડવામાં આવશે.

**સમાવેશી પ્રયોગોનાં મહત્ત્વનાં લક્ષણો**

1) વિશેષ શિક્ષણને બદલે સમાવેશી શિક્ષણનું વલણ ઊભું કરવું કે જેમાં વિકલાંગતા ધરાવતાં અને ન ધરાવતાં બાળકોનો સમાવેશ થાય તથા સામાજિક અને આર્થિક રીતે વંચિત બાળકોનો પણ સમાવેશ થાય.
2) મુંબઈમાં અને સમગ્ર દેશમાં સ્થાનિક સ્તરે અને વ્યાપક સ્તરે શૈક્ષણિક અને આરોગ્યલક્ષી સેવાઓ સારી રીતે પૂરી પાડવા માટે મોડેલ ઊભું કરવું.
3) તમામ સ્તરે સમાવેશી શિક્ષણ પૂરું પાડવું કે જેમાં જીવનભરના ભણતરનો પણ સમાવેશ થઈ જાય.
4) વિકલાંગતા ધરાવતાં બાળકો ગમે તેટલા પડકારો છતાં મુખ્ય પ્રવાહોની શાળાઓમાં સમ્મિલિત થાય તે માટે એવી શાળાઓ સાથે ભાગીદારી કરવી.
5) વિકલાંગતા ધરાવતાં બાળકોના એકંદર વિકાસ માટે કાર્યગત અને જીવનકૌશલ્યોની તથા શિક્ષણેતર પ્રવૃત્તિઓ હાથ ધરવી.
6) વાજબી વ્યવસ્થા પૂરી પાડવી કે જેમાં દરેકને જરૂરી સેવાઓ પૂરી પાડવાનો સમાવેશ થઈ જાય છે. જેમ કે, દરેક બાળક માટે વ્યક્તિગત એવી શિક્ષણની યોજના તૈયાર કરવામાં આવે અને તેનો અમલ કરવામાં આવે.
7) આંગણવાડીઓ દ્વારા તકવંચિત સમુદાયોનાં વિકલાંગતા ધરાવતાં બાળકો અને સમુદાયો સુધી પહોંચવામાં આવે. પરિવારો અને સમુદાયોના સંદર્ભમાં વિકલાંગતા ધરાવતાં બાળકોનાં સુખાકારી અને વિકાસ ઉપર ભાર મૂકીને એડેપ્ટ દ્વારા ભારતના સાંસ્કૃતિક સંદર્ભમાં સમાવેશી શિક્ષણનો ખ્યાલ ઉમેરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. તેનું કારણ એ છે કે ભારતમાં પરિવારો અને સમુદાયો ખૂબ જ મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

# અંધજન મંડળ, અમદાવાદ

**વિકલાંગતાના પ્રશ્નને મુખ્ય પ્રવાહમાં લાવવા માટે સમાવેશી શિક્ષણને પ્રોત્સાહન**

1950માં અમદાવાદમાં સ્થપાયેલું અંધજન મંડળ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટે પુનર્વસનની એક સંસ્થા છે. તેનો મુખ્ય હેતુ તમામ પ્રકારની વિકલાંગતા ધરાવતી

વ્યક્તિઓના સર્વગ્રાહી પુનર્વસનને પ્રોત્સાહન આપવાનો છે. તે માટે શિક્ષણ, તાલીમ, રોજગારી, સમુદાય-આધારિત પુનર્વસન, સંશોધન અને પ્રકાશનોનો માર્ગ અપનાવવામાં આવે છે. તે વિકલાંગતા ધરાવતી તમામ વ્યક્તિઓને વિવિધ પ્રકારની સેવાઓ પૂરી પાડે છે. તેમાં વિવિધ સાધનો પૂરાં પાડવાં, સમુદાય-આધારિત પુનર્વસન કરવું અને શિક્ષણ દ્વારા વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને સ્વાવલંબી બનવા માટે પ્રોત્સાહન આપવું તથા તેમનું સશક્તિકરણ કરવું વગેરે બાબતોનો સમાવેશ થાય છે. વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને તમામ સેવાઓ એક બારી પદ્ધતિથી પૂરી પાડવામાં આવે છે. તેને સરકાર તથા ખાનગી ક્ષેત્ર તરફથી અનેક રાજ્ય કક્ષાનાં તેમ જ રાષ્ટ્રીય કક્ષાનાં પારિતોષિકો પ્રાપ્ત થયાં છે. તાજેતરમાં તેના વરિષ્ઠ સંચાલકો વિકલાંગતાના મુદ્દે વલણમાં પરિવર્તન માટે હિમાયત કરવામાં સામેલ થયા છે. સંયુક્ત રાષ્ટ્રોના વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અધિકાર અંગેના ઠરાવના નેજા હેઠળ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના માનવ અધિકારો ઉપર વિશેષ ધ્યાન આપવાનું તેઓ વિચારે છે. દેશમાં આ અંગે એક નવો કાયદો આવે તે માટેની મુસદ્દા સમિતિમાં પણ તેઓ ભાગીદાર છે.

આ અભ્યાસના હેતુ માટે અમે અમદાવાદ જિલ્લાના બાવળા ખાતે આ સંસ્થાએ જે સમાવેશી શાળા સ્થાપી છે તેની મુલાકાત લીધી હતી. ઉપરાંત, સમાવેશી શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે સર્વ શિક્ષા અભિયાન હેઠળ રાજ્ય સ્તરે જે દરમ્યાનગીરી કરવામાં આવી છે તેનો પણ અભ્યાસમાં સમાવેશ કરવામાં આવ્યો. આ બંને પ્રયાસો જુદા જુદા સ્તરના છે. એક પ્રયાસ સ્થાનિક કક્ષાએ શાળાનો છે અને બીજો પ્રયાસ રાષ્ટ્રીય સ્તરના સરકારી કાર્યક્રમ અંગેનો છે કે જેમાં પ્રાથમિક શિક્ષણના સાર્વત્રિકીકરણનું ધ્યેય રાખવામાં આવેલું છે. તેમાં અનેક હિતધારકો સાથે કામ કરવામાં આવે છે. પ્રથમ કિસ્સામાં વિકલાંગતા ધરાવતાં બાળકો અને તેમના વાલીઓ સાથે કામ કરવામાં આવે છે. બીજા કિસ્સામાં શિક્ષકોને તાલીમ આપવામાં આવે છે અને શીખવા માટે સાધનો આપીને દરમ્યાનગીરી કરવામાં આવે છે.

**સવિનય સમ્મિલિત વિદ્યાલય, બાવળા**

જુન-2008માં આ વિદ્યાલયની સ્થાપના કરવામાં આવી. ગુજરાતમાં રાષ્ટ્રીય અંધજન મંડળ સાથે મળીને જુદા જુદા જિલ્લાઓમાં પણ આવી જ શાળાઓ સ્થાપવા માટે આ એક પ્રાયોગિક શાળાની સ્થાપના કરવામાં આવી હતી. અમદાવાદ શહેરથી લગભગ 30 કિલોમિટર દૂર બાવળાના ઔદ્યોગિક વિસ્તારમાં આ શાળા આવેલી છે. આ વિસ્તારમાં પંચમહાલ, દાહોદ અને ભરૂચના સ્થળાંતરિત કામદારો ખૂબ મોટી સંખ્યામાં કામ કરે છે. તેઓ ચોખાની મિલોમાં અને દવાઓ બનાવતાં કારખાનાંમાં ઓછી કુશળતા ધરાવતાં અથવા અકુશળ કામો કરે છે. મોટે ભાગે તેઓ કારખાનાંમાં જ રહે છે.

એક સ્થાનિક ઉદ્યોગપતિ અને દાનવીર તથા દૃષ્ટિમાં ખામી ધરાવતી વ્યક્તિએ આ શાળા માટે જમીન દાનમાં આપી હતી. આરંભમાં આ શાળાનું મકાન પહોંચક્ષમ બનાવવામાં આવ્યું હતું. ઢાળ બાંધવામાં અને વર્ગખંડો પહોંચક્ષમ બનાવવામાં અને યોગ્ય ટેબલ તથા ખુરશી માટે તથા છોકરીઓ અને છોકરાઓ માટે અલગ જાજરૂ વગેરેની વ્યવસ્થા કરવામાં આવી. પીવાનું ચોખ્ખું પાણી મળે તે માટે અને મોટા અક્ષરોમાં તથા બ્રેઈલ લિપિમાં સંકેતો લખવા માટે પણ જગ્યાઓ ફાળવવામાં આવી. આ માટે કુલ રૂ. 16 લાખનું ખર્ચ કરવામાં આવ્યું હતું.

હાલ આ શાળામાં ગુજરાતી માધ્યમના 1-8 ધોરણના વર્ગો ચલાવવામાં આવે છે. તે જિલ્લા પ્રાથમિક શિક્ષણ કચેરી સાથે જોડાયેલી છે. નજીકનાં 12 ગામોમાંથી બાળકો ત્યાં શિક્ષણ મેળવવા આવે છે. તેમાંનાં મોટા ભાગનાં બાળકો સામાજિક અને આર્થિક રીતે તકવંચિત પરિવારોનાં હોય છે. તેમને વિના મૂલ્યે શિક્ષણ આપવામાં આવે છે. શાળા દ્વારા તેમને શિક્ષણ સામગ્રી, ગણવેશ, મધ્યાહ્ન ભોજન, પાઠ્ય પુસ્તકો વગેરે પૂરાં પાડવામાં આવે છે. વિકલાંગતા ધરાવતાં બાળકોને સર્વ શિક્ષા અભિયાનના ટેકાથી બ્રેઈલ લિપિમાં તથા મોટા અક્ષરોમાં શૈક્ષણિક સામગ્રી પૂરી પાડવામાં આવે છે. મંદ બુદ્ધિનાં બાળકો તથા ઓછી દૃષ્ટિ ધરાવતાં બાળકોને સાંભળવા માટેનાં સાધનો અને પ્રોસ્થેસિસ જેવાં સાધનો અને અન્ય સહાયક સાધનો પૂરાં પાડવામાં આવે છે.

અત્યારે આ શાળામાં કુલ 252 બાળકો છે અને સૌથી વધુ બાળકો ધોરણ-3માં 40 છે. ધોરણ-8માં 16 બાળકો ભણે છે. લગભગ 2 ટકા વિદ્યાર્થીઓ છોકરીઓ છે અને જેમ જેમ ધોરણ આગળ વધતાં જાય તેમ તેમ છોકરીઓની સંખ્યા ઘટતી જાય છે. 28 ટકા બાળકો વિકલાંગતા ધરાવતાં બાળકો છે. તેમાં 1 ટકા હાડકાની દૃષ્ટિએ વિકલાંગ છે, 1 ટકા વિદ્યાર્થીઓને દૃષ્ટિમાં ખામી છે અને 1 ટકા વિદ્યાર્થીઓ સેરિબ્રલ પાલ્સીથી પિડાય છે. બીજા 1 ટકા વિદ્યાર્થીઓને અનેક પ્રકારની વિકલાંગતા છે. 4 ટકા વિદ્યાર્થીઓ ઓછી દૃષ્ટિ ધરાવે છે અને 6 ટકા વિદ્યાર્થીઓ મંદ બુદ્ધિના છે. 12 ટકા વિદ્યાર્થીઓ ખૂબ જ ધીમેથી અભ્યાસ કરનારા છે. 2 ટકા વિદ્યાર્થીઓ સાંભળવામાં ખામી ધરાવે છે.

આ શાળામાં આચાર્ય નથી પરંતુ 8 શિક્ષકો છે અને તેમાં 3 મહિલાઓ છે. 1 શિક્ષક ઓછી દૃષ્ટિની ખામી ધરાવે છે. બધા શિક્ષકો સાથે મળીને શાળા ચલાવે છે અને અંધજન મંડળ તેમને ટેક્નિકલ ટેકો પૂરો પાડે છે. આ શિક્ષકો જુદા જુદા પ્રકારની લાયકાત ધરાવે છે. કેટલાક શિક્ષકો વિશેષ શિક્ષકો છે તો કેટલાક શિક્ષકો પીટીસી થયેલા છે. વિશેષ શિક્ષકો પ્રથમિક શિક્ષણ માટે વિકલાંગતા બાળકોના સંકલિત શિક્ષણની જે યોજના છે તે હેઠળ લાયકાત ધરાવે છે. આ યોજનાને માધ્યમિક તબક્કે

વિકલાંગો માટે સંકલિત શિક્ષણ યોજના(આઈઈડીએસએસ)માં રૂપાંતરિત કરવામાં આવી છે. સરકારી શાળાઓમાં શિક્ષકોને જે પગાર આપવામાં આવે છે તેટલો જ પગાર આ શિક્ષકોને પણ આપવામાં આવે છે કે જેથી શિક્ષકો આ શાળામાં ટકી રહે. શાળામાં વિદ્યાર્થીઓ માટે એક બસ છે. રોજ સવારે અને સાંજે બાળકોને લેવા અને મૂકવા માટે તે બે વખત આંટા મારે છે. વિકલાંગ બાળકો સહિત તમામ બાળકોને આ શાળામાં દાખલ થવા માટે સમાન તક છે. જો કે, વિકલાંગતા ધરાવતાં બાળકોએ શાળામાં પ્રવેશ માટે વિકલાંગતાનું પ્રમાણપત્ર રજૂ કરવું પડે છે. એ બાળકોને જાજરૂ જતાં આવડવું જરૂરી છે. ઉપરાંત, સામાન્ય મંદ બુદ્ધિ ધરાવતાં બાળકો તથા મંદ સેરિબ્રલ પાલ્સી ધરાવતાં બાળકો અને સામાન્ય રીતે ઓછી શ્રવણ શક્તિ ધરાવતાં બાળકોને પ્રવેશ આપવામાં આવે છે.

જ્યારે શાળાનો આરંભ થયો ત્યારે શાળાના વહીવટદારો આજુબાજુના વિસ્તારોમાં જઈને બાળકોને શાળામાં દાખલ કરવા માટે લોકોને સમજાવતા હતાં. વિકલાંગતા ધરાવતાં બાળકોનાં મા-બાપ તે સમયે તેમનાં બાળકોને શાળામાં મોકલવા માટે તૈયાર ન હતાં. કેટલાકને તો એવી બીક લાગતી હતી કે તેમનાં સંતાનોને અન્ય બાળકો દ્વારા સતાવવામાં આવશે. બીજા કેટલાક લોકોને એ બાળકોને શિક્ષણ આપવાનું જરૂરી લાગતું જ ન હતું. કેટલાંક મા-બાપો તેમનાં બાળકોને છેક વર્ગખંડ સુધી અનેક વાર મૂકવા માટે આવતાં હતાં. શાળાના સંચાલકો પણ આ બાબતને ઉત્તેજન આપતા હતા કે જેથી શાળા તેમને આવકારે એવું લાગે. બીજી તરફ મા-બાપોને પણ એમ લાગ્યું કે તેમના પ્રદાનની જરૂર છે અને તેમના પ્રદાનનું મૂલ્ય સમજવામાં આવે છે. તેથી મા-બાપોની જાગૃતિ એક મહત્ત્વનું કાર્ય હતું. જે બાળકો વિકલાંગ ન હતાં તેમનાં મા-બાપ તેમને આ શાળામાં મોકલવા માટે તૈયાર ન હતાં. પણ પછીથી ધીમે ધીમે તેઓ સમ્મત થયાં હતાં.

શાળાના પ્રથમ દિવસે વિકલાંગ બાળકોની વિશેષ અભિમુખતા કેળવવામાં આવી હતી. વર્ગખંડમાં બાળકો જ બાળકોને ભણાવે એ બાબતને પણ પ્રોત્સાહન આપવામાં આવે છે. શાળા વિકલાંગતા ધરાવતાં બાળકો માટે એક સંસાધન કેન્દ્ર ચલાવે છે. તેમાં વધારાની અધ્યયન-અધ્યાપનની પદ્ધતિઓ દ્વારા બાળકોને ટેકો આપવામાં આવે છે, દરેક બાળક માટે અલગ અલગ શૈક્ષણિક યોજના તૈયાર કરવામાં આવે છે, રોજિંદા જીવનની પ્રવૃત્તિઓ વિષે તાલીમ આપવામાં આવે છે અને નિયમિત રીતે તબીબી તપાસ કરવામાં આવે છે અને સલાહ આપવામાં આવે છે. વિકલાંગતા ધરાવતાં બાળકો માટે શૈક્ષણિક કાર્યક્રમ વિકસાવવામાં આવ્યો છે. આ કાર્યક્રમ વિશેષ શિક્ષણના શિક્ષક અને નિયમિત વર્ગખંડના શિક્ષકના સંયુક્ત પ્રયાસોથી ઘડવામાં આવ્યો છે. શાળાના તમામ સમાન કાર્યક્રમોમાં તમામ બાળકો સહભાગી થાય છે. વિશેષ જરૂરિયાતોવાળાં બાળકોની

ક્ષમતાઓ ઓળખી કાઢવા માટે ખાસ પ્રયાસો કરવામાં આવે છે. વર્ષમાં બે વખત સામાજિક સ્નેહમિલનના કાર્યક્રમો રાખવામાં આવે છે.

આ અનુભવને આધારે રાષ્ટ્રીય અંધજન મંડળની ગુજરાત રાજ્યની શાખાના સહયોગમાં આવતે વર્ષે રાજ્યના તમામ 26 જિલ્લાઓમાં આ જ પ્રકારની શાળાઓ ખોલવામાં આવશે.

છેલ્લાં બે વર્ષથી દેશભરમાં સમાવેશી શાળેય શિક્ષણ માટે વિવિધ પુનર્વસન સંસ્થાઓએ પ્રયાસો શરૂ કર્યા છે અને વિશેષ શાળાઓમાં જતાં બાળકોને નિયમિત શાળાઓમાં દાખલ કરવામાં આવી રહ્યાં છે. પરંતુ જે બાળકોને ખૂબ ટેકાની જરૂર છે તેમની સમસ્યા તો ચાલુ જ રહે છે.

**સમાવેશી પ્રયોગનાં મુખ્ય લક્ષણો**

1) સ્થાળાંતરિત કામદારોનાં બાળકો અને ઓછી આવક ધરાવતા પરિવારોનાં બાળકો સાથે કામ કરવામાં આવે છે.
2) તમામ બાળકો અને તમામ પ્રકારની વિકલાંગતા ધરાવતાં બાળકો સાથે કામ કરવામાં આવે છે.
3) દરેક બાળક માટે વિશેષ વ્યક્તિગત શૈક્ષણિક યોજના ઘડવામાં આવે છે, વિકલાંગતા ધરાવતાં તમામ બાળકોની ભણતરની શૈલીને આમેજ કરવામાં આવે છે અને તેમની વિશિષ્ટ જરૂરિયાતો અનુસાર શૈક્ષણિક સામગ્રી તૈયાર કરવામાં આવે છે.
4) વિકલાંગતા ધરાવતાં બાળકોને શાળામાં સંકલન સાધવા માટે વિશેષ ટેકો પૂરો પાડવામાં આવે છે.
5) માત્ર સાધારણ વિકલાંગતા ધરાવતાં બાળકોને જ દાખલ કરવામાં આવે છે એનું કારણ એ છે કે બધા શિક્ષકોને ભારે વિકલાંગતા ધરાવતાં બાળકો સાથે કામ કરવાની તાલીમ આપવામાં આવી હોતી નથી.
6) સમાવેશને પ્રોત્સાહન આપવા માટે વાલીઓ સાથે પણ કામ કરવામાં આવે છે કે જેથી સમુદાયમાં પણ વિકલાંગતા વિષે સંવેદનશીલતા અને જાગૃતિ ઊભાં થાય.
7) વિશેષ શિક્ષકો અને અન્ય નિયમિત શિક્ષકો એકસાથે કામ કરે છે અને તેથી તેઓ પરસ્પર શીખી શકે છે.
8) વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓની સ્ટાફ તરીકે ભરતી કરીને તેમને પ્રોત્સાહન આપવામાં આવે છે અને તેમને ઉદાહરણ તરીકે રજૂ કરવામાં આવે છે.
9) દરમ્યાનગીરીની અસરકારકતા એ છે કે અન્ય પ્રદેશોમાં પણ આ જ પ્રકારનાં મોડેલ વિકસાવી શકાય.

**સર્વ શિક્ષા અભિયાન હેઠળ શિક્ષકોને તાલીમ**

પ્રાથમિક શિક્ષણને સાર્વત્રિક બનાવવા માટે સૌને માટે શિક્ષણની યોજનાનો ખ્યાલ અમલમાં મૂકવામાં આવ્યો છે. સર્વ શિક્ષા અભિયાનમાં કોઈ પણ બાળકનો ઈન્કાર ન કરવાની નીતિ અપનાવવામાં આવી છે. વિકલાંગતા ધરાવતાં બાળકો સહિત તમામ બાળકોને સામાન્ય શાળાઓમાં તેમના ઘરની નજીક શિક્ષણ આપવાનો ઉદ્દેશ તેમાં રાખવામાં આવ્યો છે. રાજ્ય સ્તરે અંધજન મંડળ સર્વ શિક્ષા અભિયાન હેઠળના નિયમિત શિક્ષકોને તાલીમ આપવામાં સક્રિય રીતે સામેલ છે. સંસ્થા તબક્કાવાર તેમને વિકલાંગતા વિષે અભિમુખ કરે છે. ભોજ યુનિવર્સિટી અને ભારતીય પુનર્વસન પરિષદના સંયુક્ત ઉપક્રમે લગભગ 5000 શિક્ષકોને છેલ્લાં 5 વર્ષ દરમ્યાન તાલીમ આપવામાં આવી છે. દૂર શિક્ષણ કાર્યક્રમના ભાગરૂપે આ તાલીમ અપાય છે. તેમાં શિક્ષકોને વિકલાંગતા ધરાવતાં બાળકોને શિક્ષણ આપવા માટે સંવેદનશીલ બનાવવામાં આવે છે એટલું જ નહીં, પણ તેઓ પોતે સમાવેશી સમાજના ભાગ બન્યા તે માટે તેમને મદદ કરવામાં આવે છે. આ અભ્યાસક્રમ ત્રણ મહિનાનો છે અને દર વર્ષે દરેક જિલ્લાના તમામ તાલુકામાંથી 5 શિક્ષકોને રાજ્ય વિભાગ દ્વારા તેમાં મોકલવામાં આવે છે. આ કાર્યક્રમના ભાગરૂપે સર્વ શિક્ષા અભિયાન હેઠળ દરેક તાલુકામાં એક સંકલિત શિક્ષણ નિયામક અને પાંચ સંસાધન શિક્ષકોની ફાળવણી કરવામાં આવી છે. આ રીતે 800થી વધુ શિક્ષકોની નિમણૂક અત્યાર સુધીમાં કરવામાં આવી છે.

આ કાર્યક્રમમાં જે મહત્ત્વનાં ઘટકો છે તેમાં ગતિશીલતા, ભણતરની વિશેષ જરૂરિયાતો, વિશેષ સાધનો, ભણતર માટેની વધારાની પદ્ધતિઓ અને તેમનો સર્જનાત્મક ઉપયોગ, વિકલાંગ બાળકોની વહેલી ઓળખ વગેરે બાબતોનો સમાવેશ કરવામાં આવે છે. તે પછી શિક્ષકો વર્ગખંડોમાં બાળકોને જુદી જુદી વિકલાંગતાના સંદર્ભમાં ઓળખે છે. દરેક પ્રકારની વિકલાંગતા માટે જુદી જુદી કિટ તૈયાર કરવામાં આવી છે. જિલ્લા સ્તરે એક આકલન શિબિર યોજવામાં આવે છે. તેમાં વિકલાંગતા ધરાવતાં બાળકોને લાવવામાં આવે છે. તેમને ચિકિત્સજ્ઞો, માનસશાસ્ત્રીઓ, હાડકાના નિષ્ણાતો વગેરે જેવા નિષ્ણાત લોકો તેમને તપાસે છે, પ્રમાણપત્રો આપે છે અને તેમને કિટનું વિતરણ કરવામાં આવે છે. અંધજન મંડળ દ્વારા મંદ બુદ્ધિનાં બાળકો, ઓછી દૃષ્ટિ ધરાવતાં બાળકો અને દૃષ્ટિની ખામી ધરાવતાં બાળકોને કિટનું વિતરણ કરવામાં આવે છે.

પીટીસીના અભ્યાસક્રમમાં વિકલાંગતાના વિષયને 50 માર્કના મોડ્યુલ તરીકે સમાવવામાં આવ્યો છે. તાલીમબદ્ધ શિક્ષકોને વિદ્યા સહાયક તરીકે ઓળખવામાં આવે છે અને રાજ્યમાં લગભગ 1200થી 1500 વિકલાંગ શિક્ષકોની ભરતી કરવામાં આવી છે. અંધજન મંડળના વરિષ્ઠ કાર્યકર્તાઓ આવી સમિતિઓમાં ઉચ્ચ હોદ્દાઓ ઉપર

બિરાજમાન છે અને તેઓ પ્રાથમિક શાળાના શિક્ષકોની નિમણૂકમાં 3 ટકા અનામતની નીતિને પ્રોત્સાહન આપવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

**સમાવેશી પ્રયોગનાં મુખ્ય લક્ષણો**

1) અંધજન મંડળ દ્વારા ગ્રામ વિસ્તારોના શાળેય શિક્ષણ કાર્યક્રમમાં મોટા પાયે પ્રવેશ કરાયો છે.
2) સમુદાય-આધારિત અભિગમ દ્વારા તે નાની વયે વિકલાંગ બાળકોને ઓળખવા માટે દરેક જિલ્લામાં શિબિર યોજે છે. તેથી આરોગ્ય, શિક્ષણ, સામાજિક સમાવેશ અને આર્થિક સમાવેશ માટે વહેલી દરમ્યાનગીરી કરવાનું શક્ય બને છે.
3) સંસ્થાએ અધ્યયન અને અધ્યાપન માટે સાધનો વિકસાવ્યાં છે અને તે તેનો પ્રચાર-પ્રસાર પણ કરે છે. વિવિધ પ્રકારની વિકલાંગતા ધરાવતાં બાળકોને તે પ્રાપ્ત થાય તે માટે તે પ્રયત્ન કરે છે. અમુક પ્રકારની વિકલાંગતા ધરાવતા અમુક વર્ગના બળકને જરૂરી સાધનો પ્રાપ્ય બનાવવામાં આવે છે.
4) શિક્ષકો, શિક્ષકોની તાલીમ સંસ્થાઓ, દૂર શિક્ષણ તાલીમ સંસ્થાઓ અને જિલ્લાના વહીવટી તંત્ર જેવા હિતધારકો સાથે સંસ્થા કામ કરે છે.
5) રાજ્યભરના તમામ શિક્ષકોને આવરી લેવા માટે શિક્ષકોને તબક્કાવાર તાલીમ આપવામાં આવે છે.
6) ઓછી કુશળતા, બેકારી અને ગરીબીના વિષચક્રને તોડવા માટે વિકલાંગતા ધરાવતાં બાળકો માટે શિક્ષણની સેવાઓની જોગવાઈ કરવા માટેના પ્રયાસો મજબૂત રીતે કરવામાં આવ્યા છે અને તે બેકારી અને ગરીબી ઘટાડવામાં મદદરૂપ થશે.

# કેસ સ્ટડીઝ
# રોજગારી

## માઈક્રોસાઈન પ્રોડક્ટ્સ, ભાવનગર

**ખાનગી ક્ષેત્રમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને સ્વૈચ્છિક રીતે રોજગારી**
માઈક્રોસાઈન પ્રોડક્ટ્સ ગુજરાતમાં ભાવનગરમાં આવેલી એક કંપની છે અને તે પ્લાસ્ટિક ફાસનર્સ અને માર્કર્સ ઉત્પન્ન કરે છે. અનેક કંપનીઓ પાસેથી તેને આ વસ્તુઓ પેદા કરવા માટે ઓર્ડર પ્રાપ્ત થાય છે. દા.ત. વોલ્વો, તાતા મોટર્સ, અશોક લેલેન્ડ અને ભેલ જેવી ભારે ઈજનેરીની કંપનીઓ તથા સંરક્ષણ અને અવકાશ સંશોધનની સંસ્થાઓ. 1979થી આ કંપની કામ કરે છે અને તે ક્યુએસ-9000 અને આઈએસઓ-16949 પ્રમાણપત્ર ધરાવે છે. સીઆઈઆઈ દ્વારા 2006માં જણાવાયા મુજબ કંપનીનું ઉત્પાદનનું ચક્ર કાર્યક્ષમ છે અને તેનું કાર્યગત મૂડીનું સંચાલન અસરકારક છે. એક તાલીમબદ્ધ ઈજનેર શ્રી નિશીથ મહેતા દ્વારા આ કંપની સ્થાપવામાં આવી છે. 1988માં નિશીથભાઈએ પોતાની કંપનીમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને રોજગારીએ રાખીને એક બેનમૂન પ્રયોગ શરૂ કર્યો. વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને રોજગારીએ રાખવાની ઈચ્છા બે ધારણાઓ ઉપર આધારિત હતી. એક તો એ કે ઉદ્યોગ-ધંધા સામાન્ય રીતે નાણાકીય તર્કને આધારે કામ કરે છે અને તેમની જે મુખ્ય તાકાત છે તે માનવ સંસાધનોને પૂરતા પ્રમાણમાં ધ્યાનમાં લેતા નથી. તેઓ માને છે કે ઉદ્યોગ-ધંધાનાં સરવૈયાં અને હિસાબી નિવેદનોને તેના કર્મચારીઓની એટલે કે માનવ સંસાધનોની સંપત્તિનું પ્રતિબિંબ પડે તે રીતે બદલવાં જોઈએ. તેનું કારણ એ છે કે ઉદ્યોગ-ધંધા તેમની તાકાત ઉપર જ ચાલે છે અને તેમને એમની તાકાત ઉપર જ બદલી શકાય છે. બીજો મુદ્દો એ છે કે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને તેમના કામની ડિઝાઈનમાં જરૂરી સુધારા કરીને કાર્ય દળમાં સહભાગી થવા માટે પ્રોત્સાહન આપવું જોઈએ. તેઓ માને છે કે જો કામના પ્રકારના યોગ્ય રીતે સુધારા કરવામાં આવે તો અને જો તેઓ જે કામ કરે છે તે કામ માટે જરૂરી કૌશલ્યો તેમને આપવામાં આવે તો તેમની શારીરિક શક્તિઓની વિકલાંગતાને ખૂબ આસાનીથી નજરઅંદાજ કરી શકાય છે. વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓની કાર્ય દળમાં સહભાગિતા વધારવા માટેના તર્ક ઉપર તેમણે ભાર મૂક્યો.

તેઓ માને છે કે તેને પરિણામે વ્યક્તિ પોતાનું આત્મગૌરવ વધારે છે. એમ કરીને તેઓ વિકલાંગ ન હોય તેવી વ્યક્તિઓ સાથે સક્રિયપણે આંતરક્રિયા કરીને પોતાના જીવનને સુખમય બનાવા માટે કૌશલ્યો શીખવા માટેની તક ઊભી કરે છે.

પોતાની આ મુખ્ય માન્યતાઓને આધારે માઈક્રોસાઈન પ્રોડક્ટ્સમાં તેમણે સ્વેચ્છાએ જ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને રોજગારીએ રાખવાનું શરૂ કર્યું. તેમાં દરેક કામ અને તેની માંગ માટે કુશળતા અને વ્યક્તિની ક્ષમતાને જોડવાનો પ્રયત્ન કરવામાં આવ્યો. વ્યક્તિઓ તેમની ક્ષતિને પરિણામે કોઈ પણ રીતે અશક્તિમાન બની જતી નથી. દા.ત. સાંભળવાની ખામી ધરાવતી વ્યક્તિઓને ખાસ્સો અવાજ જેમાં પેદા થાય છે તે ઈન્જેક્શન માઉલ્ડિંગ મશિન ઉપર કામ સોંપવામાં આવ્યું, જ્યારે બીજી વ્યક્તિઓને એ મશિન સાથે કામ કરવાનું મુશ્કેલ લાગ્યું હોત. જે લોકોને સાંભળવાની ખામી છે તે લોકોને તેનાથી કોઈ અસર થતી નથી અને એ રીતે ઉત્પાદકતાને પણ અસર થતી નથી. એ જ રીતે શારીરિક રીતે ખોડખાંપણ ધરાવનારી વ્યક્તિઓને એક જ સ્થળે બેસીને થઈ શકે તેવું કાર્ય સોંપવામાં આવ્યું. તેઓ એક જ સ્થળે બેસીને વસ્તુને અલગ પાડવાનું અને પેકેજિંગ કરવાનું કામ આસાનીથી કરી શકે તેમ હતા. મંદ બુદ્ધિ ધરાવનાર કર્મચારીઓને ફાસનર્સને રનર્સથી અલગ પાડવાનું વારંવાર પુનરાવૃત્તિ થાય તેવું કામ સોંપવામાં આવ્યું છે. તેમાં લઘુતમ કુશળતાની અને મર્યાદિત ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર હોય છે. આને પરિણામે કોઈ કર્મચારી તેને સોંપવામાં આવેલા કામના સંદર્ભમાં અશક્તિમાન નથી અને એવી વ્યક્તિઓ અસરકારક રીતે કામ કરી શકે છે. હાલ કંપનીમાં 80 કર્મચારીઓ છે અને તેમાંથી 24 કર્મચારીઓ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ છે. તેમાંના મોટા ભાગના શ્રવણશક્તિની ખામી, શારીરિક વિકલાંગતા અને મંદ બુદ્ધિ ધરાવનારા છે. માઈક્રોસાઈન કંપનીએ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને અર્થપૂર્ણ કામ સોંપ્યું છે અને તેમને નાણાકીય રીતે સ્વતંત્ર બનવાની તક પૂરી પાડી છે. સાથે સાથે કર્મચારીઓની વચ્ચે પારિવારિક સંબંધ ઊભો થાય તેવો પણ પ્રયત્ન કરવામાં આવ્યો છે. નિશીથભાઈ તેમના કર્મચારીઓને ટેકો આપવામાં એક નોકરીદાતાની જવાબદારી કરતાં ઘણા આગળ વધ્યા છે. જ્યારે કર્મચારી બીમાર પડે ત્યારે તેઓ તેમની સારવાર માટેની વ્યવસ્થા કરે છે. જે કર્મચારીને ભોજન માટે ઘરે જવાનો પૂરતો સમય નથી અને કંપનીમાં પોતાનું ટિફિન લઈ આવવામાં જેમને ભારે તકલીફ પડે છે તેમને તેમની કામની જગ્યાએ ભોજન માટેની વ્યવસ્થા ઉપલબ્ધ થાય તે પણ તેમણે કર્યું છે. બધા જ કર્મચારીઓ સાથે દિવાળી ઉજવે છે અને નીશિથભાઈ હંમેશાં તમામ કર્મચારીઓને એક પરિવાર જેવું જ લાગે તે માટે સતત વિશેષ પ્રયાસો કરતા રહે છે.

**કેસ સ્ટડીઃ** રીટા અને મનોજભાઈ એક પરણિત યુગલ છે. તેઓ 1995થી માઈક્રોસાઈન કંપનીમાં કામ કરે છે. બંનેને તેમના બાળપણમાં પોલિયો થયો હતો. રીટાબહેનનો

પરિવાર તેમને શાળામાં જવા માટે ટેકો અને પ્રોત્સાહન આપતો હતો. પરંતુ મનોજભાઈનો પરિવાર સતત તેમની સામે ભેદભાવપૂર્ણ વ્યવહાર કરતો હતો. તેમને કદી શાળાએ જવા દેવામાં આવતા ન હતા અને તેમની પાસે ઘરનું કામ કરાવવામાં આવતું હતું. જ્યારે તેઓ 22 વર્ષના હતા ત્યારે તેઓ બંને એક સરકાર પ્રેરિત મેળામાં મળ્યા કે જ્યાં તેમને ટ્રાઈસિકલ અપાવાની હતી. તેઓ તે સમયે પ્રેમમાં પડ્યાં અને પછી તેમણે લગ્ન કર્યાં. પરંતુ મનોજભાઈના પરિવારે તેમના લગ્નનો વિરોધ કર્યો. છેવટે તેઓ તેમના ઘરેથી બહાર નીકળ્યા અને ભાવનગર આવ્યા. તેમને એક લોજમાં કામ મળ્યું. રીટાબહેન વાસણો સાફ કરતાં હતાં અને રોટલીની કણેક બાંધતાં હતાં જ્યારે મનોજભાઈ રોટલી વણતા હતા. તેઓ સવારના 6થી રાતના 11 વાગ્યા સુધી કામ કરતા હતા. નિશીથભાઈ રોજ સવારે જ્યારે કામે જતા હતા ત્યારે તેમને જોતા હતા. તેમણે તેમને પોતાને ત્યાં આવવા અને મળવા માટે કહ્યું. કયા પ્રકારનું કામ તેમને ફાવશે તે તેમને પૂછ્યું અને પછી તેઓ કંપનીમાં જોડાયા. તેઓ રનર્સથી ફાસનર્સને અલગ કરે છે. જો કે, તેમને વાજબી ભાડા ઉપર ઘર મેળવવામાં ભારે તકલીફ પડી હતી. 2001માં માઈક્રોસાઈન કંપનીએ તેમને ઘર ખરીદવા માટે રૂ. 52,000ની ગ્રાન્ટ આપી. પરિણામે તેઓ ભાડું બચાવી શક્યા અને પોતાનું નાણાકીય ભાવિ મજબૂત કરી શક્યાં.

મનોજભાઈ અને રીટાબહેન જેવા અનેક વિકલાંગ લોકો પાસે કામની મર્યાદિત તકો છે અને કોઈ સામાજિક સલામતી  તેમને મળતી નથી. માઈક્રોસાઈન કંપનીએ તેમને તેમનો જીવનનિર્વાહ રળવાની તક આપી છે, ઘર ખરીદવા માટે ગ્રાન્ટ આપીને અથવા ટ્રાઈસિકલ માટે ગ્રાન્ટ આપીને સામાજિક સલામતી પૂરી પાડી છે. બીજી તરફ, રતનભાઈ જેવા લોકો છે કે જેઓ પોતાનાં મા-બાપ સાથે અને પોતાના ભાઈના પરિવાર સાથે રહે છે. તેઓ અંકુર નામની નજીકમાં ચાલતી પુનર્વસન સંસ્થામાં ગયા હતા. 10 મહિના પછી તેમણે અંકુરમાં જવાનું બંધ કર્યું અને તેઓ માઈક્રોસાઈન કંપની જોડાયા. તેઓ કહે છે કે તેમને અહીં આવવાનું ગમે છે કારણ કે તેઓ બીજાઓ સાથે વાતચીત કરી શકે છે અને બીજા સાથી કાર્યકરો પણ થોડીક મંદ બુદ્ધિ ધરાવે છે અથવા બીજા કેટલાક પ્રકારની વિકલાંગતા ધરાવે છે. તેમની સાથે થતી વાતચીત અને તેમના સંપર્કને કારણે તેમને તેમનું કામ અને કામનું સ્થળ બંને સ્વીકાર્ય લાગે છે.

માઈક્રોસાઈન કંપનીના પ્રયાસોની પ્રશંસા થવી જોઈએ કારણ કે તેના મોટા ભાગના કામદારો અને ખાસ કરીને વિકલાંગતા ધરાવતા કામદારો પહેલી જ વાર રોજગારી પ્રાપ્ત કરે છે અને તેમને બહુ જ ઓછું અથવા નહિવત્ શિક્ષણ પ્રાપ્ત થયેલું છે. તેમને વ્યાવસાયિક શિક્ષણ પણ પ્રાપ્ત થયું નથી. જેમને તાલીમ મળેલી નથી એવા લોકોને બહુ તકો પ્રાપ્ત થતી નથી અને તેમના જીવનમાં ઘણી જ અનિશ્ચિતતાઓ રહેતી હોય છે કારણ કે એ અનિશ્ચિતતાઓ અનૌપચારિક શ્રમ બજારની ખાસિયત ગણાય છે તેમ જ

કોઈ સામાજિક કે સામુદાયિક ટેકો પ્રાપ્ત થાય તેવું માળખું અસ્તિત્વમાં હોતું નથી. ઘણા કિસ્સામાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના પરિવારો પણ તેમને કલંકની દૃષ્ટિએ જુએ છે અને તેમને શાળામાં મોકલતા નથી અથવા તાલીમની સંસ્થાઓમાં મોકલતા નથી. તેમને લગ્ન કરતાં અટકાવવામાં આવે છે અથવા તો તેમને જબરદસ્તીથી પરણાવવામાં આવે છે. આ બધાને પરિણામે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ ભારે શક્તિહીનતાનો અનુભવ કરે છે અને તેઓ તેમની જાતને વ્યક્ત કરી શકે એવી પરિસ્થિતિ હોતી નથી. જો કે, માઈક્રોસાઈન કંપનીમાં દરેક કર્મચારીને તેનું કામ કરવા માટે તાલીમ આપવામાં આવી છે.

સ્વૈચ્છિક રીતે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને કામે રાખીને માઈક્રોસાઈન કંપનીએ એ બાબત સ્પષ્ટ કરી દીધી છે કે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને આર્થિક રીતે સ્વતંત્ર બનાવવા માટે ફક્ત સરકારી અનામતો કે સખાવતો ઉપર આધાર રાખવાની જરૂર નથી. જો વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના કામમાં યોગ્ય સુધારા કરવામાં આવે અને તેમના કામ મુજબ તેમની કુશળતાનો વિકાસ કરવામાં આવે તો તેઓ તેમનું કામ કરવાની બાબતમાં કોઈ પણ રીતે અક્ષમ રહેતા નથી. તેઓ ઔપચારિક કાર્ય દળમાં આસાનીથી સંયોજન સાધી શકે છે અને પ્રોવિડન્ટ ફંડ જેવા સામાજિક સલામતીના લાભો પણ પ્રાપ્ત કરી શકે છે. આર્થિક સ્વતંત્રતા ઉપરાંત તે તેમને માટે મુખ્ય પ્રવાહમાં અર્થપૂર્ણ રીતે સહભાગી થવા માટે તકોનું સર્જન કરે છે.

**સમાવેશી પ્રયોગનાં મહત્ત્વનાં લક્ષણો**

1) ખાનગી ક્ષેત્રમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને રોજગારીએ રાખવાનો સ્વૈચ્છિક રીતે પ્રયાસ કરવામાં આવ્યો છે.
2) કામદારોની ભરતીમાં વિકલાંગતાને અવરોધ ગણવામાં આવતી નથી.
3) માઈક્રોસાઈન કંપનીએ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓની વિકલાંગતા નહીં પણ સક્ષમતાને તેમના કાર્ય માટે ધ્યાનમાં લીધી છે.
4) જે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ અકુશળ છે અથવા ખૂબ ઓછી કુશળતા ધરાવે છે તથા જેમને તેમના પરિવારો તથા સમુદાયોએ ધુત્કાર્યા છે તેમને માટે માઈક્રોસાઈન કંપનીએ રોજગારીની તકોનું સર્જન કર્યું છે.
5) કર્મચારીઓની સામાજિક સલામતીની જરૂરિયાતોને પહોંચી વળવા માટે પરિવાર જેવો ટેકો પૂરો પાડવામાં આવે છે.
6) વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓની સામાજિક સલામતીની જરૂરિયાતોની કાળજી કંપની દ્વારા લેવામાં આવે છે અને તેને નોકરીદાતાની જવાબદારી ગણવામાં આવે છે, તેથી સરકારી સેવાઓના ટેકા વિશે કશું ત્યાં વિચારવામાં આવ્યું નથી.

# ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ, મુંબઈ

**વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટે કામનું સાનુકૂળ પર્યાવરણ ઊભું કરવું**

ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (બીપીસીએલ) જાહેર ક્ષેત્રની એક અગ્રણી કંપની છે. તે પેટ્રોલ, ડીઝલ, રાંધણ ગેસ અને એવિએશન ટર્બાઈન ફ્યુઅલ (એટીએફ), ઊંજણ જેવી પેટ્રોલિયમ પેદાશોનું ઉત્પાદન અને વિતરણ કરે છે. આ ઉપરાંત, તે ઘણી ઔદ્યોગિક વસ્તુઓ, પેટ્રો રસાયણો અને ઔદ્યોગિક દ્રાવણો પણ ઉત્પન્ન કરે છે અને વેચે છે. તેનું વિતરણનું નેટવર્ક ઘણું મોટું છે. ફોર્ચ્યુન-500ની યાદીમાં ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ પણ સ્થાન ધરાવે છે. તેનું વાર્ષિક કામકાજ 1350 અબજ રૂપિયાનું છે. 'ધી ઈકોનોમિક ટાઈમ્સ' અખબાર દ્વારા ભારતમાં આ કંપનીને તેની બ્રાન્ડ વેલ્યુના સંદર્ભમાં સાતમો ક્રમ આપવામાં આવ્યો છે. 2009-10માં તેનો ચોખ્ખો નફો રૂ. 1,538 કરોડનો હતો. 2010માં તેને આર્થિક, પર્યાવરણીય અને સામાજિક ચિરંતનતા માટે કામ કરવા બદલ કંપનીઓની સામાજિક જવાબદારી (સીએસઆર)ની શ્રેણીમાં એનડીટીવી પ્રોફિટ બિઝનેસ લીડરશિપ એવોર્ડ આપવામાં આવ્યો હતો. આ કંપનીની ચિરંતનતાના અહેવાલ માટે તેને ગ્લોબલ રિપોર્ટિંગ ઈનિશ્યેટિવની માર્ગરેખાઓ અનુસાર એ-પ્લસ રેટિંગ આપવામાં આવ્યું હતું.

જાહેર ક્ષેત્રની તમામ સંસ્થાઓની જેમ આ કંપની પણ વિકલાંગ વ્યક્તિ ધારા-1995નો અમલ કરે છે અને તે પોતાને ત્યાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટે 3 ટકા નોકરીઓ અનામત રાખે છે. અત્યારે તેના કર્મચારીઓની સંખ્યા 13928 છે અને તેમાં 218 વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ છે. અને તેમાં 45 વ્યક્તિઓ સંચાલક શ્રેણીની છે. ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડના સમાવેશી રોજગારીના જે પ્રયાસો ઉદાહરણીય છે તે તો તેનાં સંગઠનાત્મક ધોરણો અને કાર્યશૈલીનાં ધોરણો છે કે જે તેને અન્ય કંપનીઓ કરતાં જુદી પાડે છે. કંપનીએ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટે કામનું પ્રોત્સાહક પર્યાવરણ ઊભું કર્યું છે.

જાહેર ક્ષેત્રમાં મૂડી વિસર્જન વધી રહ્યું છે અને તેલ ઉદ્યોગમાં મોટા પાયે ખાનગી કંપનીઓ પ્રવેશ મેળવી રહી છે ત્યારે ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડમાં અને સંગઠનાત્મક ફેરફારો થયા છે અને વ્યૂહાત્મક આયોજન થઈ રહ્યું છે. કંપની સ્પર્ધાત્મક અને કાર્યક્ષમ બની રહે તે માટે તેના કાર્યની સમીક્ષા કરવામાં આવી રહી છે. છેલ્લે 1996માં આ પ્રકારની સમીક્ષા હાથ ધરવામાં આવી હતી. જો કે, આંતરિક પરિવર્તનો આવ્યાં હોવા છતાં પણ તેની સંગઠનાત્મક કાર્ય શૈલી જાળવી રાખવામાં આવી હતી અને વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના સમાવેશને પ્રોત્સાહન આપવાની નીતિ પણ જાળવી

રાખવામાં આવી હતી. ભરતી, તાલીમ અને મૂલ્યાંકન તથા માનવ સંસાધન સંચાલન અંગેની તેની નીતિઓ પરથી તથા તેના કામદારોની કામની રોજિંદી સ્થિતિ પરથી આ બાબત સ્પષ્ટ થાય છે.

દા.ત. કેમ્પસ ઉપરથી ભરતી કરવામાં આવે છે ત્યારે પસંદગી બોર્ડ સામે વિકલાંગતા ધરાવતી વ્યક્તિ આવે છે ત્યારે તેમની પસંદગી માટે સમાન તકો ઊભી કરવા માટે વિશેષ પ્રયાસો કરવામાં આવે છે. આ માટે તેમને વાજબી વ્યવસ્થાઓ પૂરી પાડવામાં આવે છે. જૂથ ચર્ચામાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિ અનેક કારણોસર ભાગીદાર થવાનું મુશ્કેલ અનુભવતી હોય ત્યારે ઘણી વાર તેમાંથી તેને માફી આપવામાં આવે છે અને તેને સીધી જ રૂબરૂ મુલાકાત માટે નિમંત્રવામાં આવે છે. કંપની વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓની ભરતી માટે ખાસ ઝુંબેશ પણ હાથ ધરે છે. દા.ત. લેખિત પરીક્ષા દરમ્યાન એ ધ્યાનમાં રાખવામાં આવે છે કે તે મકાનના ભોંયતળિયે યોજવામાં આવે. તમામ ખંડો પણ પૂરતા હવા-ઉજાસવાળા હોય તેની કાળજી રાખવામાં આવે છે અને જ્યાં જરૂરી હોય ત્યાં પરીક્ષામાં લેખન માટે ટેકો પણ પૂરો પાડવામાં આવે છે. પરિણામે સહભાગી થનારા વિદ્યાર્થીઓને કંપની જોવા માટે ઉત્સાહ ઊભો થાય છે. ઘણી વાર પસંદ કરાયેલા કર્મચારીઓને વધારે આકર્ષક ઓફર આપીને બીપીસીએલ પસંદ કરવા માટે પણ પ્રેરણા આપવામાં આવે છે. આ બાબત પોતાના કર્મચારીઓ પ્રત્યેની કંપનીની પ્રતિબદ્ધતા છે. વિકલાંગતા ધરાવતી વ્યક્તિને કંપનીમાં નોકરી અપાય તે પછી પણ તેને વિશેષ ટેકો પૂરો પાડવામાં આવે છે. ખાસ કરીને ઘર ફાળવવાની બાબતમાં કે ઘરની હંગામી વ્યવસ્થામાં આ ટેકો પૂરો પાડવામાં આવે છે. પ્રાથમિકતાના ધોરણે ઘરની ફાળવણી માટે જે યાદી બનાવવામાં આવી હોય છે તે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના સંદર્ભમાં અવગણવામાં આવે છે. ખાસ કરીને તેઓ જ્યારે નવા શહેરમાં જતા હોય છે ત્યારે આ બાબતનું ખાસ ધ્યાન રાખવામાં આવે છે. જ્યારે નવી ભરતી થાય છે ત્યારે કંપનીના વિવિધ વ્યૂહાત્મક ધંધાકીય એકમો વિશેની અને ખાસ કરીને તેનાં સ્થળો તથા રિફાઈનરીઓની માહિતી આપવામાં આવે છે. વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને માટે રિફાઈનરીમાં તેમણે ઓછો સમય વિતાવવો પડે તેવી વ્યવસ્થા પણ કરવામાં આવે છે. તેઓ જે સામગ્રી સાથે કામ કરે છે તે ઘણી જોખમી હોઈ શકે છે. તેથી વ્યાવસાયિક સુરક્ષાને ધ્યાનમાં રાખીને આ બાબત ગોઠવવામાં આવતી હોય છે. સામાન્ય રીતે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને ઓફિસોમાં નોકરી આપવામાં આવે છે. તેઓ મોટે ભાગે નાણાં, માનવ સંસાધનો, માહિતી ટેક્નોલોજી અને વેચાણ વિભાગમાં કામ કરે છે. ખાસ કિસ્સામાં એ જ વિભાગમાં કામ  એવી રીતે ગોઠવવામાં આવે છે કે જેથી વિકલાંગતા ધરાવતી વ્યક્તિ તેની રુચિ અને તેની શક્તિ અનુસાર કામગીરી કરી શકે છે અને છતાં તેની કારકિર્દીના વિકાસમાં કોઈ બાધા ઊભી ન થાય.

અમે જે કામદારોની મુલાકાત લીધી તેમણે કહ્યું કે તેમને માટે કંપનીમાં ચિંતાનું કોઈ કારણ તેમને કદી દેખાયું નથી. મોટા ભાગના કામદારો કામના સ્થળે કામ શીખવા માટે ખૂબ જ ઉત્સાહી હતા. તેમના ઉપરીઓ તેમને ખૂબ જ ટેકો અને પ્રોત્સાહન આપતા હતા. તેમણે એમ કહ્યું કે કંપની અન્ય લોકો સાથે જે પ્રકારનો વ્યવહાર કરે છે તેવો જ વ્યવહાર તેમની સાથે પણ કરવામાં આવે. તેથી ફરિયાદને કોઈ કારણ નથી. તેમણે એવું પણ કહ્યું કે જે કામ તેમને અયોગ્ય લાગતું હોય તે કામ કરવા માટે તેમને ફરજ પાડવામાં આવી હોય એવો એક પણ પ્રસંગ તેમને યાદ નથી. આ બાબત ખરેખર જ ખૂબ પ્રશંસનીય હતી. કંપનીની અંદર ઉપરથી નીચેના સ્તર સુધી જે આસાનીથી વાતચીત થઈ શકતી હતી તે બાબત અને ઉપરીઓ દ્વારા તેમને જે પ્રોત્સાહન આપવામાં આવે છે તે આ કંપનીની એક વિશેષ લાક્ષણિકતા છે. વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ તેમની ભૂમિકા યોગ્ય રીતે ભજવી શકે અને સંગઠનમાં પ્રગતિ સાધી શકે તે માટે આ વાતાવરણ ખૂબ જ ઉપયોગી થાય છે.

પહોંચના સંદર્ભમાં કંપનીએ એમ જણાવ્યું કે આ ક્ષેત્રે આત્યારે કામ ચાલી રહ્યું છે. જ્યાં જ્યાં શક્ય હોય ત્યાં ત્યાં ઢાળ બાંધવામાં આવી રહ્યા છે. લિફ્ટમાં અવાજ દ્વારા સૂચનાઓ આપવામાં આવે છે અને બ્રેઈલ નિશાનીઓ પણ મૂકવામાં આવી છે. વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટે જાજરૂમાં જરૂરી સુધારા-વધારા કરવામાં આવ્યા છે અને દરેક જગ્યાએ નિસરણીમાં બંને બાજુ કઠેડા મૂકવામાં આવ્યા છે. રિફાઈનરી અને અન્ય જગ્યાઓની આ બાબતો મુશ્કેલ બની છે ત્યારે કંપનીએ તેલ ઉદ્યોગનાં સુરક્ષાનાં ધોરણોનું પાલન કરવાની જરૂર છે. કોઈક કટોકટીની પરિસ્થિતિ ઊભી થાય ત્યારે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને ખસેડવા માટે તમામ સલામતી કર્મચારીઓને તાલીમ આપવામાં આવી છે. અવારનવાર સુરક્ષા માટે સૂચનાઓ આપવામાં આવે છે અને અખતરાઓ કરવામાં આવે છે.

કંપનીએ કામ કરવાની સાનુકૂળ અને સહભાગી પદ્ધતિ વિકસાવવા માટે ઘણું કાર્ય કર્યું છે. સામાન્ય કર્મચારીઓને તેમના ઉપરીઓ સાથે ચર્ચા કરવા માટે ભાગીદાર થવા અને અસંમત થવા માટે પણ પ્રોત્સાહન આપવામાં આવે છે. વરિષ્ઠ અધિકારીઓને ગમે ત્યારે મળી શકાય છે અને અન્ય કંપનીઓમાં જે પ્રકારનું શ્રેણીગત વાતાવરણ હોય છે તેવું વાતાવરણ આ કંપનીમાં રાખવામાં આવ્યું નથી. વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટે તેને પરિણમે એકંદરે પ્રોત્સાહક વાતાવરણ ઊભું થાય છે. તેઓ પોતાની ચિંતાઓ અને પોતાના વાંધાઓ આસાનીથી રજૂ કરી શકે છે. વરિષ્ઠ સંચાલકો માટે તેનાથી અન્ય દૃષ્ટિકોણ સમજવા માટેની તક ઊભી થાય છે. તેને પરિણામે જરૂરી સુધારા-વધારા કરવામાં આવે છે અને કામ તથા કામના પર્યાવરણમાં નવી વ્યવસ્થાઓ ઊભી કરવામાં આવે છે.

જે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓની અમે મુલાકાત લીધી તેમણે એમ કહ્યું કે તેમના સાથીઓ તેમને ખૂબ જ મદદ કરે છે, તેમણે કદી પણ મદદ માંગવી પડતી નથી અને આપોઆપ જ તરત જ મદદ મળી જાય છે. પરંતુ તેનાથી કોઈ ભારણ ઊભું થતું નથી. તેમને કદી પણ એવું લાગ્યું નથી કે હકારાત્મક રીતે કે નકારાત્મક રીતે તેમની સાથે કોઈ ભેદભાવ કરવામાં આવ્યો હોય. કોઈ તફાવતી વ્યવહાર કરવામાં આવ્યો નથી કે જેને લીધે સામાન્ય રીતે બીજાઓમાં રોષ જન્મતો હોય છે. વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને તેમનાં હિતો અને અન્ય તકોમાં આગળ વધવા માટે કદી પણ તેમને નિરુત્સાહિત કરવામાં આવી નથી. એનાથી વિરુદ્ધ સામાન્ય રીતે ઉપરીઓ એ બાબતનું ધ્યાન રાખે છે કે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને શાબ્દિક રીતે અને કાર્યની રીતે જરૂરી ટેકો પ્રાપ્ત થાય.

સંગઠનમાં જે સમાજીકરણ થયેલું છે તેને પરિણામે કંપનીનાં ધોરણો અને કંપનીના સંસ્કારો કામદારોની જુદી જુદી પેઢીઓમાં ઊતરી આવે છે. વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓની વિવિધ જરૂરિયાતો પ્રત્યે સંવેદનશીલતા બતાવવામાં અને કામની રચનાત્મક સ્થિતિ ઊભી કરવામાં સમાવેશના વિવિધ મુદ્દાઓ ઉપર કામ કરવામાં આવ્યું છે. સંચાલકોની યુવાન પેઢી પણ પોતાના ઉપરી પાસેથી આ બાબતો શીખે છે. તેને પરિણામે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટે ભરતીની પ્રક્રિયા, ઘરની ફાળવણી, નોકરીના આરંભની પ્રક્રિયા, કામની ગોઠવણી કે અન્ય બાબતો માટેનાં ધોરણો કે નિયમોને લેખિત સ્વરૂપ આપવાની કોઈ જરૂર ઉપરી સંચાલકો જોતા નથી. સૌને માટે કામનું પર્યાવરણ સાનુકૂળ બની રહે તે માટે તેઓ શીખવા માળેલી વર્તનલક્ષી બાબતો ઉપર જ આધાર રાખે છે.

વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટે રોજગારીની તકો વધારે ઊભી કરવા માટે કંપની એમ માને છે કે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ વધારે પ્રમાણમાં અરજી કરે અને સારી ગુણવત્તા ધરાવનારી વ્યક્તિઓ અરજી કરે તે માટે પ્રયત્નો કરવામાં આવે છે. ઐતિહાસિક રીતે ઉચ્ચ શિક્ષણમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓનું પ્રમાણ ખૂબ જ ઓછું છે. તાલીમની તકો ખૂબ જ મર્યાદિત છે અને તેની ગુણવત્તા પણ ઘણી નીચી છે. પરિણામે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓનું શૈક્ષણિક પરિણામ સુધરે તે માટે સર્વગ્રાહી પ્રયાસો જરૂરી છે, તો જ તેમની રોજગારીનું પ્રમાણ વધશે અને તેમની કારકિર્દીનો વિકાસ કરવાની તકો પણ વધશે.

**સમાવેશી પ્રયોગનાં મહત્ત્વનાં લક્ષણો**

1) વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓની કેમ્પસ-આધારિત ભરતી કરવા માટે ભરતી અને પસંદગીની સમગ્ર પ્રક્રિયા બદલી નાખી છે.
2) વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓની ભરતી માટે વિશેષ ઝુંબેશ ચલાવવામાં આવે છે અને પરીક્ષા માટેનાં તમામ કેન્દ્રો ઉપર પહોંચ માટે વિશેષ પ્રયાસો કરવામાં આવે છે.
3) કામના સ્થળે કર્મચારીઓને આસાનીથી મળી શકે તેવો ટેક્નોલોજિકલ ટેકો પૂરો પાડવામાં આવે છે.
4) જ્યારે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓનું કામનું સ્થળ બદલાય ત્યારે ઘર ફાળવવામાં તેમને પ્રાથમિકતા આપવામાં આવે છે.
5) કામની પરિસ્થિતિ ટેકારૂપ હોય છે. જરૂરી સાધનો પૂરાં પાડવામાં આવે છે, કામની પ્રક્રિયા એમને અનુકૂળ આવે તે રીતે ગોઠવવામાં આવે છે અને જ્યાં જરૂરી હોય ત્યાં સહયોગ પૂરો પાડવામાં આવે છે.
6) કારકિર્દીના વિકાસમાં પોતાના પ્રત્યે કોઈ ભેદભાવ આચરવામાં આવતો હોય એવું વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓએ કહ્યું ન હતું.
7) કંપનીમાં અવરોધમુક્ત પર્યાવરણ ઊભું કરવા માટેની કામગીરી ચાલી રહી છે.

## અંધજન મંડળ, અમદાવાદ

**વિશેષ રોજગાર વિનિમય કચેરી દ્વારા વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓની રોજગારી માટેની વિવિધ તકો ઊભી કરવી**

શ્રી રંગ અવધૂત રોજગાર અને વ્યવસ્થા વિભાગ એ અંધજન મંડળ દ્વારા વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટે રોજગાર વિનિમય કચેરી તરીકે સ્થાપના કરવામાં આવેલો વિભાગ છે. વિકલાંગતા ધરાવતી વ્યક્તિ કુશળ હોય કે અકુશળ, તે તેની લાયકાતો સાથે પોતાની નોંધણી આ કચેરીમાં કરાવી શકે છે. રોજગારી તેમ જ સ્વ-રોજગારી માટેની તકો શોધવામાં આવે છે અને નોકરીદાતાઓની અપેક્ષા મુજબ કુશળતાનું સ્તર શોધી વ્યક્તિને રોજગારની ભલામણ કરવામાં આવે છે.

આ માટે નોકરીદાતા પાસેથી વિકલાંગ વ્યક્તિ પાસેથી કોઈ ફી લેવામાં આવતી નથી. કંપનીઓ કે વ્યક્તિઓ અંધજન મંડળને દાન આપે તેને બદલે તેઓ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને નોકરીએ રાખે તેવી હિમાયત કરે છે. ઘણા કિસ્સામાં જે કુશળતાઓની અપેક્ષા બજારમાં રાખવામાં આવે છે તે કુશળતા વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓમાં આવે તે માટે તેમને તાલીમ આપવામાં આવે છે અને ક્ષમતા નિર્માણ કરવામાં આવે છે. બજારમાં કેવા પ્રકારનાં

કામો પ્રાપ્ય છે તે તપાસીને વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને કામની ઓફર કરવામાં આવે છે. સામાન્ય રીતે તેમને શેત્રંજી બનાવવાનું, થેલીઓ બનાવવાનું, મોટર વાઈન્ડિંગ કામ મળે તેવું બનતું હતું. તેને બદલે હવે તેમને બિન-પરંપરાગત કામો પણ પ્રાપ્ત થાય તેવો પ્રયત્ન કરવામાં આવે છે. તેમની આવક દર મહિને રૂ. 3000થી રૂ. 25000 હોય છે.

આ વિભાગ દ્વારા લગભગ 300 વ્યક્તિઓને રોજગારી પ્રાપ્ત થઈ છે. તેમાંથી 150 વ્યક્તિઓને નોકરી પ્રાપ્ત થઈ છે જ્યારે 150 વ્યક્તિઓને સ્વ-રોજગારી પ્રાપ્ત થઈ છે. જેમને સ્વ-રોજગારી પ્રાપ્ત થઈ છે તેઓ ટેલિફોન અને ફોટોકોપીંગનું બૂથ ચલાવે છે, નાની દુકાનો ચલાવે છે, શાકભાજી વેચે છે, ચાના ગલ્લા ચલાવે છે, મોબાઈલ ફોનના વાઉચર વેચે છે વગેરે. રાજ્યમાં આવા 600 સ્ટોલ કામ કરે છે કે જેમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ કામ કરે છે. અમદાવાદ શહેરમાં જ આવા 200 સ્ટોલ છે. તેઓ દર

**સ્વ-રોજગારી**

| વર્ષ | ઓએચ | | વીઆઈ | | એમઆર | | એચઆઈ | | સીપી | | એમઆઈ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી | |
| 1-4-2008થી 31-3-09 | 67 | 41 | 43 | 9 | 4 | 1 | 2 | 1 | 1 | 0 | 0 | 0 | **169** |
| 1-4-2009થી 31-3-10 | 65 | 28 | 29 | 20 | 4 | 3 | 2 | 10 | 2 | 0 | 3 | 1 | **167** |
| 1-4-2010થી 31-3-11 | 62 | 54 | 37 | 16 | 4 | 0 | 3 | 5 | 0 | 0 | 0 | 0 | **181** |
| **કુલ** | **194** | **123** | **109** | **45** | **12** | **4** | **7** | **16** | **3** | **0** | **3** | **1** | **517** |

**□જગા□**

| વર્ષ | ઓએચ | | વીઆઈ | | એમઆર | | એચઆઈ | | સીપી | | એમઆઈ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી | |
| 1-4-2008થી 31-3-09 | 33 | 19 | 16 | 0 | 2 | 0 | 3 | 4 | 0 | 0 | 0 | 0 | **77** |
| 1-4-2009થી 31-3-10 | 48 | 14 | 38 | 1 | 3 | 0 | 10 | 3 | 0 | 0 | 0 | 0 | **117** |
| 1-4-2010થી 31-3-11 | 70 | 20 | 30 | 1 | 0 | 0 | 26 | 3 | 0 | 0 | 0 | 0 | **150** |
| **કુલ** | **151** | **53** | **84** | **2** | **5** | **0** | **39** | **10** | **0** | **0** | **0** | **0** | **344** |
| **કુલ** | **345** | **176** | **193** | **47** | **17** | **4** | **46** | **26** | **3** | **0** | **3** | **1** | **861** |

મહિને આ સ્ટોલમાંથી રૂ. 2000થી રૂ. 6000 કમાય છે. આ રોજગારી વિનિમય કચેરી દ્વારા લગભગ તમામ પ્રકારની વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓની રોજગારીની જરૂરિયાત સંતોષાય છે. જો કે, ઓટિઝમ ધરાવતી વ્યક્તિઓ કોઈક કારણસર રોજગારી મેળવવા આવતી નથી.

વિકલાંગતા ધરાવતી ઘણી વ્યક્તિઓ સ્વ-રોજગારીનો વિકલ્પ પસંદ કરે છે. તેમને લાગે છે કે તેઓ જ્યારે નોકરી કરવા જાય છે ત્યારે તેમને અનેક પ્રકારનાં કામો સોંપવામાં આવે છે અને તેઓ એ કામ કરી શકતા નથી. ઘણી વાર તેથી તેઓ નોકરીઓ છોડી દે છે. તેથી આ રોજગાર વિનિમય કચેરી દ્વારા કામની માંગ અને વિકલાંગતા વચ્ચે મેળ બેસાડવાનો અને એ પ્રકારની રોજગાર નક્કી કરવાનો પ્રયાસ કરવામાં આવે છે. જો કે, વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને એક વાર રોજગાર મળી જાય પછી તેમની સાથે કોઈ સંપર્ક રહેતો નથી. જો કોઈ ફરિયાદ હોય તો જ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ કચેરીમાં પાછી આવે છે. આ વિનિમય કચેરી તેવા કિસ્સામાં મધ્યસ્થીની ભૂમિકા ભજવે છે અને એ વ્યક્તિને બીજે ક્યાંક નોકરી મળે તે માટે પ્રયત્ન કરવામાં આવે છે. તેઓ સામાન્ય રીતે નોકરીદાતા સાથે કાનૂની લડાઈ લડતા નથી. તેને બદલે મતભેદો ઉકેલવા માટે પ્રયાસો કરવામાં આવે છે. તેઓ મોટે ભાગે લવાદી કરે છે અને અન્ય વિકલાંગ વ્યક્તિઓને ત્યાં નોકરી મળે તે માટેનાં દ્વાર ખુલ્લાં રાખે છે. રોજગાર વિનિમય કચેરી પ્રાપ્ય નોકરીઓ માટે માર્ગદર્શન કેન્દ્ર અથવા સલાહ કેન્દ્ર તરીકે પણ કામ કરે છે. ભરતી માટેની ઝુંબેશમાં તે મદદ પણ કરે છે. અમદાવાદની 22 એજન્સીઓની યાદી આ રોજગાર વિનિમય કચેરી પાસે છે કે જ્યાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને રોજગારીએ રાખી શકાય. તેમાં સિવિલ હોસ્પિટલ, ડિઝાઈનમેટ જેવી આઈટી કંપની, અને બીપીઓ વગેરેનો સમાવેશ થાય છે. જો કે, બીપીઓમાં કામ કરવાનું વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ પસંદ કરતી નથી. કાફે કોફી ડે અને લેમન ટ્રી જેવી હોટલોમાં પણ સામાન્ય રીતે શ્રવણ શક્તિની ખામી ધરાવતી વ્યક્તિઓને રોજગારીએ રાખવામાં આવે છે. બાંધકામ ક્ષેત્રની કંપની સફલ જૂથ દ્વારા સામાન્ય રીતે અંધજનને લિફ્ટ ઓપરેટર તરીકે નોકરી આપવામાં આવે છે.

અમદાવાદમાં સિવિલ હોસ્પિટલમાં કેસ લખવાનું કામ બે પ્રકારની વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ દ્વારા કરવામાં આવે છે. ઓપીડીમાં કેસ લખવામાં આવે છે અને કેસની ફાઈલ બનાવવામાં આવે છે. ત્યાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ એક સ્વ-સહાય જૂથ તરીકે કામ કરે છે. જ્યારે કેન્સર હોસ્પિટલમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ કરાર-આધારિત નોકરી પ્રાપ્ત કરે છે. સ્વ-સહાય જૂથ કેસ દીઠ રૂ. 5 ફી તરીકે લે છે. મહિનાને અંતે નફાની વહેંચણી જૂથના સભ્યોમાં કરવામાં આવે છે. રોજના લગભગ 500 કેસ આવતા હોય છે. આ જૂથમાં હાડકાની વિકલાંગતા ધરાવતી 14 વ્યક્તિઓ છે

અને તેમાં 5 મહિલાઓ છે. તેઓ 8 કલાકની પાળીમાં કામ કરે છે. જુદી જુદી વ્યક્તિ દરેક પાળીમાં કેસ નોંધવાનું કામ કરે છે. હિસાબી કામ અને અન્ય વહીવટી કામ વારાફરતી કરવામાં આવતું હોય છે. આ જૂથે જગ્યા માટે સિવિલ હોસ્પિટલને ભાડું ચૂકવવું પડે છે.

કેન્સર હોસ્પિટલમાં 21થી 30ની વયની વિકલાંગતા ધરાવતી 21 વ્યક્તિઓ કામ કરે છે તેમાં 11 મહિલાઓ છે, 19 વ્યક્તિઓ હાડકાંની વિકલાંગતા ધરાવે છે, એક વ્યક્તિ બહેરાશ ધરાવે છે અને એક વ્યક્તિ માનસિક વિકલાંગતા ધરાવે છે. તેમાં કેસ લખનારને દર મહિને રૂ. 4500 પગાર તરીકે આપવામાં આવે છે અને તે એક વર્ષના કરાર પર કામ કરે છે. દર વર્ષે તેને 10 ટકા ઈજાફો આપવામાં આવે છે પરંતુ રજાઓ કે ગ્રેજ્યુઈટી જેવા લાભ આપવામાં આવતા નથી. એક કેસ દીઠ હોસ્પિટલ રૂ. 10નો ચાર્જ વસૂલ કરે છે. આ કામ માટે લઘુતમ લાયકાત કોમ્પ્યુટરની તાલીમ અને સ્નાતકની પદવી છે. કર્મચારીએ આઠ કલાકની પાળીમાં કામ કરવું પડે છે અને તેને બપોરના ભોજન માટે એક કલાકની રિસેસ મળે છે.

ડિઝાઈનમેટ એક થ્રી-ડી નિર્માણ કંપની છે. તે કે-12 શિક્ષણ માટે ઈ-કન્ટેન્ટ સાથે સંબંધિત એવા પાઠ તૈયાર કરે છે. એનિમેશન અને ગ્રાફિક્સનો ઉપયોગ કરીને ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને જીવવિજ્ઞાન તથા ગણિત જેવા વિષયો સરળ રીતે રજૂ કરવામાં આવે છે. તેઓ રમતો અને પઝલ વગેરે સાથેની સીડી આ રીતે તૈયાર કરે છે અને તેમાં ભારત તથા વિદેશોના વિવિધ પરીક્ષા બોર્ડના અભ્યાસક્રમને આવરી લેવામાં આવે છે. આ 22 વર્ષ જૂની કંપની છે અને લશ્કરના એક ભૂતપૂર્વ અધિકારી તેના વડા છે. તેઓ પોતે વ્હીલચેરનો ઉપયોગ કરે છે. તેની સ્થાપના સૌ પ્રથમ મુંબઈમાં કરવામાં આવી હતી અને છેલ્લાં 10 વર્ષથી તે અમદાવાદમાં કામ કરે છે.

ડિઝાઈનમેટને વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને રોજગારી આપવા માટે તેમ જ ઈ-કન્ટેન્ટ તૈયાર કરવા માટે અનેક પારિતોષિક પ્રાપ્ત થયાં છે. તેણે 250 વ્યવસાયીઓને કામે રાખ્યા છે. તેમાંથી 180 વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ છે અને તેમાં લગભગ 50 ટકા મહિલાઓ છે. મોટા ભાગની વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને અંધજન મંડળની રોજગાર વિનિમય કચેરી દ્વારા એનિમેટર તરીકે રાખવામાં આવ્યા છે. તેઓ બધા જ શારીરિક રીતે હાડકાંની વિકલાંગતા ધરાવે છે. જુદા જુદા વિભાગોના વડાઓ અને શિક્ષકો વ્યવસાયીઓ છે અને તેઓ વિષય નિષ્ણાતો તરીકે કામ કરે છે. એનિમેટરને પ્રારંભમાં દર મહિને રૂ. 5000નો પગાર મળે છે અને તેને ગેસ્ટ હાઉસ, પીએફ, ગ્રેજ્યુઈટી, ઈએસઆઈ, 15 દિવસની રજા, 10 દિવસનું દિવાળીનું વેકેશન વગેરે જેવી

સવલતો પણ પ્રાપ્ત થાય છે. તેની લઘુતમ લાયકાત 12મા ધોરણની અને અંગ્રેજી ભાષાની કુશળતા છે.

તેમને નોકરી દરમ્યાન જ તાલીમ આપવામાં આવે છે અને તેમને આગળ બઢતી મળતી જાય છે. અત્યારે સૌથી વધારે પગાર દર મહિને રૂ. 50 હજાર છે. નિયમિત સમીક્ષા કરવાની અને ઈજાફા આપવાની વ્યવસ્થા પણ તેમાં કરવામાં આવી છે. સવારના 9થી સાંજના 7 સુધીનો સમય હોય છે. તેમાં શરૂઆતના બે કલાક તાલીમ માટેના હોય છે. વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને કરવેરાના લાભ આપવામાં આવે છે. બે કર્મચારીઓની મુલાકાત લેવામાં આવી ત્યારે તેમણે કહ્યું કે કામની સ્થિતિ ખૂબ જ અનુકૂળ છે અને તેમને કામ કરવાનું ફાવે છે. કામ માટે જે કંઈ સાધનો પૂરાં પાડવામાં આવે છે તેનાથી તેમનો આત્મવિશ્વાસ વધે છે. તેઓ સ્વાધીનતાનો અનુભવ કરે છે એટલું જ નહીં પણ કુટુંબની અંદર તેમનું સન્માન વધ્યું છે. અમદાવાદ બહારના કર્મચારીઓને આવાસની વ્યવસ્થા પૂરી પાડવામાં આવે છે. બીમારી દરમ્યાન પણ કર્મચારીઓને ટેકો પૂરો પાડવામાં આવે છે અને તેથી નોકરીદાતા અને કર્મચારી વચ્ચેના સંબંધો ખૂબ જ મજબૂત છે.

અગાઉ જણાવવામાં આવ્યું તે મુજબ ખૂબ મોટા પ્રમાણમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ સ્વ-રોજગારીને પ્રાથમિકતા આપે છે. તેઓ આસાનીથી પોતાના ધંધામાં ગોઠવાઈ જાય છે અને તેમને રોજગારીની શરતો પોતાની રીતે નક્કી કરવાની સ્વતંત્રતા મળે છે. દૃષ્ટિની ખામી ધરાવતી એક વ્યક્તિ રાજકુમાર રુચંદાની છેલ્લાં દસ વર્ષથી અમદાવાદમાં આરટીઓની નજીકમાં ફોટો કોપી માટેની દુકાન ચલાવે છે. અગાઉ તેઓ 'ધ ટાઈમ્સ ઓફ ઈન્ડિયા' અખબારનું વેચાણ કરતા હતા અને તેને માટે જાહેરખબરો ભેગી કરતા હતા. તેમની આંખોની દૃષ્ટિ ખૂબ જલ્દી ઓછી થવા માંડી એટલે તેમણે એ નોકરી છોડી દીધી. 2001માં તેમણે સંપૂર્ણપણે દૃષ્ટિ ગુમાવી અને તેઓ ત્રણ વર્ષ સુધી ઘરમાં બેસી રહ્યા હતા. તેમનાં મા-બાપ પથારીવશ હતાં અને તેઓ તેમને બહાર કામે જવા દેવા માટે તૈયાર ન હતાં. પછી તેમણે અંધજન મંડળનો સંપર્ક સાધ્યો અને આ રીતે તેમણે તેમનું બૂથ શરૂ કર્યું. પહેલાં તેમણે હળવાં પીણાં વેચવાની શરૂઆત કરી હતી. પરંતુ તેમાં તેમને નફો થયો નહોતો. તેઓ તેમનું આ બૂથ સવારે 10.30થી સાંજના 6.30 સુધી ચલાવતા હતા. તેમણે પછી ઝેરોક્ષ મશિન ખરીદવા માટે લોન લીધી અને અત્યારે તો તેમણે પોતાની લોન પાછી ભરપાઈ પણ કરી દીધી છે. તેઓ રોજ સવારે 10.30થી સાંજના 5.30 સુધી પોતાની દુકાન ખુલ્લી રાખે છે અને દર મહિને તેઓ ઓછામાં ઓછા રૂ. 5000 કમાય છે. તેમને તેમની કમાણીથી સંતોષ પણ છે. તેઓ કોઈકને સાથે. રાખીને રિક્ષામાં આવ-જા કરે છે. તેઓ ખુશ છે કારણ કે તેઓ હવે કમાય છે અને સ્વતંત્ર રીતે કમાય છે. આ જ જગ્યાએ એક બીજી વિકલાંગ વ્યક્તિ પણ આવું જ બૂથ ધરાવે છે અને તેનો ધંધો પણ સરસ ચાલે છે.

**સમાવેશી પ્રયોગનાં મહત્ત્વનાં લક્ષણો**

1) જાહેર અને ખાનગી ક્ષેત્રમાં રોજગારી અને સ્વ-રોજગારી માટે વિવિધ તકો ઊભી કરવામાં આવી.
2) વિવિધ પ્રકારની વિકલાંગતાઓ ધરાવતી વ્યક્તિઓ માટે રોજગારીની તકો ઊભી કરવામાં આવી.
3) સામાન્ય રીતે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને જે પરંપરાગત કામો મળતાં હોય છે તેના કરતાં જુદાં જ કામ હવે મળે છે. આ બાબત તેમની શૈક્ષણિક લાયકાત અને અનુભવ ઉપર આધાર રાખે છે.
4) જાહેર ક્ષેત્રની કંપનીઓ કર્મચારીઓ તરીકે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને કામે રાખે તે માટે તેમની સાથે સંપર્કો ઊભા કરવામાં આવ્યા છે.
5) સરકારી સંસ્થાઓમાં પણ પગપેસારો કરવામાં આવ્યો છે અને વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ તેમાં કરારી ધોરણે નોકરીઓ પ્રાપ્ત કરે છે.
6) ખાનગી વ્યક્તિગત દાતાઓને દાન આપવાને બદલે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને કામે રાખવા માટે પ્રોત્સાહન આપવામાં આવે છે.
7) રોજગારીમાં વિકલાંગતા ધરાવતી મહિલાઓને સમાન ધોરણે પ્રોત્સાહન આપવામાં આવે છે.

## એડેપ્ટ, મુંબઈ

**નેશનલ જોબ ડેવલપમેન્ટ સેન્ટર**

એડેપ્ટના પ્રથમ વિદ્યાર્થીઓએ જ્યારે શાળેય શિક્ષણ પૂરું કર્યું ત્યારે તેમની વ્યાવસાયિક કુશળતા વિકસાવવાની અને તેમને તાલીમ આપવાની જરૂર છે એમ જણાયું. તેથી મુંબઈમાં ચેમ્બુર ખાતે નેશનલ જોબ ડેવલપમેન્ટ સેન્ટર 1989થી શરૂ કરવામાં આવ્યું. નેશનલ જોબ ડેવલપમેન્ટ સેન્ટર સ્થાપવા પાછળ વ્યાવસાયિક પુનર્વસન અંગેના દુનિયાભરના અનુભવો, વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટેના વૈશ્વિક કાર્યલક્ષી કાર્યક્રમ અને આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠનની માર્ગરેખાઓની વિભાવનાઓ ઉપયોગી થયાં હતાં. નેશનલ જોબ ડેવલપમેન્ટ સેન્ટર આકલન, રેફરલ, સલાહ, પૂર્વ-વ્યાવસાયિક તાલીમ, નોકરીમાં સ્થાપન માટે સહાય, તાલીમ પછીનો ટેકો અને નોકરીમાં સ્થાપન પછીનો ટેકો વગેરે જેવી સેવાઓ આપે છે. નેશનલ જોબ ડેવલપમેન્ટ સેન્ટર પાસે સંપૂર્ણપણે સુસજ્જ કોમ્પ્યુટર વિભાગ છે. આ વિભાગ કોમ્પ્યુટર સાક્ષરતા માટેના વિવિધ કોર્સ ચલાવે છે. ઉપરાંત, તે નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઓપન સ્કૂલિંગ (એનઆઈઓએસ)ના કોમ્પ્યુટર સાથે સંબંધિત વિષયો અંગેના અભ્યાસક્રમ પણ તે

ચલાવે છે. નેશનલ જોબ ડેવલપમેન્ટ સેન્ટર વિશેષ શાળાઓના વિદ્યાર્થીઓ માટે એક વર્ષનો બ્રિજ કોર્સ પણ ચલાવે છે. આ બ્રિજ કોર્સ વ્યાવસાયિક તાલીમ માટે વિદ્યાર્થીઓને તૈયાર કરવા માટે ચલાવવામાં આવે છે. આ કોર્સમાં કાર્યગત શૈક્ષણિક બાબતો, રોજિંદા જીવનનાં કૌશલ્યો, યોગ, સંગીત, વિવિધ કામો માટેની કુશળતા અને આરામના સમયની પ્રવૃત્તિઓ વગેરેનો સમાવેશ થાય છે. આ સેન્ટરમાં એક પ્રવૃત્તિ કેન્દ્ર ચલાવવામાં આવે છે. તેમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટેની એક કાર્યશાળા છે. જે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને બજારમાં કામ મળતું નથી અથવા જેમને સ્વ-રોજગારી મળતી નથી તેમને માટે આ કાર્યશાળા ચલાવવામાં આવે છે. નેશનલ જોબ ડેવલપમેન્ટ સેન્ટરના તાલીમ અભ્યાસક્રમો બજારની બદલાતી જતી માંગના સંદર્ભમાં સતત આધુનિક બનાવવામાં આવે છે. વિદ્યાર્થીઓ દ્વારા હસ્તકલાની વિવિધ વસ્તુઓનું ઉત્પાદન કરવામાં આવે છે અને તે વેચવા માટે એડેપ્ટ દ્વારા પ્રદર્શનો યોજવામાં આવે છે. પ્રવૃત્તિ કેન્દ્ર દ્વારા જે કંઈ આવકની કમાણી થાય છે તે તેમની વચ્ચે વહેંચવામાં આવે છે.

નોકરીમાં સ્થાપન (પ્લેસમેન્ટ) માટે એક વિભાગ ચલાવાય છે. વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ તેમ જ તાલીમાર્થીઓ માટે અનુકૂળ રોજગારી શોધવાનું કામ આ વિભાગ દ્વારા કરવામાં આવે છે. તેમાં તેમની વિકલાંગતાની માત્રા, તેમની લાયકાતો અને તેમનો રસ ધ્યાનમાં લેવામાં આવે છે. નવા ઉમેદવારોનું આકલન, તેમને સલાહ આપવી, તેમને વધારાની તાલીમ આપવી તથા નોકરીમાં સ્થાપન માટે જરૂરી વિગતો પૂરી પાડવા જેવી સેવાઓ આ વિભાગ દ્વારા આપવામાં આવે છે. જે ઉમેદવારોને નોકરી પ્રાપ્ત થાય છે તેમને પણ સતત ટેકો પૂરો પાડવામાં આવે છે.

**'નારીકા શક્તિ'**

૨003માં 'નારીકા શક્તિ' એકમ મુંબઈમાં બાંદ્રા અને કોલાબા ખાતે શરૂ કરવામાં આવ્યાં. એડેપ્ટના વિકલાંગ વિદ્યાર્થીઓની માતાઓ આ કાર્યક્રમની સભ્ય છે. તેઓ સમાજના આર્થિક રીતે તકવંચિત વર્ગોમાંથી આવે છે. મહિલાઓનો સામાજિક દરજ્જો સુધારવા માટે તેમની આર્થિક સ્વતંત્રતા મહત્ત્વની છે. તેથી 'નારીકા શક્તિ' કાર્યક્રમનો મુખ્ય હેતુ આવક સર્જન દ્વારા મહિલાઓનું સશક્તિકરણ કરવાનો છે. 'શીખતાં શીખતાં કમાઓ' એ સૂત્ર અહીં અપનાવવામાં આવ્યું છે. તેના દ્વારા હેતુ એ છે કે મહિલાઓ પરિવારોમાં નિર્ણય પ્રક્રિયામાં સક્રિય સહભાગી બને અને માત્ર ચૂપ બેસી ન રહે. આ રીતે તેમની ભૂમિકા બદલવાનો પ્રયત્ન એડેપ્ટ દ્વારા કરવામાં આવે છે. હસ્તકલાની ચીજો બનાવવી, બ્લોક છાપકામ, કાચ ઉપર છાપકામ, માટીનાં શિલ્પ બનાવવાં, ભરતકામ, સીવણકામ, મીણબત્તીઓ બનાવવી વગેરે જેવી બાબતોમાં મહિલાઓ કૌશલ્ય પ્રાપ્ત કરે છે. આ વર્ગોમાં આવવા બદલ તેમને સ્ટાઈપેન્ડ પણ આપવામાં આવે છે. તેમના દ્વારા જે વસ્તુઓ બનાવવામાં આવે છે તેમનું બજાર મૂલ્ય તો છે જ, પણ સાથે સાથે તેમનું

ઉપયોગિતા મૂલ્ય પણ છે. મહિલાઓ ગુણવત્તા ઉપર નિયંત્રણ રાખવાનાં પગલાં પણ શીખે છે. આ ઉપરાંત, ખરીદી, ઉત્પાદન, પેકેજિંગ, હિસાબી કામ અને વેચાણ જેવી બાબતોમાં પણ તેમને તાલીમ આપવામાં આવે છે. સાથે સાથે તેમને વિના મૂલ્યે અંગ્રેજી સંભાષણ, કોમ્પ્યુટર અને યોગના વર્ગોમાં શિક્ષણ પ્રાપ્ત થાય છે.

**સમાવેશી પ્રયોગનાં મહત્ત્વનાં લક્ષણો**

1) વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને રોજગારી સંબંધી ટેકારૂપ સેવાઓ પૂરી પાડવામાં આવે છે. જેમ કે, આકલન, રેફરલ, સલાહ, નોકરીમાં સ્થાપન માટે સહાય, તાલીમ પછીનો ટેકો અને નોકરીમાં સ્થાપન પછીનો ટેકો વગેરે.
2) વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને શિક્ષણ અને તાલીમ પૂરાં પાડવામાં આવે છે. જેમ કે, ટેક્નિકલ તાલીમ, વ્યાવસાયિક તાલીમ, વ્યવસાય માર્ગદર્શન કાર્યક્રમ વગેરે.
3) વિશેષ શાળાઓના વિદ્યાર્થીઓને વ્યાવસાયિક તાલીમ માટે તૈયાર કરવા એક વર્ષનો બ્રિજ કોર્સ ચલાવવામાં આવે છે. આ કોર્સમાં કાર્યગત શૈક્ષણિક બાબતો, રોજિંદા જીવનનાં કૌશલ્યો, વિવિધ કામો માટેની કુશળતાઓ અને મનોરંજન પ્રવૃત્તિઓનો સમાવેશ કરવામાં આવે છે.
4) નેશનલ જોબ ડેવલપમેન્ટ સેન્ટર અને 'નારીકા શક્તિ' દ્વારા એડેપ્ટ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ અને વિકલાંગતા ધરાવતાં બાળકોની માતાઓને સ્વ-રોજગારી, સાહસિકતા અને આવક સર્જનની પ્રવૃત્તિઓના ક્ષેત્રે પ્રોત્સાહન આપવામાં આવે છે.

# ભાવિ દિશા

સંયુક્ત રાષ્ટ્ર વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અધિકારો અંગેનો ઠરાવ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અધિકારો સિદ્ધ કરવા માટે દૃષ્ટિ પૂરી પાડે છે અને માર્ગદર્શક સિદ્ધાંતો આપે છે. આ અહેવાલમાં જે કેસ સ્ટડીઝનો સમાવેશ કરવામાં આવ્યો છે તે કાર્યક્રમો ચાલુ છે અને તેમની સામે ભારતમાં ગરીબી પ્રવર્તતી હોવાને લીધે અનેક પડકારો ઊભા થઈ રહ્યા છે. ઉપરોક્ત પ્રયાસો સભાનપણે સંયુક્ત રાષ્ટ્ર વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અધિકારો અંગેના ઠરાવની જોગવાઈઓના સંદર્ભમાં કરવામાં આવ્યા છે તેવું નથી. રોજગારીના કિસ્સામાં તે વિકલાંગતા ધરાવતી વ્યક્તિ ધારા-1995 અને શિક્ષણના કિસ્સામાં શિક્ષણના અધિકાર ધારા-2009થી પ્રેરણા પામીને આ પ્રયાસો કરવામાં આવ્યા છે. ખાસ કરીને તો આ પ્રયાસો વધારે સમાન અને સમાવેશી સમાજ તથા સમુદાયો ઊભા કરવા માટેની વ્યક્તિગત અને સંગઠનાત્મક પ્રતિબદ્ધતા અને અનુભવોમાંથી ઊભા થયા છે. જો કે, સમાવેશી રીતો કેવી રીતે અપનાવી શકાય તેને માટેના રસ્તા આ ઉદાહરણો આપે છે. આ એક પૂરતું પ્રોત્સાહક પરિણામ છે. સંયુક્ત રાષ્ટ્ર વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અધિકારો અંગેના ઠરાવના સિદ્ધાંતો મહદ્ અંશે વ્યવહારમાં મૂકી શકાય તે માટે વર્તમાન કાર્યક્રમોમાં વિકલાંગતા ધરાવતી મહિલાઓ અને છોકરીઓના સમાવેશને પ્રોત્સાહન આપવું જરૂરી છે. ઉપરાંત, જે પર્યાવરણ અને માહિતી અત્યારે પ્રાપ્ય છે તે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ સુધી પહોંચે તે માટેના પ્રયાસો સઘન બનાવવાની જરૂર છે.

આ સિદ્ધાંતોનો અમલ વ્યવહારમાં કરવા માટે તથા જીવનનાં તમામ ક્ષેત્રોમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓની સંપૂર્ણ અને અસરકારક સહભાગિતા ઊભી કરવા માટે વર્તમાન અવરોધ દૂર કરવા સમાવેશી રીતોના આ પ્રયાસોનું દસ્તાવેજીકરણ કરવાની અને સતત સંયુક્ત રાષ્ટ્ર વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અધિકારો અંગેનો ઠરાવના સંદર્ભમાં તેમને તપાસવાની જરૂર છે. સરકાર, વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ અને તેમના પરિવારો, વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓનાં સંગઠનો, નાગરિક સમાજ, શિક્ષણ ક્ષેત્ર

અને ખાનગી ક્ષેત્ર જેવા વિવિધ હિતધારકો વચ્ચે સ્થાનિક સ્તરે અને રાષ્ટ્રીય સ્તરે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને નડતા અવરોધો દૂર કરવા માટે તથા તેમની શક્તિઓનો વિકાસ કરવા માટે સતત પ્રચાર-પ્રસાર અને સંવાદની જરૂર છે.

વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના સમાવેશ માટે જે પડકારો ઊભા થઈ રહ્યા છે તે આ કેસ સ્ટડીઝમાંથી વ્યક્ત થાય છે. સંયુક્ત રાષ્ટ્રોના ઉપરોક્ત ઠરાવની મહત્ત્વની જોગવાઈઓના સંદર્ભમાં માત્ર અમુક પડકારોના સંદર્ભમાં જ વધુ સંવાદની જરૂર છે એવું છે નથી. પરંતુ ખાસ કરીને ભારતના સંદર્ભમાં અમુક નિશ્ચિત જોગવાઈઓના હેતુઓના સંદર્ભમાં પણ વધારે સંવાદની જરૂર છે. દા.ત. ઓછી કુશળતા ધરાવતા લોકોના ખૂબ જ ઓછા પ્રમાણમાં જેનું નિયમન કરવામાં આવે છે એવા શ્રમ બજારમાં નોકરીની સલામતી ખૂબ જ ઓછા પ્રમાણમાં પ્રાપ્ત થાય છે અને કામ સંબંધી લાભો પણ ઓછા પ્રાપ્ત થાય છે. તેનું કારણ એ છે કે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ સહિત તમામ કામદારો માટે કામ, કામનું સ્થળ અને કામની સ્થિતિ વિષે પસંદગી કરવાની તક ખૂબ જ ઓછી હોય છે. કામદારોને પ્રાપ્ય પસંદગીઓ વિસ્તારવામાં જે મોટા પડકારો છે તેમનું મહત્ત્વ ઓછું છે એવું નથી. પરંતુ તેમને વધારે સારી રીતે સમજવાની જરૂર છે. વિકલાંગતા ધરાવતા કામદારોની ક્ષમતાનું નિર્માણ થાય તે માટે પ્રયાસો કરવાની જરૂર છે કે જેથી તેઓ સમાન કામ માટે સમાન વેતનનો આગ્રહ રાખી શકે, સરકાર પાસેથી સબસિડી અને પ્રોત્સાહનો પ્રાપ્ત કરી શકે તથા વધારે સારું નિયમન થઈ શકે અને તેમના અધિકારોનું રક્ષણ થઈ શકે.

અને છેલ્લે, આ કેસ સ્ટડીઝ જુદાં જુદાં ક્ષેત્રોમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના સમાવેશને વર્તમાન પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોમાં રૂપાંતરિત કરવા માટેના મહત્ત્વના પદાર્થપાઠ રજૂ કરે છે.

**1. વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અધિકારોના રક્ષણ અને પ્રોત્સાહન માટે ક્ષમતા નિર્માણ**

ભારતમાં વિવિધ હિતધારકોના પ્રયાસો છતાં વિકલાંગતા સંબંધી બાબતો સખાવતી અને કલ્યાણ આધારિત બાબત બની રહી છે. વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ વ્યક્તિગત અને સામૂહિક રીતે તેમની તાકાત પિછાણે એ મહત્ત્વનું છે. તેમણે સીમાંતીકરણની વ્યવસ્થાઓ સામે પડકાર ફેંકવાનો છે, ટેકારૂપ કાયદાઓ અને જાહેર નીતિઓને સમજવાનાં છે, તેમના અધિકારો માટે સ્થાનિક સ્તરે તેમણે પોતે જ લડત આપવાની છે. દા.ત. વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને રોજગારીમાં ઓછો પગાર આપવામાં આવે છે, કરાર દ્વારા નોકરી અપાય છે, કામના કે સામાજિક સલામતીના કોઈ લાભ તેમને મળતા નથી અને વધુ કલાકો માટે તેમણે કામ કરવું પડે છે. રાજકીય અર્થતંત્રમાં નવ-ઉદારમતવાદી વૈશ્વિકીકરણના વધતા પ્રભાવને કારણે આ બાબત સામાન્ય થઈ પડી છે, પણ

વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટે તે વધારે ખતરનાક બને છે. તેથી સ્થાનિક સ્તરે અને ખાસ કરીને ગ્રામ વિસ્તારોમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અધિકારો વિષે વ્યાપક અને ઊંડી સમજ ઊભી થાય તે જરૂરી છે કે જેથી વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ પોતે જ પોતાના અધિકારો માટે લડત ઉપાડી શકે.

### 2. માહિતીની પ્રાપ્તિ અને સાનુકૂળ પર્યાવરણ

માહિતી અને સાનુકૂળ પર્યાવરણની પ્રાપ્તિ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓની અસરકારક સહભાગિતા માટે પૂર્વશરત છે. જો કે, અનેક પ્રકારના અવરોધો તેમને ઔપચારિક શિક્ષણ, રોજગારી, સામાજિક સલામતી વગેરે મેળવવામાં મર્યાદાઓ ઊભી કરે છે અને એ રીતે વ્યાપક સહભાગિતા ઊભી કરવા આડે અવરોધ ઊભો કરે છે. જીવનની ગુણવત્તા સુધારવા માટે અને પાયાની સામાજિક સલામતીની સેવાઓ પ્રાપ્ત કરવા માટે પર્યાવરણ સક્ષમતા ઊભી કરનારું હોય એ જરૂરી છે. અન્ય હિતધારકોએ પણ માહિતી પ્રાપ્ય બનાવીને વાજબી વ્યવસ્થા ઊભી કરવા માટે સઘન પ્રયાસો કરવા જોઈએ. માહિતી સમજી શકાય તેવા સ્વરૂપે હોવી જોઈએ અને વર્તમાન પર્યાવરણમાં જે અવરોધો હોય તે દૂર કરવા જોઈએ. આ કાર્ય અત્યારે ચાલી રહ્યું છે પરંતુ ઘણા કિસ્સામાં સહાયક સાધનો અને ટેક્નોલોજીની પ્રાપ્તિ અને એ રીતે જ્ઞાનની પ્રાપ્તિ વર્ગ, જાતિ, ગ્રામીણ અને શહેરી તફાવત વગેરે ઉપર આધાર રાખે છે એ એક હકીકત છે. આ રીતે પહોંચનો પ્રશ્ન શહેરી વિસ્તારોમાંથી બહાર કાઢીને નાનાં નગરો અને ગામડાંઓ સુધી લઈ જવાની જરૂર છે કે જેથી ત્યાં રહેનારી વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ પણ સેવાઓ પ્રાપ્ત કરી શકે.

### 3. કામ અને રોજગારીની શરતો ન્યાયી અને સક્ષમતાજનક હોવી જોઈએ

વૈશ્વિકીકરણના સંદર્ભમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને કરારી ધોરણે સામાજિક સલામતીના કોઈ પણ લાભ આપ્યા વિના સસ્તા મજૂર તરીકે સમાવવામાં આવે એવી સંપૂર્ણ શક્યતાઓ છે. તેને પરિણામે વિકલાંગતા ધરાવતી મહિલાઓને તેની વધારે તીવ્ર અસર થાય એમ પણ બને. તેથી વિકલાંગતાના સંદર્ભમાં મહિલાઓ પ્રત્યે સંવેદનશીલ એવી ટેકારૂપ વ્યવસ્થાઓ ઊભી કરવી જોઈએ અને તે વ્યવહારમાં મૂકવી જોઈએ. જે તે સંગઠનના નીતિ વિષયક દસ્તાવેજોમાં તેનું પ્રતિબિંબ પડવું જોઈએ અને તેને વ્યાપકપણે પ્રસિદ્ધિ અપાવી જોઈએ કે જેથી અન્ય સંગઠનોમાં પણ તે સ્વીકારાય.

### 4. મોટા પાયા પર સમાવેશ માટેના પ્રયાસો

સમાવેશ માટેના પ્રયાસો મોટે ભાગે છૂટાછવાયા દેખાય છે. સમાવેશી રીતોનું દસ્તાવેજીકરણ થાય અને તેમનો પ્રચાર-પ્રસાર થાય તો વિવિધ હિતધારકો વચ્ચે સંવાદ

ઊભો થાય અને સંવેદનશીલતા ઊભી થાય તથા આવી રહેલા પડકારો ઓળખી શકાય. જાહેર ક્ષેત્ર ઝડપથી સંકોચાઈ રહ્યું છે અને ખાનગીકરણ વધી રહ્યું છે તેવા સંજોગોમાં રોજગારીના ક્ષેત્રે અને ઔપચારિક શિક્ષણમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓની સહભાગિતા વધે અને તેનું રક્ષણ થાય એ જરૂરી છે. આ રીતે આ પ્રકારનો કાર્યક્રમ વધારે ઉપયોગી બને છે. સાથે સાથે શિક્ષકો, ખાનગી કંપનીઓના માનવ સંસાધન વિભાગના લોકો અને બીજાઓ સાથે સંવાદ ઊભો થાય એ જરૂરી છે કે જેથી વાજબી વ્યવસ્થાઓ ઊભી થાય અને સમાવેશી રીતોને પ્રોત્સાહન પ્રાપ્ત થાય.

**5. વિકલાંગતાના દૃષ્ટિકોણથી સંશોધન માટેની કાર્યસૂચિ ઊભી કરવી**

સમાવેશી રીતોના અનુભવો અને વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓનાં સંગઠનો અને તેમના કાર્યક્રમો વિષે પદ્ધતિસર સંશોધન કરવાની જરૂર છે. ગ્રામ વિસ્તારોના વિકલાંગ લોકો, વિકલાંગ મહિલાઓ અને વિકલાંગતા ધરાવતાં બાળકો ઉપર વિશેષ ભાર મૂકવાની જરૂર છે. સંશોધનનાં તારણોથી વિકલાંગતા વિષેના સિદ્ધાંતો અને વ્યવહારો ઊભા થાય. સંશોધન માટેની કાર્યસૂચિ ઉત્થાનપ્રેરક હોય અને તેનો અંતિમ હેતુ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના જીવનમાં કંઈક તફાવત ઊભો કરવાનો હોય. વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓએ પણ સંશોધનની પ્રક્રિયા ઉપર એટલો જ અંકુશ ધરાવવો જોઈએ, એટલે કે તેમણે જ સંશોધનની કાર્યસૂચિ નક્કી કરવી જોઈએ, માહિતીનું એકત્રીકરણ અને વિશ્લેષણ કેવી રીતે થશે તે નક્કી કરવું જોઈએ અને સૂચિત પગલાં નક્કી કરવાં જોઈએ.

## સંદર્ભ


ADAPT. (2009). You see a wheel chair, we see investment. Mumbai: ADAPT.

ADAPT. (2010). Annual Report 2009-2010. Mumbai: ADAPT.

ADAPT. (n.d.). Skills Development Centre. Mumbai: ADAPT

Barnes, Colin, & Mercer, Geoff (1997). Breaking the mould? An introduction to doing disability research. In C. Barnes & G. Mercer (Eds.), Doing disability research (pp. 1-14). Leeds: The Disability Press.

Bassey, M. (1999) Case study research in educational settings. Philadelphia: Open University Press.

Bharat Petroleum 2010. 'Chairman's Message at the 57th AGM of BPCL'. Retrieved from http://www.bharatpetroleum.com/EnergisingBusiness/In_Financial.aspx?id=1 (Accessed on April 5, 2011).

—.http://www.bharatpetroleum.com/General/CR_Accolades.aspx?id=4; Accessed on April 5, 2011.

Bhas, D. (2006). National policy for the disabled. No clear roadmap for action. InfoChange India. Available online at http://infochangeindia.org/20060828251/Disabilities/Features/National-Policy-for-the-Disabled-No-clear-roadmap-for-action.html

Bryman, A. & Bell. E. (2007) Business research methods. Oxford: Oxford University Press.

Case Law Reporter (2008). Vol. 2, (2003 – 2004). Office of the Chief Commissioner for Persons with Disabilities: New Delhi.

Case Law Reporter (2008). Vol. 3, (2005 – 2006). Office of the Chief Commissioner for Persons with Disabilities: New Delhi.

Case Law Reporter (2008). Vol.1, (1999 – 2002). Office of the Chief Commissioner for Persons with Disabilities: New Delhi.

Confederation of Indian Industry (CII) 2006. 'Communique'

Connell, J., Lynch, C., & Waring, P. (2001). Constraints, compromises and choice: Comparing three qualitative research studies. The Qualitative Report, (4). Available online at http://www.nova.edu/ssss/QR/QR6-4/connell.html

Creswell, J.W. (2003). Research design. Qualitative and quantitative approaches. California: Sage.

Dhanda, A. & Raturi, R. (2010). Harmonizing laws with the UNCRPD. Hyderabad: Centre for Disability Studies, NALSAR University of Law. Project organized by Human Rights Law Network, The Deaf Way Foundation, and National Association of the Deaf.

Disability and the Law (2005). Human Rights Law Network, India.

Disability Manual (2005) National Human Rights Commission: New Delhi.

Emerson, R. M., Fretz, R. I., & Shaw, L. L. (1995). Writing ethnographic fieldnotes. Chicago: The University of Chicago Press.

Gilliam, A. (n.d.). Evaluation of HIV prevention programs using qualitative methods: Booklet # 9. Available online at http://www.cdc.gov/HealthyYouth/publications/hiv_handbook/hiv_booklet9/index.htm

Global Partnership for Disability and Development. (2010). Disability and development. Available online from http://gpdd-online.org/disability/

Goodley, D. (1999). Disability research and the "researcher template": Reflections on grounded subjectivity in ethnographic research. Qualitative Inquiry, 5(1), 24-46.

Hiranandani, V. S. & Sonpal, D. (2010). Disability, economic globalization and privatization: A case study of India. Disability Studies Quarterly, 30(3/4). Available online at http://www.dsq-sds.org/article/view/1272/1302

Holliday, A. (2002) Doing and writing qualitative research. California: Sage Publications.

Kazdin, E. K. (1998) Research design in clinical psychology. Boston: Allyn and Bacon.

Kitchin, Rob (2000). The researched opinions on research: Disabled people and disability research. Disability & Society, 15(1), 25-47.

Kothari, J. (2010, May 1). The UN Convention on the Rights of Persons with Disabilities: An engine for law reform in India. Economic and Political Weekly, XLV(18), 65-72.

Mitchell, J. C. (1983) Case and situation analysis. The Sociological Review, 31(2), pp. 187-211.

Neuman, W. L. (2002) Social research methods: Qualitative and quantitative approaches. New Jersey: Pearson.

NSSO (National Sample Survey Organization). (2003). Disabled persons in India, NSS 58th Round (July-December 2002). Delhi: NSSO.

Oliver, Mike (1992). Changing the social relations of research production. Disability, Handicap and Society, 7(2), 101-114.

Patton, M. Q. (1990). Qualitative evaluation and research methods (2nd ed.). Newbury Park, CA: Sage Publications, Inc.

Priestley, M. (1997). Who's research? A personal audit. In Colin Barnes & Geoff Mercer (Eds.), Doing disability research (pp. 88-107). Leeds: The Disability Press.

Priestley, M. (1999). Disability politics and community care. London: Jessica Kingsley.

Shepherd, G. (1989). The value of work in the 1980s. Psychiatric Bulletin, 13, 231-233.

Stake, R. (1995). The art of case study research. London: Sage Publications.

Strauss, A. & Corbin, J. (1990). Basics of qualitative research. Newbury Park: Sage.

UN Secretariat for the Convention on the Rights of Persons with Disabilities. (2010). The Millennium Development Goals and Disability. Available online at http://www.un.org/disabilities/default.asp?id=1470

UN Secretariat for the Convention on the Rights of Persons with Disabilities. (2009a). Convention in Brief. Available online at http://www.un.org/disabilities/documents/ppt/crpdbasics.ppt

UN Secretariat for the Convention on the Rights of Persons with Disabilities. (2009b). It's about Ability. Available online at http://www.unicef.org/publications/index_43893.html

UNESCO. (1995). Guidelines for Inclusion: Ensuring Access to Education for All. Available online at http://unesdoc.unesco.org/images/0014/001402/140224e.pdf

United Nations (2010). Convention on the Rights of Persons with Disabilities. Available from http://www.un.org/disabilities/default.asp?id=150

UNNATI. (2008). Negotiating disability: Creating space for re-defining the agenda. Ahmedabad, India: unpublished, UNNATI.

van Manen, M. (1998). Researching lived experience. Canada: Althouse.

WHO. (2011). The WHO Newsletter on Disability and Rehabilitation, Issue No. 12.available online at http://www.who.int/disabilities/world_report/en/index.html at

WHO and World Bank. (2011). World report on disability, available online at http://www.who.int/disabilities/world_report/2011/report/en/index.html

World Bank. (2007). People with disabilities in India: From commitments to outcomes. New Delhi: Human Development Unit, South Asia Region, The World Bank.

Yin, R.K. (2003) Case study research: Design and methods, 3rd ed. California: Sage Publications.

Zarb, G. (1992). On the Road to Damascus: First steps towards changing the relations of disability research production. Disability, Handicap and Society, 7(2), 125-138.

## સમાવેશના વિષય માટે વધુ સંદર્ભો

**મેકિંગ ઈટ વર્કઃ** અનેક હિતધારકો વૈશ્વિક સ્તરે ભેગા થઈને આ પ્રયાસ કરી રહ્યા છે. તેમનો ઈરાદો સંયુક્ત રાષ્ટ્ર વિકલાંગતા ધરાવતી વ્યક્તિના અધિકાર અંગેના ઠરાવના અસરકારક અમલને પ્રોત્સાહન આપવાનો છે. તે આ ઠરાવને અનુસરીને ચાલતી સમાવેશી નીતિઓને પ્રોત્સાહન આપવા માટે સ્થાનિક, રાષ્ટ્રીય અને પ્રાદેશિક સ્તરની સંશોધન અને હિમાયતની પરિયોજનાઓને ટેકો આપે છે. તે આ ઠરાવ યોગ્ય રીતે અમલમાં મુકાય તે માટેની પરિયોજનાઓ ઘડવા માટે માર્ગરેખાઓ, પરિયોજના સંચાલનનાં સાધનો અને ગ્રંથાલય સંસાધનો પણ પૂરાં પાડે છે.
http://www.makingitwork-crpd.org/

**ડિસેબિલિટી ઈન્ડિયા નેટવર્કઃ** આ એક ઓનલાઈન પોર્ટલ છે. તે સંબંધિત કાયદાઓ, જાહેર નીતિઓ અને કાર્યક્રમો તથા અન્ય ગ્રંથાલય સંસાધનો વિશે માહિતી પૂરી પાડે છે.
http://www.disabilityindia.org

**વિશ્વ વિકલાંગતા અહેવાલ-2011:** આ અહેવાલ આરોગ્ય સંભાળ, પુનર્વસન, શિક્ષણ, રોજગારી અને ટેકારૂપ સેવાઓ આડેના અવરોધોને પાર પાડવા માટે જે કંઈ ઉપયોગી થાય છે તેને વિશે પ્રાપ્ય શ્રેષ્ઠ પુરાવાઓ પૂરા પાડે છે. ઉપરાંત, તે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ વિકાસ પામે તે માટેનું પર્યાવરણ ઊભું કરવા ઉપરોક્ત અવરોધો દૂર કરવા માટેની રીતો જણાવે છે. તેમાં સરકારો અને તેમની સાથે કામ કરનારી સંસ્થાઓ માટે કેટલીક ભલામણો પણ કરવામાં આવી છે. આ અહેવાલ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ અને તેમના પરિવારો માટેના નીતિ નિર્ધારકો, સેવાઓનો પુરવઠો પૂરો પાડનારાઓ, વ્યવસાયીઓ અને હિમાયતીઓ માટે સંસાધન બની રહે છે. આ અહેવાલનું સરળ ભાષામાં રૂપાંતર પણ પ્રાપ્ય છે.
http://www.who.int/disabilities/world_report/2011/en/index.html

**વિકલાંગતા અને વિકાસ વિશેનાં સ્રોતોઃ** વિકલાંગતા, વિકાસ અને આરોગ્ય વિશેની માહિતીના સંચાલન, ઉપયોગ અને અસરને મજબૂત બનાવવા માટે એક આંતરરાષ્ટ્રીય માહિતી સંસાધન કેન્દ્ર ઊભું કરવામાં આવ્યું છે. આ સોર્સ પાસે લગભગ 25000 સંદર્ભ સાહિત્ય પ્રાપ્ય છે. http://www.asksource.info/

**વિકલાંગતા, સમાવેશ અને વિકાસ માટેની વેબસાઈટઃ**
http://www.asksource.info/res_library/disability.htm

**વિકલાંગતા, માનવ અધિકારો અને ઠરાવ વિશેની વેબસાઈટઃ**
http://asksource.ids.ac.uk/cf/keylists/keylist2.cfm?topic=dis&search=QL_CRPD08

**પરિશિષ્ટ**

# સંયુક્ત રાષ્ટ્ર વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અધિકારો અંગેનો ઠરાવ: કેટલીક વિગતો

**ઠરાવ શું છે?**

વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અધિકારો સંયુક્ત રાષ્ટ્રોની 1948ની માનવ અધિકાર ઘોષણા ઉપર આધારિત માનવ અધિકારોના માળખામાં અને માનવ અધિકારો ઉપરના આંતરરાષ્ટ્રીય ઠરાવો અને અન્ય ઘોષણાઓનાં માળખાંમાં નિહિત છે.

તા.13-12-2006ના રોજ સંયુક્ત રાષ્ટ્રોની સામાન્ય સભાએ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અધિકારો વિશેનો ઠરાવ સ્વીકાર્યો છે. વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અધિકારો વિશેનો આ ઠરાવ અને એ ઠરાવની વૈકલ્પિક સંધિ સંયુક્ત રાષ્ટ્રોના ન્યૂ યોર્ક ખાતેના વડા મથકે તા. 30-3-2007ના રોજ સહીઓ માટે ખુલ્લાં મૂકાયાં. અત્યાર સુધીમાં 101 દેશોએ આ ઠરાવને માન્ય રાખ્યો છે.

**વૈકલ્પિક સંધિ (ઓપ્શનલ પ્રોટોકોલ) શું છે?**

વૈકલ્પિક સંધિ એ એક અલગ દસ્તાવેજ છે. તેમાં વ્યક્તિઓ પોતાના દેશના કાયદાઓ આ ઠરાવનો ભંગ કેવી રીતે કરે છે તે વિશેની પોતાની ફરિયાદોનો ઉકેલ લાવવાનો પ્રયાસ પોતાના દેશમાં કર્યા બાદ પણ ઉકેલ માટે ફરિયાદ કરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. તેને સંયુક્ત રાષ્ટ્રોના સભ્ય દેશોએ અલગ રીતે માન્યતા આપવાની રહે છે અને જો 10 દેશો તેને માન્ય રાખે તો જ તે કાનૂની રીતે બંધનકર્તા રહે છે.

**સંયુક્ત રાષ્ટ્રોના વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અધિકાર અંગેના ઠરાવની આપણે શી જરૂર છે?**

માનવ અધિકારોની સંધિ ઠરાવ તરીકે પણ ઓળખાય છે. તે દુનિયાભરમાં મનુષ્યો દ્વારા જે માનવ અધિકારો સર્વસામાન્ય રીતે સ્વીકારવામાં આવ્યા છે તેમને શબ્દોમાં મૂકે છે. આવી મોટા ભાગની સંધિઓ કે ઠરાવો સંયુક્ત રાષ્ટ્રો અને અન્ય આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ દ્વારા ઘડાયાં છે. જે દેશો તેમના પર સહી કરે છે અને તેમને માન્ય રાખે છે તેમને માટે તે કાનૂની રીતે બંધનકર્તા આંતરરાષ્ટ્રીય કાયદો બને છે. કેટલાક માત્ર

સ્ત્રીઓ, બાળકો કે નિર્વાસિતો જેવા વસ્તીના અમુક ભાગને જ લાગુ પડે છે. માનવ અધિકારો અંગે અત્યારે જે મહત્ત્વની સંધિઓ છે તેમનો અમલ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના માનવ અધિકારોનો અમલ કરવા માટે ભાગ્યે જ થાય છે. તે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના માનવ જીવનનાં તમામ પાસાંમાં સમાવેશ અને સહભાગિતા આડે જે ભૌતિક, સામાજિક, સાંસ્કૃતિક અને કાનૂની અવરોધો છે તેમના ઉપર ભાગ્યે જ કશું ધ્યાન આપે છે.

**ઠરાવ કેવી રીતે ઘડાયો?**

આ ઠરાવ ઘડવાની શરૂઆત ત્યારે થઈ કે જ્યારે મેક્સિકોએ 2001માં સંયુક્ત રાષ્ટ્રોની સામાન્ય સભામાં એક ઠરાવ રજૂ કર્યો. તેમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અધિકારો અંગેના ઠરાવમાંની દરખાસ્તો વિશે વિચારણા કરવા એક હંગામી સમિતિ રચવા માટે દરખાસ્ત કરાઈ હતી.

2004માં આ હંગામી સમિતિએ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓનાં 12 સંગઠનો, 27 સરકારો અને એક માનવ અધિકાર સંસ્થાના પ્રતિનિધિઓના બનેલા એક કાર્યકારી જૂથની રચના કરી કે જે જૂથ વાટાઘાટો માટે ઠરાવનો એક મુસદ્દો તૈયાર કરે. વધુ 6 મીટિંગો મળ્યા પછી મુસદ્દાનો પાઠ તૈયાર થઈ ગયો અને સંયુક્ત રાષ્ટ્રોની સામાન્ય સભાએ એને તા. 13-12-2007ના રોજ સહીઓ માટે ખુલ્લો મૂક્યો. અગાઉ વિકલાંગતા સંબંધિત અધિકારોના હિમાયતીઓએ આંતરરાષ્ટ્રીય વિકલાંગતા જૂથની રચના કરી હતી કે જેથી ઠરાવ ઘડવાની પ્રક્રિયાના દરેક તબક્કે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ મહત્ત્વની ભૂમિકા ભજવે. આ ઠરાવની જે ભાષા છે તે આ જૂથના પ્રભાવનું પ્રતિબિંબ પાડે છે. આ ઠરાવ ઘડવામાં વિકલાંગતા ધરાવતા સરકારી પ્રતિનિધિઓએ પણ મહત્ત્વની ભૂમિકા ભજવી છે.

**ઠરાવમાં શું આવરી લેવાયું છે?**

આ ઠરાવનો હેતુ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ તમામ માનવ અધિકારો સંપૂર્ણપણે અને સમાન રીતે ભોગવે તે બાબતને પ્રોત્સાહન આપવાનો અને એમના અધિકારોનું રક્ષણ કરવાનો છે. તેમાં આત્મનિર્ણય, ભૌતિક પહોંચ અને કાર્યક્રમલક્ષી પહોંચ, વ્યક્તિગત ગતિશીલતા, આરોગ્ય, શિક્ષણ, રોજગારી, આવાસ અને પુનર્વસન, રાજકીય જીવનમાં ભાગીદારી, સમાનતા અને ભેદભાવવિહીનતા જેવાં મહત્ત્વનાં ક્ષેત્રોને આવરી લેવાયાં છે.

આ ઠરાવ વિકલાંગતાને જુદી જ દૃષ્ટિથી જુએ છે, તેને તે સામાજિક કલ્યાણનો પ્રશ્ન નહિ પણ માનવ અધિકારનો પ્રશ્ન ગણે છે. તે એમ માને છે કે સામાજિક અવરોધો

અને પૂર્વગ્રહો પોતે જ વિકલાંગતા ઊભી કરે છે અને તેથી તેમનો અંત આવવો જોઈએ. વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને તમામ આંતરરાષ્ટ્રીય સંધિઓ અન્વયે અન્ય લોકોની સાથે સમાન ધોરણે નાગરિક, રાજકીય, સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક અધિકારો ભોગવવાનો હક છે. વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓની સંપૂર્ણ સહભાગિતાથી સમાજને લાભ થાય છે કારણ કે તેમનું વ્યક્તિગત પ્રદાન માનવ જીવનનાં તમામ ક્ષેત્રોને સમૃદ્ધ બનાવે છે. તે વ્યક્તિ અને સમાજની સુખાકારીનો અંતર્ગત ભાગ છે, પ્રગતિનો અંતર્નિહિત હિસ્સો છે અને વિકલાંગતા ધરાવતી કે ન ધરાવતી તમામ વ્યક્તિઓના વિકાસમાં તે ફાળો આપે છે.

વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અધિકારો વિશે આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર કાનૂનના ઘડતરની સમગ્ર પ્રક્રિયામાં અછડતી રીતે જ ધ્યાન અપાયું છે. સમાનતાના અધિકારોના સિદ્ધાંતને પ્રત્યે આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર ઠરાવોમાં ધ્યાન અપાયું જ છે અને તેમનાં મૂલ્યલક્ષી ધોરણોમાં તે સ્થાન ધરાવે જ છે, અને તે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અધિકારો વ્યવહારમાં વધુ ચરિતાર્થ થાય તે માટે સમકાલીન આંતરરાષ્ટ્રીય કાનૂનમાં તમામ દેશો તેમના રાષ્ટ્રીય કાયદાઓમાં માનવ અધિકારોનાં ધોરણોને સામેલ કરે એવી જરૂરિયાત સ્વીકારવામાં આવી હતી.

વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારોને સંપૂર્ણપણે પ્રોત્સાહન મળે તે માટે જે માર્ગો પસંદ કરવામાં આવ્યા છે તે દેશે દેશે જુદા હોઈ શકે છે, પરંતુ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટેની નીતિઓ અને કાયદાઓમાં સુધારા કરવાની જરૂરિયાત તમામ દેશોમાં છે, અમેરિકામાં પણ છે.

## સંયુક્ત રાષ્ટ્ર વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અધિકારો અંગેના ઠરાવની કેટલીક વિગતો

**આમુખ**

1. સંયુક્ત રાષ્ટ્રોનો સ્થાપક દસ્તાવેજ કહે છે કે આપણે સૌ સમાન છીએ અને આપણે સૌ માનવ પરિવારના સભ્યો છીએ અને એ જગતમાં સ્વતંત્રતા, ઔચિત્ય તથા શાંતિ માટે મહત્ત્વની બાબત છે.
2. આપણે સૌ સમાન છીએ અને આપણામાંના સૌને માનવ અધિકારો છે.
3. આપણે એ બાબતે સર્વસંમત છીએ કે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓએ તમામ નવ અધિકારો અને મૂળભૂત સ્વાતંત્ર્યો ભોગવવાનાં છે અને તેમની સામે ભેદભાવ થવો જોઈએ નહિ.
4. અન્ય સાત આંતરરાષ્ટ્રીય સમજૂતીઓ છે કે જે માનવ અધિકારોને પ્રોત્સાહન આપવા અને તેમનું રક્ષણ કરવા માટે છે.

5. અમે માનીએ છીએ કે વિકલાંગતા એક એવી બાબત છે કે જે કાયમ બદલાતી રહે છે અને પર્યાવરણ તથા લોકોનાં વલણો જ વિકલાંગતા ઊભી કરે છે.
6. એ બાબત ધ્યાનમાં રાખવી જરૂરી છે કે ધોરણીકૃત નિયમોને અને વૈશ્વિક કાર્યલક્ષી કાર્યક્રમને નિયમો, કાયદાઓ અને નિર્ણયો ઘડતી વખતે ધ્યાનમાં લેવા જોઈએ અને વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટેના કાર્યક્રમો અને પ્રયોગો માટે પણ તેમને ધ્યાનમાં લેવા જોઈએ.
7. જ્યારે સરકાર અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ દેશના વિકાસ માટે યોજનાઓ બનાવતાં હોય ત્યારે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓની પરિસ્થિતિને ધ્યાનમાં લેવાય એ ખૂબ જ અગત્યનું છે. દા.ત. ગરીબીમાંથી લોકોને બહાર કેવી રીતે કાઢવા અથવા તેમને રોજગારી કેવી રીતે પૂરી પાડવી.
8. આપણે એ સમજીએ છીએ કે જ્યારે વિકલાંગતા ધરાવતી વ્યક્તિ સાથે કોઈ ભેદભાવ કરે છે ત્યારે તે તેના ગૌરવને અને મનુષ્ય હોવા તરીકેના તેના મૂલ્યને હણે છે.
9. આપણે એ પણ સમજીએ છીએ કે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ વચ્ચે પણ ઘણા તફાવતો છે અને ઘણા પ્રકારની વિકલાંગતાઓ હોય છે.
10. આપણે એમ પણ સમજીએ છીએ કે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને અને ખાસ કરીને જેમને વિશેષ ટેકાની જરૂર છે તેમને તેમના અધિકારો હોવા જ જોઈએ.
11. વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અધિકારો હજુ પણ ઝૂંટવાઈ જાય છે અને તેમના અધિકારોના રક્ષણ માટે સમજૂતીઓ થઈ હોવા છતાં પણ એમ થાય છે તેનાથી આપણે ચિંતિત છીએ.
12. આપણે સમજીએ છીએ કે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓનું જીવન, ખાસ કરીને ગરીબ દેશોમાં વધારે સારું કરવા માટે બધા દેશો સાથે મળીને કામ કરે એ મહત્ત્વનું છે.
13. આપણે સમજીએ છીએ કે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓનો જો સંપૂર્ણ સમાવેશ થાય અને તેઓ તેમના અધિકારો ભોગવતા થાય તો તેઓ તેમના દેશોને પણ વધુ સારા બનવામાં મદદ કરી શકે છે.
14. આપણે સમજીએ છીએ કે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ તેમના પોતાના અંગે નિર્ણયો લેવા માટે સ્વતંત્ર હોય એ ખૂબ જ અગત્યનું છે.
15. આપણે માનીએ છીએ કે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને ખાસ કરીને સીધી રીતે એમની સાથે સંબંધિત એવી નીતિઓ અને કાર્યક્રમો ઘડવામાં સામેલ કરવી જોઈએ.
16. આપણે ચિંતિત છીએ કારણ કે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓની સામે તેમની વિકલાંગતાને કારણે જ ભેદભાવ કરવામાં આવે છે એવું નથી, પરંતુ જાતિ, સ્ત્રી-પુરુષ ભેદભાવ અને બીજાં અનેક કારણોસર ભેદભાવ કરવામાં આવે છે.

17. આપણે સમજીએ છીએ કે ઘણી વાર વિકલાંગતા ધરાવતી મહિલાઓ અને છોકરીઓનો દુરુપયોગ થાય છે, તેમને મારવામાં આવે છે, તેમને ઈજા પહોંચાડવામાં આવે છે અને તેમનો લાભ પણ ઉઠાવવામાં આવે છે.
18. આપણે સમજીએ છીએ કે વિકલાંગતા ધરાવતાં બાળકોને પણ અન્ય બાળકોની જેમ જ અધિકારો છે અને બાળ અધિકાર ઠરાવ તેમને પણ લાગુ પડે છે.
19. વિકલાંગ લોકોના માનવ અધિકારો માટે દેશ જે કંઈ કરે તેમાં પુરુષોની સ્થિતિ અને મહિલાઓની સ્થિતિને ધ્યાનમાં લેવાય એ ખૂબ જ અગત્યનું છે.
20. મોટા ભાગના વિકલાંગ લોકો ગરીબ છે અને તેમને માટે વિકલાંગતાનાં કયાં પરિણામો આવે છે એ યાદ રાખવાનું ખૂબ જ અગત્યનું છે.
21. આપણે એ બાબત યાદ રાખીએ છીએ કે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ, ખાસ કરીને તેઓ જ્યારે એવા યુદ્ધગ્રસ્ત વિસ્તારોમાં કે દેશોમાં રહેતી હોય કે જેમનો વહીવટ તેમની પોતાની સરકાર ના કરતી હોય ત્યારે, પોતાના અધિકારો ભોગવી શકે તે માટે શાંતિ અને સલામતી પ્રવર્તે એ જરૂરી છે.
22. વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ તેમના જીવનનાં તમામ ક્ષેત્રોમાં આનંદ પ્રાપ્ત કરે, સારી આરોગ્ય સંભાળ મેળવે, શાળાએ જાય, તેમને જરૂરી માહિતી તેઓ મેળવે એ ખૂબ જ મહત્ત્વનું છે કે જેથી તેઓ તેમના અધિકારોનો ઉપયોગ કરી શકે એ આપણે જાણીએ છીએ.
23. આપણે સમજીએ છીએ કે આપણામાંની દરેક વ્યક્તિ એની કાળજી રાખે કે બીજી દરેક વ્યક્તિ તેના અધિકારો ભોગવે.
24. આપણે માનીએ છીએ કે સમાજમાં પરિવાર એક અગત્યનું જૂથ છે અને વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ અને તેમના પરિવારોને રક્ષણ મળવું જોઈએ અને મદદ મળવાં જોઈએ કે જેથી તેઓ તેમના માનવ અધિકારો ભોગવી શકે અને કામ કરી શકે.
25. આપણે માનીએ છીએ કે જીવનનાં તમામ ક્ષેત્રોને આવરી લેતી સમજૂતી વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના જીવનને વધુ સારું કરવા માટે ખૂબ જ ઉપયોગી છે અને તેમની સાથે સમાનતાપૂર્ણ વ્યવહાર થાય તથા જીવનનાં તમામ ક્ષેત્રોમાં તેમનો સમાવેશ થાય તે માટે પણ તે જરૂરી છે.

ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં લઈને સંયુક્ત રાષ્ટ્રોના સભ્ય દેશો નીચેની સમજૂતી કરવા સંમત થાય છે અને નિર્ણય કરે છે.

**કલમ-1: હેતુ**

આ ઠરાવ ઉપર સહી કરનારા દેશો એની કાળજી રાખશે કે-

- વિકલાંગતા ધરાવતા તમામ લોકોના તમામ માનવ અધિકારો અને સ્વાતંત્ર્યો તેઓ ભોગવે, તેમને પ્રોત્સાહન આપવામાં આવે અને તેમનું રક્ષણ થાય.
- વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓનું ગૌરવ જળવાય.

વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓમાં જેમનામાં લાંબા ગાળાની ક્ષતિ હોય તેમનો સમાવેશ થાય છે. જેમ કે, શારીરિક, મનો-સામાજિક, બૌદ્ધિક ક્ષતિ ધરાવતા લોકો અને વલણો, ભાષા, કાયદા જેવાં કારણોને લીધે સમાજમાં જેઓ સામેલ થતા નથી તેવા લોકો અથવા એને કારણે સમાજમાં જેમના સમાવેશને રોકવામાં આવે છે તેવા લોકો.

**કલમ-2: વ્યાખ્યાઓ**

**સંચાર:** તમામ પ્રકારની સંચાર વ્યવસ્થા કે જેના દ્વારા તમામ લોકો પ્રત્યાયન કરી શકે. દા.ત. બોલાતી ભાષા, સાંકેતિક ભાષા, પાઠ, બ્રેઈલ, સ્પર્શ, મોટા અક્ષર, લેખિત, મૌખિક, સાદી ભાષા, વાચક અને અન્ય રીતો કે જેના દ્વારા વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ પ્રત્યાયન કરે છે.

**ભાષા:** તમામ પ્રકારની ભાષાઓ: બોલાતી, સાંકેતિક અને અન્ય પ્રકારની ભાષા કે જે બોલાતી ના હોય.

**વિકલાંગતાને આધારે ભેદભાવ:** લોકોને જ્યારે તેમની વિકલાંગતાને કારણે કશાકમાંથી બાકાત રાખવામાં આવે, ચૂપ કરી દેવામાં આવે કે કશુંક કામ કરતાં અટકાવવામાં આવે. જીવનનાં તમામ ક્ષેત્રોમાં આવું બની શકે છે.

**વાજબી વ્યવસ્થા:** વિકલાંગતા ધરાવતી વ્યક્તિને તે જ્યાં રહે છે અથવા કામ કરે છે ત્યાં કેટલાક ફેરફારોની જરૂર લાગે છે કે જેથી તેઓ તેમના અધિકારો ભોગવી શકે. જો એ ખૂબ જ ખર્ચાળ હોય અથવા મુશ્કેલ હોય તો કદાચ એ ફેરફારો ના પણ થાય.

**સાર્વત્રિક ડિઝાઈન:** વસ્તુઓ એવી રીતે બનાવવામાં આવે, કાર્યક્રમો એવી રીતે ઘડવામાં આવે અને સ્થાનો એવાં બનાવાય કે જેથી તેમનો ઉપયોગ બધા લોકો કરી શકે. ક્યારેક અમુક પ્રકારની વિકલાંગતા ધરાવતી કોઈક વ્યક્તિ કોઈક પરિસ્થિતિ અમુક રીતની જ જરૂરી હોય કે જેથી તે તેના અધિકારો ભોગવી શકે.

**કલમ-3: સામાન્ય સિદ્ધાંતો**

આ ઠરાવ નીચેના સામાન્ય સિદ્ધાંતો સ્વીકારે છે:

- ગૌરવ
- પસંદગી કરવાની ક્ષમતા
- સ્વતંત્રતા
- ભેદભાવવિહીનતા
- સહભાગિતા
- સંપૂર્ણ સમાવેશ
- તફાવત પ્રત્યે સન્માન
- વિકલાંગતાનો રોજિંદા જીવન તરીકે સ્વીકાર
- તકની સમાનતા
- પહોંચક્ષમતા
- સ્ત્રીઓ અને પુરુષો વચ્ચે સમાનતા
- બાળકો પ્રત્યે માન

**કલમ-4: સામાન્ય ફરજો**

1) ઠરાવ ઉપર સહી કરનારા દેશો એ બાબતની ખાતરી આપે છે કે તમામ માનવ અધિકારો વિકલાંગતાને કારણે ભેદભાવ વિના તમામ લોકોને લાગુ પડે તે જોશે. આ વચન પરિપૂર્ણ કરવા માટે તેઓ-

   (ક) આ ઠરાવમાં જણાવાયેલા અધિકારોને તેમના દેશનાં કાયદા, વ્યવહારો અને નીતિઓમાં મૂકશે.

   (ખ) તે માટે પગલાં લેશે. જેમ કે, નવા કાયદા અને નિયમો ઘડશે. જ્યાં જરૂરી હશે ત્યાં જૂના કાયદા અને નિયમો બદલશે અને વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ પ્રત્યે ભેદભાવ આચરતા કાયદા રદ કરશે અને એવાં પગલાં બંધ કરશે.

   (ગ) એ બાબત સુનિશ્ચિત કરશે કે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના માનવ અધિકારોનો સમાવેશ તમામ નીતિઓ અને કાર્યક્રમોમાં થાય.

   (ઘ) એવું કશું નહિ કરે કે જે આ ઠરાવને સમર્થન ન આપતું હોય અને એ જોશે કે અન્ય લોકો આ ઠરાવને માન આપે.

   (ચ) વ્યક્તિઓ, સંગઠનો અથવા ધંધા-ઉદ્યોગને વ્યક્તિની વિકલાંગતાને લીધે તેની સાથે ભેદભાવ ન કરવા માટે પગલાં લેવા કહેશે.

   (છ) એવી વસ્તુઓ, સેવાઓ, સાધનસામગ્રી અને સવલતોના ઉપયોગને પ્રોત્સાહન આપશે કે જેનો ઉપયોગ દુનિયાભરમાં તમામ વિકલાંગ લોકો કરી શકે અને તેમાં વ્યક્તિને શક્ય તેટલું ઓછું ખર્ચ થાય.

(જ) જીવનનાં તમામ પાસાંમાં એવી નવી ટેક્નોલોજીને પ્રોત્સાહન આપવા કાર્ય કરશે કે જે વિકલાંગતા ધરાવતા લોકો માટે ઉપયોગી હોય અને ખાસ કરીને ઓછી ખર્ચાળ હોય.

(ઝ) ટેક્નોલોજી સહિતની તમામ પ્રકારની સહાય અંગે માહિતી પૂરી પાડશે અને તે એવી રીતે પૂરી પડાશે કે જેથી વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ તે સમજી શકે.

(ટ) આ ઠરાવમાં દર્શાવાયેલા અધિકારો વિશે વિકલાંગ લોકો સાથે કામ કરનારા લોકોને તાલીમ આપશે અને તાલીમને પ્રોત્સાહન આપશે કે જેથી વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ સાથે તેઓ વધારે સારી રીતે કામ કરી શકે.

2) આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો માટે ઠરાવ ઉપર સહી કરનારા દેશો એવા કાયદાઓ અને નિયમો ઘડશે કે જે તેમનાં સંસાધનો સાથે સુમેળ સાધનારા હશે. જો જરૂર જણાય તો દેશો અન્ય દેશો સાથે આ માટે સહકાર પણ સાધશે. અન્ય તમામ અધિકારો તરત જ અમલમાં મૂકવાના છે.

3) કાયદો ઘડતી વખતે અને નિયમો બનાવતી વખતે દેશોએ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ સાથે વાતચીત કરવાની છે અને તેમને સામેલ કરવાના છે. વિકલાંગતા ધરાવતાં બાળકોને પણ સામેલ કરવાનાં છે અને એ કાર્ય તેમનાં સંગઠનો દ્વારા થશે.

4) જે કોઈ કાયદા અને નિયમો વિકલાંગતા ધરાવતા વ્યક્તિઓના અધિકારો માટે વધુ સારા હોય તેમને આ ઠરાવ વિપરીત રીતે અસર નહિ કરે. દેશોએ આ ઠરાવનું બહાનું બતાવીને જે માનવ અધિકારો અત્યારે અસ્તિત્વમાં છે તેમનું પાલન તેના હેઠળ થાય છે એવું કહેવાનું નથી.

5) આ ઠરાવ સમગ્ર દેશને લાગુ પડશે.

**કલમ-5: સમાનતા અને ભેદભાવવિહીનતા**

1) ઠરાવ પર સહી કરનારા દેશો એ મુદ્દે સંમત છે કે વિકલાંગતા ધરાવતી તમામ વ્યક્તિઓ કાયદા સમક્ષ સમાન છે અને કોઈ પણ જાતના ભેદભાવ વિના કાયદા દ્વારા તેઓ રક્ષિત છે.

2) સહી કરનારા દેશો એ બાબતે સંમત થાય છે કે વિકલાંગતાને કારણે ભેદભાવ થશે નહિ અને એવા ભેદભાવ સામે લોકોનું રક્ષણ કરાશે.

3) સહી કરનારા દેશો એવાં પગલાં લેશે કે જેથી એ સુનિશ્ચિત થાય કે વિકલાંગતા ધરાવતી વ્યક્તિને પોતાના અધિકારો ભોગવવા માટે જે પર્યાવરણ જરૂરી હોય તે મળે અને તેમાં જરૂરી ફેરફાર થાય.

4) સહી કરનારા દેશો દ્વારા વિકલાંગ લોકો માટે વિશેષ પગલાં લેવાશે અથવા વિકલાંગ લોકો બીજા લોકોની સમાન બને તે માટે જરૂરી પગલાં લેશે. આ પ્રકારનો વિશેષ વ્યવહાર વિકલાંગતા ન ધરાવતા લોકો પ્રત્યે ભેદભાવજનક છે એમ ન કહેવાય.

**કલમ-6: વિકલાંગતા ધરાવતી મહિલાઓ**

સહી કરનારા દેશો એ બાબતે સંમત થાય છે કે-

1) વિકલાંગતા ધરાવતી મહિલાઓ અને છોકરીઓ ભેદભાવના તમામ પ્રકારોનો સામનો કરે છે. ઠરાવ પર સહી કરનારા દેશો એ સુનિશ્ચિત કરશે કે છોકરીઓ અને મહિલાઓ સંપૂર્ણ અને સમાન માનવ અધિકારો અને સ્વતંત્ર્યો ભોગવે.
2) તેઓ મહિલાઓનાં સશક્તિકરણ અને વિકાસ માટે તથા વિકલાંગતા ધરાવતી મહિલાઓ અને છોકરીઓ તેમના અધિકારો ભોગવી શકે તે માટે પગલાં ભરશે.

**કલમ-7: વિકલાંગતા ધરાવતાં બાળકો**

ઠરાવ પર સહી કરનારા દેશો એ સુનિશ્ચિત કરશે કે-

1) વિકલાંગતા ધરાવતાં બાળકોને અન્ય બાળકો જેવા જ અધિકારો હોય અને તેઓ તે અધિકારો ભોગવે.
2) જ્યારે બાળકો સાથે સંબંધિત હોય એવું જે કંઈ બાળકો પોતે કરે તેને પ્રાથમિકતા આપવામાં આવે.
3) વિકલાંગતા ધરાવતાં બાળકોને તેમનો અભિપ્રાય વ્યક્ત કરવાનો અધિકાર હોય અને તેમના અભિપ્રાયને ધ્યાનમાં લેવામાં આવે તથા તેમને અભિપ્રાય વ્યક્ત કરવા માટે જે સહાય જરૂરી હોય તે તેમને પ્રાપ્ત થાય.

**કલમ-8: જાગૃતિ ઊભી કરવી**

1) ઠરાવ પર સહી કરનારા દેશો એ બાબતે સંમત થાય છે કે તેઓ વિના વિલંબે-
   (ક) પરિવારોને અને સમાજના લોકોને વિકલાંગતા ધરાવતા લોકોના પ્રશ્નો વિશે વધારે જાગૃત કરશે. વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અધિકારો અને ગૌરવને માન આપવામાં આવે તે જોશે.
   (ખ) વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ સામેના પૂર્વગ્રહો અને રાબેતા મુજબનાં વલણો સામે લડશે. (રાબેતા મુજબનાં વલણો એટલે કેટલાક લોકો વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ વિશે ખોટી માન્યતાઓ ધરાવે તે. આ માન્યતાઓ વિકલાંગ લોકો માટે નુકસાનકારક હોય છે અને તેનાથી તેમના પ્રત્યે ભેદભાવ આચરાય છે.)

(ગ) સમાજના લોકોને વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓની ક્ષમતાઓ વિશે જાગૃત કરશે અને તેઓ કેવી રીતે દેશના વિકાસમાં મદદરૂપ થાય છે તેના વિશે માહિતગાર કરશે.

2) ઠરાવ પર સહી કરનારા દેશો-

(ક) વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અધિકારો વિશે જાહેર ઝુંબેશ ચલાવશે કે જેમાં-

- વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને તમામ લોકો જેવા જ અધિકારો છે એ સમજાવવામાં આવશે.
- સમુદાયમાં જે વિકલાંગતા છે તેને પ્રકાશમાં લવાશે અને વિકલાંગતા વિશેની સમજ બદલવામાં આવશે.
- વિકલાંગતા ધરાવતા લોકો કેવી રીતે રોજગારીના સ્થળ પરનું પર્યાવરણ સુધારવામાં મદદ કરી શકે છે એ સમજાવવામાં આવશે.

(ખ) એ સુનિશ્ચિત કરશે કે શાળાઓ અને અધ્યાપનનાં અન્ય સ્થળોએ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અધિકારોને માન આપવામાં આવે.

(ગ) રેડિયો, ટીવી, અખબારો અને સામયિકોને વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના અધિકારોને પ્રોત્સાહન મળે તેવી તેમની છબી ઉપસે તે માટે પ્રયાસ કરે.

(ઘ) એવા તાલીમ કાર્યક્રમોને પ્રોત્સાહન અપાય કે જે વિકલાંગતા ધરાવતા લોકોના અધિકારો વિશે લોકોને જાગૃત થવામાં મદદ કરે.

**કલમ-9: પહોંચક્ષમતા**

1) ઠરાવ પર સહી કરનારા દેશો શહેરો અને ગામડાંઓમાં મકાનો અને ખુલ્લી જગ્યાઓ, પરિવહન, માહિતી અને સંચાર સેવાઓમાં વિકલાંગતા ધરાવતા લોકોને જે અવરોધો નડે છે તે દૂર કરશે. એ રીતે વિકલાંગતા ધરાવતા લોકો સ્વતંત્ર રીતે જીવી શકે અને સંપૂર્ણ જીવન જીવી શકે. ઠરાવ પર સહી કરનારા દેશો નીચેની બાબતો વિશે નિયમો બનાવશે અને તેમને વ્યવહારમાં મૂકશે:

(ક) મકાનો, રસ્તા, પરિવહન, મકાનની અંદરની અને બહારની વસ્તુઓ. દા.ત. શાળાઓ, ઘર, હોસ્પિટલો, આરોગ્ય કેન્દ્રો અને કામનાં સ્થળો.

(ખ) માહિતી, સંચાર અને અન્ય બાબતો જેવી કે, વીજાણુ સેવાઓ અને તત્કાલ સેવાઓ.

2) ઠરાવ પર સહી કરનારા દેશો નીચેની બાબતો વિશે પગલાં લેશે:

(ક) જાહેર જનતા માટે જે સ્થળો અને સેવાઓ ખુલ્લાં હોય તે માટે પહોંચ માટેનાં લઘુતમ ધોરણો ઘડાય, ત્યાં તે અમલમાં મૂકાય અને તેમના પર દેખરેખ રખાય.

(ખ) ખાનગી ઉદ્યોગ-ધંધાઓ અને સંગઠનો વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટે પહોંચક્ષમ બને તે જોવું.

(ગ) વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓની પહોંચક્ષમતા વધે તે માટૈ કામ કરનારા લોકોને તાલીમ આપવી.

(ઘ) જાહેર જનતા માટે ખુલ્લાં મકાનોમાં નિશાનીઓ હોય અને વાંચી તથા સમજી શકાય તેવી માહિતી લખેલી હોય.

(ચ) જાહેર મકાનોમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ આસાનીથી જઈ શકે તે માટે ત્યાં વાચકો, સાંકેતિક ભાષાનું અર્થઘટન કરનારા લોકો અને માર્ગદર્શકો હોય અને તે પ્રકારની મદદ પૂરી પાડવી.

(છ) અન્ય તમામ પ્રકારની મદદ પૂરી પાડવી કે જેથી વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને જરૂરી માહિતી પ્રાપ્ત થાય.

(જ) વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટેની નવી ટેક્નોલોજીને પ્રોત્સાહન આપવું.

(ઝ) જ્યારે નવી ટેક્નોલોજી શોધતા હોઈએ અને નવી ટેક્નોલોજીનું સર્જન કરવામાં આવે ત્યારે  તેમાં પહોંચક્ષમતાને ધ્યાનમાં લેવામાં આવે એ જરૂરી છે કે જેથી નવી ટેક્નોલોજી ઓછામાં ઓછા ખર્ચે પ્રાપ્ત થઈ શકે.

**કલમ-24: શિક્ષણ**

1) ઠરાવ ઉપર સહી કરનારા દેશો એ બાબતે સંમત છે કે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને શિક્ષણનો અધિકાર છે. તેઓ એ બાબત સુનિશ્ચિત કરશે કે શિક્ષણની વ્યવસ્થા તમામ સ્તરે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓનો સમાવેશ કરશે. ઉપરાંત શિક્ષણ વ્યવસ્થા:

   (ક) દરેક વ્યક્તિ પોતાની સુષુપ્ત શક્તિઓનો વિકાસ કરી શકે, આત્મગૌરવ અને આત્મસન્માન ધરાવી શકે તે માટે કામ કરશે અને માનવ અધિકાર, સ્વતંત્રતાઓ અને વૈવિધ્યને માન આપશે.

   (ખ) વ્યક્તિનું વ્યક્તિત્વ અને તેની પ્રતિભા સંપૂર્ણપણે વિકસે તે માટે કામ કરશે.

   (ગ) તમામ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓનો સમાજમાં સમાવેશ થઈ શકે તે માટે કામ કરશે.

2) આ કાર્ય કરવા માટે ઠરાવ ઉપર સહી કરનારા દેશો એ સુનિશ્ચિત કરશે કે-

   (ક) વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને તેમની વિકલાંગતાને કારણે શિક્ષણમાંથી બાકાત રાખવામાં ન આવે અને વિકલાંગતા ધરાવતાં બાળકોને તેમની વિકલાંગતાને કારણે મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણ અને માધ્યમિક શિક્ષણમાંથી બાકાત રાખવામાં ન આવે.

(ખ) વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ શિક્ષણની પસંદગી કરી શકે કે જે તેમને તેમના સમુદાયમાં પ્રાપ્ત થાય.

(ગ) વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ તેમને તેમના શિક્ષણમાં જે જરૂરી લાગે તે સહાય પ્રાપ્ત કરી શકે.

(ઘ) વિકલાંગતા ધરાવતા વિદ્યાર્થીઓને સહાય પૂરી પાડવામાં આવે કે જેથી તેમની જરૂરિયાતો પરિપૂર્ણ થાય.

3) વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને શાળાએ જવા માટે અને સમુદાયમાં જે સામાજિક કૌશલ્યો અને જીવન કૌશલ્યોની જરૂર છે તે શીખી શકે તે માટે ઠરાવ ઉપર સહી કરનારા દેશો પ્રયાસ કરશે. આ માટે તેઓ નીચેના મુદ્દાઓ ઉપર ધ્યાન આપશે:

(ક) વિકલાંગતા ધરાવતા વિદ્યાર્થીઓ બ્રેઈલ લિપિ અને પ્રત્યાયનની અન્ય રીતો શીખી શકે અને તેમને સાથીઓનો ટેકો પ્રાપ્ત થઈ શકે તેવી વ્યવસ્થા કરવી.

(ખ) સાંકેતિક ભાષામાં અધ્યાપન કરવું.

(ગ) અંધ બાળકો, બહેરાશ ધરાવતાં બાળકો તથા એ બંને પ્રકારની ખામી ધરાવતાં બાળકોને પ્રત્યાયનની યોગ્ય પદ્ધતિ દ્વારા શિક્ષણ આપવામાં આવે.

4) આ અધિકારો વ્યવહારમાં મૂકાય તે માટે ઠરાવ ઉપર સહી કરનારા દેશો વિકલાંગતા ધરાવતા શિક્ષકોને કામે રાખશે, બ્રેઈલ અને સાંકેતિક ભાષામાં લાયકાત ધરાવતા શિક્ષકોને કામે રાખશે અને વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને ગુણવત્તાવાળું શિક્ષણ પ્રાપ્ત થાય તે માટે તમામ સ્તરે શિક્ષકો અને સ્ટાફને તાલીમ આપશે.

5) ઠરાવ ઉપર સહી કરનારા દેશો એ જોશે કે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને વ્યાવસાયિક તાલીમ પ્રાપ્ત થાય, યુનિવર્સિટીઓમાં તેઓ શિક્ષણ લઈ શકે અને અન્ય લોકોની જેમ જ જીવનભરનું ભણતર પ્રાપ્ત કરી શકે અને તમામ લોકો માટે ખુલ્લું અને પહોંચક્ષમ કામનું વાતાવરણ પસંદ કરી શકે.

**કલમ-27: કામ અને રોજગારી**

1) આ ઠરાવ ઉપર સહી કરનારા દેશો એ બાબતે સંમત થાય છે કે વિકલાંગતા ધરાવતા લોકોને અન્ય લોકો જેવો જ કામનો અધિકાર છે. એનો અર્થ એવો થાય છે કે તેમને બધા લોકો માટે ખુલ્લું અને પહોંચક્ષમ હોય તેવા કામના પર્યાવરણને તેઓ પસંદ કરે છે અને તેમાંથી તેઓ પોતાની આજીવિકા રળવાનો અધિકાર ધરાવે છે. આ માટે ઠરાવ ઉપર સહી કરનારા દેશો નીચેની બાબતો માટે કાયદાઓ કરશે અને પગલાં લેશે:

(ક) તમામ પ્રકારની રોજગારીમાં અને તમામ પ્રકારની પરિસ્થિતિઓમાં વિકલાંગતાને કારણે થતા ભેદભાવને અટકાવશે. વિકલાંગતા ધરાવતી

વ્યક્તિઓને નોકરી આપવામાં, કામે રાખવામાં કે બઢતી આપવામાં ભેદભાવ કરવામાં આવે નહીં અને કામની સ્થિતિ સલામત અને તંદુરસ્ત હોય.

(ખ) વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના સમાન કામ માટે સમાન વેતન, સમાન તકો, સલામત અને તંદુરસ્ત એવી કામની સ્થિતિ અને ફરિયાદો કરવાની ક્ષમતાના અધિકારોનું રક્ષણ કરવામાં આવે.

(ગ) બીજી તમામ વ્યક્તિઓની જેમ જ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ સંગઠિત થઈ શકે અને મજૂર મંડળ બનાવી શકે.

(ઘ) વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને કારકિર્દી માટે સલાહ પ્રાપ્ત થાય અને વ્યાવસાયિક તાલીમ પ્રાપ્ત થાય.

(ચ) વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને રોજગારી શોધવામાં અને રોજગારી ચાલુ રાખવામાં મદદ કરવી તથા કારકિર્દીમાં પ્રગતિ સાધવા માટે મદદ કરવી.

(છ) સ્વ-રોજગારી, ધંધાકીય તકો અને નવા ધંધાઓ કે વ્યવસાયોને પ્રોત્સાહન આપવું.

(જ) સરકારમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને કામે રાખવી.

(ઝ) નોકરીદાતાઓને વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને કામે રાખવા માટે પ્રોત્સાહન આપવું અને તે માટે તેમને મદદ કરવી.

(ટ) વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટે કામનું સ્થળ યોગ્ય બની રહે અને ત્યાં તેમને જરૂરી છૂટછાટ આપવામાં આવે તે જોવું.

(ઠ) વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ શ્રમ બજારમાં કામનો અનુભવ પ્રાપ્ત કરી શકે તે જોવું.

(ડ) વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ જો કામ છોડી ગઈ હોય તો તેઓ કામમાં પાછા આવે તે માટે અને તેઓ તેમની નોકરીઓ ચાલુ રાખે તે માટે તેમના વ્યાવસાયિક પુનર્વસનને અને તે અંગેના કાર્યક્રમોને ટેકો આપવો.

2) ઠરાવ ઉપર સહી કરનારા દેશો એ બાબત સુનિશ્ચિત કરશે કે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને ગુલામ બનાવવામાં ન આવે. અન્ય તમામ વ્યક્તિઓને આપવામાં આવે છે તેમ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને વેઠ મજૂરીથી રક્ષણ આપવામાં આવે.

સ્રોતઃ http://ratifynow.org/un-convention/crpd-in-plain-language/

# અમારા વિશે...

ઉન્નતિ વિકાસ શિક્ષણ સંગઠન એક સ્વૈચ્છિક બિન-નફાકારક સંગઠન છે. 1990માં તેની નોંધણી સોસાયટીઝ રજિસ્ટ્રેશન ઍક્ટ1860 હેઠળ કરવામાં આવી હતી. તેનો મુખ્ય હેતુ સામાજિક સમાવેશ અને લોકશાહી શાસનને પ્રોત્સાહન આપવાનો છે કે જેથી આપણા સમાજના વંચિત વર્ગો મુખ્ય પ્રવાહના વિકાસ અને નિર્ણય પ્રક્રિયામાં અસરકારક રીતે ભાગીદાર થવા સક્ષમ બને.

ઉન્નતિ પશ્ચિમ ભારતમાં લોકમંડળો, બિન-સરકારી સંગઠનો, સ્થાનિક શાસનમાં ચૂંટાયેલાં પ્રતિનિધિઓ અને સરકાર સાથે કામ કરનારું એક મુદ્દા આધારિત વ્યૂહાત્મક શૈક્ષણિક ટેકો આપનારું સંગઠન છે. સહયોગી સંશોધન, જાહેર શિક્ષણ, હિમાયત, પ્રત્યક્ષ ક્ષેત્ર સ્તરીય એકત્રીકરણ અને વિવિધ હિતધારકો સાથે અમલ એ અમારા કાર્યનાં ચાવીરૂપ સાધનો છે. નાગરિકોના પાયાના અધિકારોનું જતન થાય તે પ્રકારનું નીતિવિષયક પર્યાવરણ સર્જાય ત્યાંથી માંડીને સ્થાનિક સ્તરે તે ઊભું થાય ત્યાં સુધીની અમારી દરમ્યાનગીરીઓ હોય છે. એમાં અમારાં સહભાગી સંગઠનોની તાકાત અને અસહાય લોકોની લડતોમાંથી અમે પ્રેરણા પ્રાપ્ત કરીએ છીએ. વર્તમાનમાં તમામ પ્રવૃત્તિઓ નીચે મુજબના કાર્યક્રમોની આસપાસ ગઠિત થાય છેઃ

**સામાજિક સમાવેશ અને સક્ષમતા**

આ પ્રયાસોમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છેઃ

- પશ્ચિમ રાજસ્થાનમાં સ્થાનિક બિન-સરકારી સંગઠનો અને લોકોનાં સંગઠનો દ્વારા ભેદભાવ સામે લડવા દલિતોને એકત્રિત અને સંગઠિત કરવામાં આવે છે;
- આંતરિક રીતે અને અમારાં સહભાગી સંગઠનો માટે તમામ સ્તરે સ્ત્રી-પુરુષના ભેદભાવના મુદ્દાને મુખ્ય પ્રવાહમાં લાવવા માટે શૈક્ષણિક ટેકો;
- વિકલાંગો સાથે કામ કરતી સંસ્થાઓ અને અન્ય નાગરિક સમાજનાં સંગઠનોને શૈક્ષણિક ટેકો પૂરો પાડીને વિકલાંગતાના મુદ્દાને મુખ્ય પ્રવાહમાં લાવવા માટે નાગરિકોના પ્રતિભાવને પ્રોત્સાહન આપવું;
- જીવનનિર્વાહને પ્રોત્સાહન આપવા માટે ગુજરાતમાં ભૂંકપથી અસરગ્રસ્ત મહિલાઓનાં હસ્તકલા આધારિત ઉત્પાદક જૂથોની રચનાને પ્રોત્સાહન આપવું.

**નાગરિક નેતૃત્વ અને શાસન**

અમે ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં જે પ્રવૃત્તિઓ હાથ ધરીએ છીએ તેમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છેઃ

- સામાજિક ન્યાય ઊભો થાય તે માટે પાયાની સેવાઓ ઉપર દેખરેખ રાખવા અને નિર્ણય પ્રક્રિયાના મંચમાં સહભાગિતા માટે સમુદાયોને પ્રોત્સાહિત કરવા;
- ખાસ કરીને ચૂંટાયેલાં મહિલા અને દલિત પ્રતિનિધિઓને સ્થાનિક શાસનની સંસ્થાઓમાં સુધારા દ્વારા ઉત્તરદાયિત્વને પ્રોત્સાહન મળે તે માટે ટેકો પૂરો પાડવો. વિકાસલક્ષી કાર્યક્રમોના સમતાપૂર્ણ અમલ માટે ક્ષમતાનિર્માણ, સહભાગી આયોજન અને સામાજિક અન્વેષણ વગેરે માટે ટેકો પૂરો પાડવામાં આવે છે;
- સહયોગી કાર્ય માટે ચૂંટાયેલાં મહિલા પ્રતિનિધિઓના મંડળ, સામાજિક ન્યાય સમિતિઓ અને ગ્રામ વિકાસ સમિતિઓ જેવી સંસ્થાઓને પ્રોત્સાહન આપવું અને મજબૂત કરવી.

**આપત્તિમાં જોખમના ઘટાડાના સામાજિક નિર્ણાયકો**

આપત્તિના જોખમના ઘટાડા માટે સમુદાય-આધારિત રીતોને પ્રોત્સાહન આપવા અમે ક્ષેત્રીય સ્તરે ચિરંતન અને ઓછી ખર્ચાળ નવતર બાબતોને અપનાવવા અને તે અંગે સંશોધન કરવા માટે સુલભકર્તા બનીએ છીએ. તે અંગેની પ્રવૃત્તિઓમાં વર્તમાન સામુદાયિક રીતો વિશે કાર્યલક્ષી સંશોધન, શ્રેષ્ઠ રીતોનું દસ્તાવેજીકરણ અને આપત્તિ પ્રતિભાવ નીતિઓ અને સંપુટ અંગે સંશોધન અને હિમાયતનો સમાવેશ થાય છે.

અમારા ક્ષેત્રીય અનુભવોમાંથી જે પદાર્થપાઠ પ્રાપ્ત થાય છે તે એકત્રિત કરીને જ્ઞાન સંસાધન કેન્દ્ર દ્વારા વ્યાપકપણે લોકોને ઉપલબ્ધ બનાવવા મુદ્રિત અને વીજાણુ સ્વરૂપે અમે પ્રસારિત કરીએ છીએ. અમે સામુદાયિક નેતાઓ અને ખાસ કરીને દલિતો તથા મહિલાઓ માટે એક અકાદમીનું નિર્માણ કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ કે જેથી તેઓ સ્થાનિક પ્રશ્નોનો અસરકારક રીતે સામનો કરી શકે.

**'સંયુક્ત રાષ્ટ્ર વિકલાંગતા ધરાવતી વ્યક્તિના અધિકાર અંગેના ઠરાવને ચરિતાર્થ કરવોઃ સમાવેશી રીતોમાંથી પદાર્થપાઠ'** નામનો આ અહેવાલ વિકલાંગતાના પ્રશ્નને મુખ્ય પ્રવાહમાં લાવવા માટે સમાવેશી રીતોના દસ્તાવેજીકરણ અને પ્રચાર-પ્રસારને પ્રોત્સાહન આપવાના હેતુથી તૈયાર કરવામાં આવ્યો છે. ગુજરાતી અને અંગ્રેજીમાં ડાઈસી ફોર્મેટમાં આ સંપૂર્ણ દસ્તાવેજની નકલો પ્રાપ્ય છે. બંને ભાષામાં બ્રેઈલ લિપિમાં તેનો સારાંશ પણ પ્રાપ્ય છે.


उन्नति

**UNNATI**
Organisation for Development Education

જી-1/200, આઝાદ સોસાયટી,
અમદાવાદ-380015
ફોનઃ 91 79 2674 6145/ 2673 3296
ઈમેલ: sie@unnati.org
વેબસાઈટ: www.unnati.org